ગુજરાતી માઇક્રોફિક્શનનું પહેલું અને એકમાત્ર સામયિક

# સર્જન

વર્ષ ૨, અંક ૯ | તંત્રી: જીજ્ઞેશ અધ્યારૂ | ઑક્ટોબર ૨૦૧૭



**एकोहम बहुस्याम् I**

**- છાંદોગ્ય ઉપનિષદ (૬.૨.૩)**

# સર્જન

અંક ૯ ઑક્ટોબર – ૨૦૧૭ વર્ષ ૨

માર્ગદર્શક – નીલમ દોશી

સંપાદક, તંત્રી – જીજ્ઞેશ અધ્યારૂ

સહસંપાદક – ગોપાલ ખેતાણી, ધવલ સોની

પ્રુફ રીડીંગ - સરલા સુતરિયા

ગ્રાફિક્સ, સોશિયલ મીડિયા – જલ્પા જૈન, હાર્દિક પંડ્યા, સંકેત વર્મા, હિરલ કોટડિયા

એડમિન સભ્યો– સંજય ગુંદલાવકર, મિત્તલ પટેલ, સોનિયા ઠક્કર, રાજુલ ભાનુશાલી, જીજ્ઞેશ કાનાબાર, આલોક ચટ્ટ, દિવ્યેશ સોડવડિયા, મીરા જોશી, નિલય પંડ્યા, મીનાક્ષી વખારિયા, એન્જલ ધોળકિયા અને ડૉ. હાર્દિક યાજ્ઞિક

પ્રકાશક – પ્રતિભા ભટ્ટ અધ્યારૂ

પ્રકાશન

અક્ષરનાદ AksharNaad.com

જીજ્ઞેશ અધ્યારૂ,
એ-૪૬, સાંઈનગર સોસાયટી,
ખોડીયાર નગર પાછળ, ન્યૂ વી આઈ પી રોડ,
વડોદરા ૨૨, ફોન - ૯૯૭૪૪ ૧૦૮૬૮
વેબ – http://aksharnaad.com

## વાચકમિત્રો / લેખકમિત્રોને સૂચના

- 'સર્જન' માત્ર માઈક્રોફિક્શન વાર્તાસ્વરૂપ માટેનું માસિક ઈ-સામયિક છે એ દર માસની પંદરમી તારીખે પ્રગટ થશે.
- નવોદિત રચનાકારોને અહીં હાર્દિક આવકાર છે. લેખકમિત્રો અમારા ઈ-મેલ સરનામે કૃતિઓ પ્રકાશનાર્થે મોકલી શકે છે.
- મહત્તમ ૩૦૦ શબ્દમર્યાદામાં કૃતિ મોકલવી, બે થી વધુ ન મોકલવી. અન્યત્રપ્રિન્ટ કે ઓનલાઈન પ્રકાશિત કૃતિઓ ન મોકલવી.
- સર્જન સામયિક અને વોટ્સએપ ગૃપ સાથે સંકળાયેલા તમામ સભ્યો સ્વેચ્છાએ માનદ સેવા આપે છે, એ અનુસંધાને પ્રકાશિત કૃતિ માટે પણ પુરસ્કારનું ધોરણ રાખ્યું નથી જેની નોંધ લેવી.
- કૃતિ વર્ડમાં શ્રુતિ ફોન્ટમાં ટાઈપ કરીને મોકલવી, સાથે ઈ-મેલમાં નામ, ફોટો, સંપર્ક સરનામું તથા ફોન નંબર અચૂક લખવા. હાથે લખાયેલી, સ્કેન કરાયેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, તેના નિર્ણય, પ્રકાશનમાં વિલંબ થશે. પોસ્ટ કે કૂરીયર દ્વારા રચનાઓ સ્વીકારાતી નથી.
- ઈ-મેલ દ્વારા માઈક્રોફિક્શન વાર્તા Sarjanmfc@gmail.com પર સબ્જેક્ટમાં For Sarjan Micro fiction magazine લખીને મોકલવી, મહત્તમ પંદર દિવસની મર્યાદામાં આપને કૃતિના સ્વીકાર-અસ્વીકાર વિશેની માહિતી વળતા ઈ-મેલ દ્વારા મળશે.
- સર્જનમાં પ્રસિદ્ધ થતા લખાણની જવાબદારી જે તે લેખકની છે, અહીં પ્રકાશિત રચનાઓ, અભિપ્રાયો સાથે સંપાદક મંડળ સંમત હોય એ જરૂરી નથી.
- માઈક્રોફિક્શનમાં વાક્યરચના, જોડણી વગેરેની ભૂલો ચકાસીને મોકલવી. એ માટે સાર્થ જોડણીકોશ કે નાનો કોશ અથવા ગુજરાતી લેક્સિકોનનું સ્પેલચેકર અથવા વિશાલભાઈ મોણપરાનું સરસ સ્પેલચેકર ઉપયોગમાં લઈ શકાય છે.
- આ અંકમાં આવેલા માઇક્રોફિક્શન પ્રતિભાવો ભરુચ ખાતે સર્જન અને કે.જે.ચોક્સી લાઈબ્રેરી દ્વારા આયોજીત માઇક્રોફિક્શન શિબિરમાંથી લેવામાં આવ્યા છે.
- વાચકમિત્રો પોતાના પ્રતિભાવો અમારા ઈ-મેલ સરનામે Sarjanmfc@gmail.com મોકલી શકે છે. નોંધપાત્ર પ્રતિભાવો સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

Title Page Photo credit: slalit via Visualhunt / CC BY-ND

# અર્પણ



शुभं करोतु कल्याणमारोग्यं धनसंपदा। शत्रुबुद्धिविनाशाय दीपज्योतिर्नमोऽस्तुते॥
दीपज्योतिः परब्रह्म दीपज्योतिर्जनार्दनः। दीपो हरतु मे पापं दीपज्योतिर्नमोऽस्तुते॥

# માઈક્રોક્રમ

તંત્રીલેખ : 'સર્જન'નો બીજો દિપોત્સવી અંક - જીજ્ઞેશ અધ્યારૂ ........ 5

૧. ફાનસ – ભારતીબેન ગોહિલ ........ 8

૨. આબરૂ – ધવલ સોની ........ 9

૩. સિનજર કી રાતેં – ગોપાલ ખેતાણી ........ 9

૪. ઓઢણી – મિત્તલ પટેલ ........ 10

૫. મુક્તિ જ સાચી ભક્તિ – ડૉ. નિલય પંડ્યા ........ 10

કાફ્કાની ફેબલનો અનુવાદ - આસ્વાદ – મીનાક્ષી વખારિયા, સંકેત વર્મા ........ 11

૬. વિકલાંગ કોણ? – રેખા સોલંકી ........ 13

૭. હાજીપીરનો હુકમ – શૈલેષ પંડ્યા ........ 13

૮. અજ્ઞાત પ્રેમ – મીરા જોશી ........ 14

૯. માણહ જાત! – સ્વાતિ શાહ ........ 15

૧૦. જીવતેજીવ – વિભાવન મહેતા ........ 15

માઇક્રોફિક્શન અને શોર્ટફિલ્મ વચ્ચેનો સેતુ – શ્રી અભિષેક જૈન સાથે ગોષ્ઠી ........ 16

૧૧. એક્ટિવામાં ટ્રેક્ટરનું ટાયર – ધર્મેશ ગાંધી ........ 20

૧૨. ગરમાળો – નીવારોઝીન રાજકુમાર ........ 21

૧૩. બહારવટું – હેતલ પરમાર ........ 21

૧૪. પ્રકરણ – સંજય ગુંદલાવકર ........ 22

૧૫. કમનસીબ ક્ષણ – સરલા સુતરિયા ........ 22

એન્ની મેકમોહનની માઇક્રોફિક્શનનો અનુવાદ - આસ્વાદ - ધર્મેશ ગાંધી, સોનિયા ઠક્કર ........ 23

૧૬. બળાપો – જાહ્નવી અંતાણી ........ 27

૧૭. કળિયુગ – હિરલ કોટડીયા ........ 27

૧૮. સણકો – નિમિષ વોરા ........ 28

૧૯. પ્રત્યાઘાત – પ્રીતિ ભટ્ટ ........ 28

૨૦. બદલો – સમીક્ષા ઠુંમ્મર ........ 29

માઇક્રોફિક્શન અને લઘુકથા : ભેદ અને સમાનતા – નીલમ દોશી, જીજ્ઞેશ અધ્યારૂ ........ 30

૨૧. ઈશ્વર કૃપા – પાર્મી દેસાઈ ....32

૨૨. નો છાપુ, નો ટી.વી. – નીલમ દોશી....33

૨૩. પિરિયડ એટલે? – સંકેત વર્મા....33

૨૪. પોતપોતાનું સત્ય – જીજ્ઞેશ અધ્યારૂ....34

૨૫. દિવાળી – ડૉ. હાર્દિક યાજ્ઞિક....35

મારા મતે માઇક્રોફિક્શન.. – સંકેત વર્મા....35

૨૬. પતંગિયું - સોનિયા ઠક્કર....45

૨૭. સંસાર – દિવ્યેશ વિ. સોડવડિયા....46

૨૮. ચહેરો – નિમિષ વોરા....46

૨૯. મૌન સંવાદ – ઝીલ ગઢવી....47

૩૦. ગંજીપો – સંજય થોરાત....47

માઇક્રોફિક્શન અને અછાંદસ વચ્ચેનો સેતુબંધ – હેમલ દવે....48

૩૧. ઑફબીટ – એન્જલ ધોળકિયા....50

૩૨. ફોરેન બોડી - હેલી વોરા....51

૩૩. ઈજ્જત - પંકજ નાદીયા....51

૩૪. ચોરી બુરી બલા હૈ.. - દર્શન ગાંધી....52

૩૫. યાત્રા - અનુજ સોલંકી....52

મારી દ્રષ્ટિએ માઇક્રોફિક્શન : કાંકરી પરનું શિલ્પકામ - એન્જલ ધોળકિયા....53

સર્જન આઠમા અંકનું વિહંગાવલોકન - અજય ઓઝા....55

## તંત્રીલેખ : 'સર્જન'નો બીજો દિપોત્સવી અંક - જીજ્ઞેશ અધ્યારૂ

*सुमन्त्रिते सुविक्रान्ते सुकृते सुविचारिते ।*

*सिध्यन्त्यर्था महाबाहो दैवं चात्र प्रदक्षिणम् ॥*

*- आरण्यकपर्वम्, महाभारत*

'સર્જન' ગ્રૂપ આજે તેના અસ્તિત્વના બીજા દિપોત્સવીને આંગણે આવીને ઉભુ છે ત્યારે માઇક્રોફિક્શનના કારણે એકબીજા સાથે જોડાયેલા અને આજે અંગત ઉપલબ્ધિઓ, આશા - નિરાશા, મંતવ્યો અને વિચારોને અભિવ્યક્ત કરતા, એકબીજાના મતને પૂરેપૂરું સન્માન આપતા અને તંદુરસ્ત ચર્ચા કરતા મિત્રોનો મેળાવડો બની રહ્યો છે એ વાતનો અતિશય આનંદ છે. દર અઠવાડીયે આવતી નવી થીમ, નવા પ્રોમ્પ્ટ, સમયાંતરે થતા મેળાવડા અને એક પછી એક ઉપલબ્ધિઓની સફરમાં સતત સર્જનાત્મક અભિગમ રાખી, વિવાદોથી દૂર રહી, એકબીજાને સુધારતા, મઠારતા રહીને લેખનરત રહેતા મિત્રો દોઢ વર્ષ પહેલા એકબીજાનું નામ પણ ભાગ્યે જ જાણતા હતા એ કોણ માની શકે? સાહિત્યનો એક તદ્દન નવો પ્રકાર આટલા બધા સાહિત્ય સિવાયના ક્ષેત્રોમાં વ્યવસાયરત લોકોને વોટ્સએપ જેવા આજના ટેક્લોનોજીના આશિર્વાદે સર્જનનો અનેરો અવસર આપે છે.

સાહિત્ય સતત ઝરણાથી નદી અને એમાંથી સાગર તરફના પ્રવાસનું પ્રતીક છે. સાહિત્યના અનેક સ્વરૂપો આખરે તો એ સર્જનાત્મકતાના સાગરમાં જ સર્વેને દોરી જાય છે. જીવનના ક્યારેક ખૂબ વિશાળ અને ક્યારેક અતિશય ઉંડા એવા અર્થ તરફનો સાહિત્યના માધ્યમે થતો પ્રવાસ આખરે શબ્દબ્રહ્મને પામવાનો જ પ્રયાસ છે. સાહિત્ય જીવનની વૈતરણીને પસાર કરવાનો માર્ગ છે, 'સર્જન'નો સાહિત્યના અનેકવિધ સ્વરૂપોની જેમ, નદીમાં મળતા ઝરાઓની માફક માઇક્રોફિક્શનના માધ્યમે, શબ્દબ્રહ્મ સુધી પહોંચવાનો માર્ગ શોધતા મુસાફર જેવો પ્રવાસ છે. અનેક સહયાત્રીઓના ઉત્સાહ, પ્રેરણા અને સ્નેહ પ્રવાસને વધુ આનંદદાયક અને સંતોષપ્રદ બનાવે છે, પણ અહીં મજા સફરની છે.

સર્જનના પહેલા પ્રોમ્પ્ટ, ***'પણ ભવિષ્ય જોઈને શું ફાયદો? એ તને મળશે એની ખાત્રી છે?'***થી શરૂ થયેલી માઇક્રોફિક્શન યાત્રાના આજે દોઢ વર્ષના પડાવે, ભવિષ્ય જોયાનો ફાયદો જરુર થયો છે, બધા મિત્રોને વત્તે ઓછો અંશે માઇક્રોફિક્શન મળી છે. પ્રોમ્પ્ટ કે થીમ અપાયા પછીનો સમય વિચારબીજનો, એની અનેક શક્યતાઓને શોધવાનો, સમજવાનો સમય હોય છે, શબ્દગર્ભના અંધકારમાંથી પ્રગટતો એ વિચાર એક તદ્દન નવા ઉર્જાસંચાર, એક તદ્દન નવી રચનાના પ્રાગટ્યની ક્ષણ આપે છે. સામાજિક નિસ્બતની વાત હોય કે તદ્દન કાલ્પનિક વિશ્વની સફર હોય, ભયાનક રસનો રુંવાડા ઉભા કરી દેતો અનુભવ હોય કે હાસ્યરસનો તદ્દન હળવો અર્થસભર અનુભવ હોય, માઇક્રોફિક્શન નવરસના દરેક પ્રકારને સ્પર્શે છે, સ્પર્શી શકે એવા પ્રયત્ન થાય છે અને એનું નિખાલસ અને સ્પષ્ટ વિવેચન થાય છે. સર્જકને જો યોગ્ય લાગે તો એ જરૂરી ફેરફાર કરીને માઇક્રોફિક્શનને મઠારે છે અને અંતે એ ગ્રૂપના

ભંડારમાં પ્રકાશન માટે તૈયાર રહે છે. સર્જનની કાર્યપદ્ધતિનો કદાચ સૌથી મોટો ફાયદો એ છે કે અહીં રચનાની વ્યક્તિકેન્દ્રી નહીં પણ ગુણવત્તાકેન્દ્રી પસંદગી હોય છે.

'સર્જન' એકબીજાથી તદ્દન અજાણ્યા લોકોનો સમૂહ હતો, હવે અનેક મુલાકાતો, મેળાવડા તથા અંગત સંપર્કને લીધે બધા એકબીજાથી ઠીકઠીક પરિચિત થયા છે, પણ તે છતાંય મતભેદો તો છે જ. કુટુંબમાં બધા સભ્યોના મત પણ જો એક ન થતા હોય તો આ તો સર્જકોનો સમૂહ. પણ મતભેદ ઉછરીને મનભેદ ન થઈ જાય એનું ધ્યાન રાખવાનો પ્રયત્ન અમે બહુધા કર્યો છે. સર્જનની નિયમિતતા સાથે કદમતાલ ન મિલાવી શકનાર કે અન્ય વોટ્સએપ ગ્રૂપની જેમ ફક્ત આતુરતા સંતોષવા અહીં જોડાતા મિત્રોને નિરાશા જ હાથ લાગે છે, કારણકે 'સર્જન' પોતાના નિયમોમાં પ્રથમ દિવસથી જ સ્પષ્ટ છે. છતાંય પહેલા દિવસથી જોડાયેલા અને આજ સુધી સભ્ય એવા અનેક મિત્રો અહીં સતત સાથ આપે છે, અંગત મુશ્કેલીઓ વચ્ચે પણ સર્જનને અને પોતાની સર્જનાત્મકતાને વળગી રહેનારા આવા મિત્રો જ સર્જનના પાયાની ઈંટ છે. આ પાયો મજબૂત છે, અને એની ઉપર ઉભી થઈ રહેલી ઈમારત પણ એટલી જ મજબૂત થઈ રહી છે એ વાતનો શાહેદી 'સર્જન'નો આ નવમો અંક પૂરે છે. ગત વર્ષમાં સર્જને ઘણું મેળવ્યું છે, ઘણું ગુમાવ્યું છે, ઘણું શીખ્યું છે અને ઘણું 'અન્લર્ન' પણ કર્યું છે. સફરની, તેના દરેક પડાવની, દરેક માઈલસ્ટૉનની મજા અમે લઈએ છીએ. તણાવગ્રસ્ત વ્યવસાયિક જીવનમાં સર્જન મારા જેવા અનેક મિત્રો માટે 'હાશ'નો ઓટલો બનીને ઉભું છે, અને અન્ય કોઈ ઉપલબ્ધિ ધ્યાને ન લઈએ તો આ એક કારણ પણ સર્જનના સાતત્યસભર પ્રવાસમાં જોડાવા માટે પૂરતું છે.

ગત વર્ષે સર્જન અનેક પ્રિન્ટ સામયિકોમાં તેના સર્જનોના માધ્યમે ચમક્યું, ગુજરાત લિટરેચર ફેસ્ટિવલમાં માઇક્રોફિક્શન વર્કશૉપ અને ખુલ્લા મંચ પર માઇક્રોફિક્શનની ચર્ચા જેવા બબ્બે કાર્યક્રમોમાં ભાગ લેવાનો અવસર મળ્યો, અમદાવાદ બુકફેરમાં સર્જનના પ્રથમ પુસ્તક 'માઈક્રોસર્જન ૧'નું લોકાર્પણ શ્રી દોલતભાઈ ભટ્ટ, શ્રી રાઘવજીભાઈ માધડ અને શ્રી રજનીકુમાર પંડ્યાના આશિર્વાદ સાથે મહિપતરામ રૂપરામ આશ્રમની બાળાઓના હસ્તે વિમોચન થયું. વર્ષમાં લગભગ દરેક મહીને સર્જનમિત્રોના અનેકવિધ શહેરોમાં મેળાવડા થયા, ભરૂચમાં સૌપ્રથમ વખત ફક્ત માઇક્રોફિક્શનની શિબિર કરી. સ્નેહ, સર્જનાત્મકતા અને ખુલ્લા હ્રદયે પોતાની રચનાને માટે વિવેચન સ્વીકારતા મિત્રો સાથે આટલા સુંદર કાર્યક્રમો કરવા મળ્યા એથી વધુ ઈશ્વર પાસે શું માંગવું? સર્જનના સર્વે સ્નેહાળ મિત્રો, સતત પ્રેરણા અને પ્રોત્સાહન આપતા શુભેચ્છક વડીલ સાહિત્યકારો, પ્રશ્નો અને નિતનવા વિચારોને સતત સહન કરતા અને ઉત્તર આપતા અનેક અંગ્રેજી માઇક્રોફિક્શન લેખકો, સતત પડખે ઉભા રહેનાર યુવા લેખક મિત્રો - આજના આ દિપોત્સવીના પ્રસંગે સર્વેનો નતમસ્તક આભાર માનવાની આ તક ઝડપી લઉં છું. ઈતિહાસમાં 'સર્જન'નું નામ લખાય કે ન લખાય, આપના વાત્સલ્ય અને ઉષ્માસભર પ્રતિભાવો અમારા હૈયામાં સ્વર્ણાક્ષરે અંકિત રહેશે જ!

પ્રસ્તુત અંકથી સર્જન સામયિકના માળખામાં થોડો ફેરફાર કરીએ છીએ. હવેથી માઇક્રોફિક્શનની સાથે સાથે અમારી એ અંગેની સમજણ, વિચારો, સંદર્ભોમાંથી કાઢેલા તારણો, માઇક્રોફિક્શન સ્વરૂપની વાર્તાના અન્ય સ્વરૂપો સાથે સરખામણી અને તેમની સમાનતા તથા ભેદ વગેરે પણ વિગતે મૂકવાનો અને એ અંગે ચર્ચા શરૂ કરવાનો પ્રયત્ન થશે. પ્રસ્તુત અંકમાં જાણીતા ગુજરાતી ફિલ્મકાર દિગ્દર્શક શ્રી અભિષેક જૈનની મુલાકાત પ્રસ્તુત કરી છે જેમાં અમે તેમના

માઇક્રોફિક્શન તથા શૉર્ટફિલ્મ અંગેના વિચારો જાણવાઓ પ્રયત્ન કર્યો છે. સર્જનના જ મિત્રોની માઇક્રોફિક્શન અંગેની સમજણ વિશેના વિવેચનાત્મક લેખ, મારો તથા શ્રી નીલમબેન દોશીનો માઇક્રોફિક્શન અને લઘુકથા વચ્ચેની સમાનતા તથા તફાવતને શોધવાના યત્નરૂપ લેખ તથા કેટલીક જાણીતી અંગ્રેજી માઇક્રોફિક્શનના સર્જન મિત્રોએ કરાવેલા અનુવાદ-આસ્વાદ પણ મૂક્યા છે. આગામી અંકોમાં પણ પ્રસ્તુત થતી સામગ્રીને વધુ સાતત્યપૂર્ણ અને વિવેચનાત્મક બનાવવાનો સભાન પ્રયત્ન રહેશે. વાચકોની અનેક માઇક્રોફિક્શન પણ સામયિક માટે મળે છે, પણ ઘણી વખત એ માઇક્રોફિક્શન તો દૂર, વાર્તા પણ નથી હોતી. તેમને વિનંતિ કે સર્જનના અંકોમાં પ્રસ્તુત માઇક્રોફિક્શન વિશેના લેખ વાંચે, અને લેખનને એ માળખામાં વધુ ચોકસાઈપૂર્વક અને સ્વરૂપગત વિશેષતાઓ સહ પ્રસ્તુત કરે.

'સર્જન'નો ભવિષ્યનો રાહ પણ સ્પષ્ટપણે અમારા માનસમાં અંકિત છે. 'માઇક્રોસર્જન-૧'ની ૩૦૦ પ્રત છપાવી હતી, જે તરત જ પૂરી થઈ ગઈ. ત્યારબાદ અનેકોને મોકલવાની હોવા છતાં અને અનેક મિત્રોની ખરીદવાની ઈચ્છા છતાં એ પુન:મુદ્રણમાં અમારી અક્ષમતાને લઈને ઉપલબ્ધ નહોતી, હવે એ પૂરતી પ્રત સાથે ઉપલબ્ધ છે અને દિવાળી પછી લગભગ બધા જ નોંધપાત્ર બુકસ્ટોર્સ અને ઓનલાઈન વેચાણકેન્દ્રો પર મળતી થઈ જશે. 'માઈક્રોસર્જન-૨'નું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે અને જાન્યુઆરીની આસપાસ તેને પણ પ્રકાશિત કરી માઇક્રોફિક્શનના ચાહકો સુધી પહોંચાડવાનો અમારો ધ્યેય છે. આ ઉપરાંત ફક્ત માઇક્રોફિક્શનની એક સાહિત્ય સ્વરૂપ તરીકેની વાત કહેતી, તેને વાર્તાના અન્ય સ્વરુપો સાથે સમાનતા અને ભેદ સ્પષ્ટ કરતી એક પુસ્તિકા પ્રકાશિત કરવાનું ધ્યેય છે. સર્જનમિત્રો આ માટે સતત અનેકવિધ અંગ્રેજી તથા ગુજરાતી પુસ્તકો, પેપર્સ અને થિસિસનો અભ્યાસ કરી રહ્યાં છે, પણ એ માટે અમે કોઈ સમયરેખા નક્કી કરી શક્યા નથી. આ ઉપરાંત અનેકવિધ રીતે 'સર્જન' અહીં લખાયેલી માઇક્રોફિક્શનના પ્રકાશન, પ્રસારણ માટે અત્યારે પ્રયત્નશીલ છે. આવનારા થોડાક જ દિવસોમાં આ પ્રયત્નોના પરિણામ સૌની સમક્ષ આવશે. પ્રિન્ટ માધ્યમોમાં તો સર્જન સતત ચમકી રહ્યું છે જ, એ સિવાય પણ અન્ય માધ્યમોમાં એ આવવાની તૈયારી કરી રહ્યું છે. આગળ ઈશ્વરેચ્છા બલિયસી..

૨૦૧૦માં મેં અને ડૉ. હાર્દિક યાજ્ઞિકે માઇક્રોફિક્શન સમજવા અને સર્જવાનો જે પ્રવાસ આરંભ્યો હતો એ માર્ગે હવે આખો કાફલો ચાલી નીકળ્યો છે. કાલે કદાચ અમે હોઈએ કે ન હોઈએ, આ પ્રવાસ તો સતત ચાલતો જ રહેવાનો એ ચોક્કસ. 'સર્જન'ના એકેએક સાથીઓ પોતે આ સફર ખેડવા અને માર્ગ પ્રશસ્ત કરવા સક્ષમ છે, તેઓ અમારા મોહતાજ નથી. સાહિત્યના આ સ્વરૂપનો કેડી જેવો સાંકડો અને કાંટાળો રસ્તો આગળ જતાં રાજમાર્ગ બનશે જ, સફરમાંથી ભટકતા ઘણાંયની ભ્રામક માન્યતાઓ તૂટશે અને તેમને પણ ફક્ત મંઝિલને પામવાને બદલે સફરની મજા લેવાનું મન થશે. ઈશ્વર સતત સર્વેને સર્જનરત રાખે, જ્ઞાનનો પ્રકાશ સદાય તેમની આસપાસ ફેલાતો રહે એ જ પ્રાર્થના.

દિવાળી એટલે ઉત્સાહનો અને ઉત્સવનો સમય, સરસ્વતી, લક્ષ્મી અને પ્રકાશના પૂજનનું પર્વ. દીપપૂજનને આપણે ત્યાં પ્રકાશના અંધકાર પરના વિજયના પર્વ તરીકે, સત્યના અસત્ય પરના વિજય તરીકે ઉજવાય છે. તમસો મા જ્યોતિર્ગમયની આપણી સંસ્કૃતિ મનના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી જ્ઞાનનો અને સમજણનો પ્રકાશ ફેલાય એ

માટેની પ્રાર્થના કરે છે. નૈતિક અને આધ્યાત્મિક જ્ઞાનની લક્ષ્મી આપણા જીવનને સતત સમૃદ્ધ રાખે એવી ઈશ્વરના શ્રીચરણોમાં પ્રાર્થના સાથે સૌને દિપોત્સવીનો આ ઉત્સવ ખૂબ મુબારક અને નવા વર્ષના સાલ મુબારક..

सत्याधारस्तपस्तैलं दयावर्तिः क्षमाशिखा।

अंधकारे प्रवेष्टव्ये दीपो यत्नेन वार्यताम्॥

(જ્યારે ગાઢ અંધકાર હોય, તોફાની પવન ફૂંકાઈ રહ્યો હોય ત્યારે આપણે સત્યનો દીવો પ્રગટાવીએ, તેમાં તપનું તેલ હોય, દયાની વાટ હોય અને ક્ષમાનું તેજ હોય, સમાજમાં ફેલાયેલા અંધકારને નષ્ટ કરવા આવા જ દીપ પ્રગટાવવાની જરૂર છે.)

- જીજ્ઞેશ અધ્યારૂ

## ૧. ફાનસ – ભારતીબેન ગોહિલ

ઘડિયાળનો કાંટો ચાર પર પહોંચતાની સાથે જ મોહનલાલ ઊઠ્યા. રાત્રે જ તૈયાર કરી રાખેલ ફાનસ હાથમાં લીધું ને નીકળી પડ્યા.

વર્ષોથી પોતાના હાથે જ  ખોલ-બંધ કરેલ ફાટક જે હવે ઓટોમેટિક થયેલ હતું તેના પર હાથ મૂક્યો. ટ્રેન આવી પહોંચી. ટ્રેનનો લય-તાલ, ગંધ-સુગંધ, ભીડ-ખાલીપો કંઈ કેટલુંય શ્વાસમાં ભરી લીધું. ટ્રેન પસાર થઈ ગઈ. ને તે એકલા ઘડીક ઊભા રહ્યા. કોઈ ચહલપહલ ન જણાતા ચાલતા થયા.

ઘરમાં વાતચીત થઈ રહી હતી. વરસાદના દિવસો આવી રહ્યા છે. બાપુજી રોજ આમ કહ્યા વગર નીકળી જશે તો?

બસ- પછી તો એક મજબૂત દરવાજો મૂકાઈ ગયો ને રાત્રે તેને તાળું. એક દિવસ, બીજો દિવસ ને ત્રીજો દિવસ. મોહનલાલ ઊઠે...હાથમાં ફાનસ લે ને દરવાજા સુધી જાય. નિરાશ થઈ પાછા સૂઈ જાય..બંધ દરવાજો ને બંધ ફાટક તેને માટે આકરા બંધન સમાન!

ચોથે દિવસે એ બધાં બંધન તોડી લાંબી સફરે  નીકળી જ ગયા.

પરિવારજનોને ખિસ્સામાંથી એક ફોટો ને દીકરાને સંબોધીને  લખેલી ચિઠ્ઠી મળ્યા.

'બેટા! વીસ વરસ પહેલા આવેલી ટ્રેનમાંથી તું એકલો ઊતરી ગયેલો. મને થાય કે કદાચ કોઈ શોધતું આવે એ ફાટકે. એટલે...'

હજી પેલું ફાનસ રોજ ફાટકે જાય છે...પણ ઉપાડનારા હાથ મોહનલાલના નથી!

## ૨. આબરુ – ધવલ સોની

સરપંચ ભવાનીસિંહે મૂછે તાવ દીધો એ જોઈને અમરસિંહ આછેરું મલકી ઉઠ્યો.

ગામના ચોરે શ્યામલી પથ્થરોના ઢગલા વચ્ચે છેલ્લા શ્વાસ ગણી રહી હતી. મધ્યપ્રદેશના આ અંતરિયાળ ગામના આદિવાસી લોકોને મન માણસના જીવ કરતાં ગામની આબરૂનું વધારે મહત્વ હતું.

પૂર્વજોના જમાનાથી દુશ્મન રહેલા પડોશી ગામના અશોક સાથે શ્યામલીની પ્રેમની બાતમી મળતાં અડધીરાતે આખું ગામ ભડકે બળ્યું હતું.

અમરસિંહે અશોકનું મૃત શરીર ફેંક્યુ અને ગામલોકો શ્યામલી પર પથ્થરો લઈ તૂટી વળ્યા, બસ એ જ રીતે જેમ થોડીવાર પહેલા...

ગામવાસીઓ પર ફરી રહેલી શ્યામલીની આંખમાં પીડાએ છેલ્લી હાજરી આપી અને અમરસિંહનું અકળ સ્મિત વધુ રહસ્યમય બનતું ગયું.

## ૩. સિનજર કી રાતેં – ગોપાલ ખેતાણી

ઇ.સ. ૨૦૬૫ની સર્વોત્તમ ઈરાકી આત્મકથાનક ‘સિનજર કી રાતેં’માં સમીરા ધ્યાનમગ્ન બની ગઈ હતી.

“બેટા સમીરા, જમી લે દીકરા!” ધ્રુજતા અવાજે કહ્યું.

“સમીરા, શું થયું છે? બે દિવસથી તું ખાતી નથી, જો નાનીમા પણ ચિંતા કરે છે.”

વિચારે ચડેલી સમીરા બોલી, “આ ખરેખર સાચું છે? આધુનિક જમાનામાં આવી ઘટના? નાનીમા, મોમ, સિનજરમાં આટલી ક્રુર ઘટનાઓ ઘટી, એક સ્ત્રી સાત વાર વેચાઈ અને તેના પર..” આંસુ ધસી આવતાં અવાજ રુંધાઈ ગયો.

ટેબલ પર ભેંકાર શાંતી પીરસાઈ. ધ્રુજતો અવાજ ફરી ધ્રુજ્યો, “ત્રણ દિવસથી ભૂખી માને એના એક વર્ષના બાળકનું માંસ પીરસાયું હતું. અને પેલી યઝીદ સ્ત્રી પર સાડત્રીસ વખત..”

સમીરા હેબતાઈ ગઈ, ”આટલું ભયાનક?”

“ભયાનક? આ બધાંથી પણ ભયાનક હતી અમારી હયાતી. લાલિશનું પવિત્ર સરોવર કૃપા રાખે!” ટેબલ પર એક મેડલ રાખી ધ્રુજતો અવાજ ઉભો થયો. મેડલ પર અંકિત હતું, “સિનજર કી રાતેં, યઝીદ નૂર મોહમ્મદ!”

## ૪. ઓઢણી – મિત્તલ પટેલ

એનો ચહેરો જાણે ફૂલ ગુલાબી. દાદર ઊતરતાં એના પગની લયબદ્ધ થાપો જાણે સંગીતની સૂરાવલી રેલાવતી હતી. એને જોતા જ મોહિતને પ્રથમ નજરવાળો પ્રેમ થઈ ગયો. એની ઝાંખા ગુલાબી રંગની લહેરાતી ઓઢણી મોહિતની ઘડિયાળની કડીમાં ભેરવાઈ ગઈ. ગળા પાસે હલકો ઝાટકો અનુભવતા એ અટકી. ધીમેથી પાછળ ફરીને જોયું. મોહિતની આંખમાં આંખ પરોવી એણે હાથ પકડ્યો. ધીમાં ધીમાં મંદ પવનમાં લહેરાતાં કેશ અને મીઠા સંગીત સાથે બંને એકબીજાને અવિરત જોતા જ રહ્યાં... ક્યાંય સુધી..

“મમ્મી, આ લોકો ક્યારના એકબીજાને કેમ જોયા કરે છે? એ લોકો શું કરે છે?”

“ખબર નહિ બેટા, મારી ઓઢણી તો ક્યારેય નથી ભેરવાઈ.” કહી મેં ચેનલ બદલી નાખી.

## ૫. મુક્તિ જ સાચી ભક્તિ – ડૉ. નિલય પંડ્યા

“મુલાયમ પણ ગંદા પાટિયાંથી પાર્ટીશન પાડીને બનાવેલી ચાર ઓરડીઓ. આખો દિવસ દુર્ગંધ અને આ વિચિત્ર પ્રવાહીનાં હડસેલાં! શું આમાં જ આપણે આખી જીંદગી સડવું પડશે મોટા ભાઈ?"

"બહાર કંઈક ખળભળાટ થતો લાગે છે. ચાલ નાનકા, તારી ભાભીનો હાથ પકડજે." ત્રણે જણા અંધારી ઓરડીઓ અને બે - ત્રણ ગટરની પાઇપ લાઇન જેવી ભૂંગળીઓ વટાવીને દોડ્યા! ખરેખર કંઈક ચીરાવાનો અવાજ આવતો હતો. ત્રણેનાં ચહેરા પર એક સ્મિત ફરક્યું. આ વખતે તો અહીંથી ભાગી છુટવામાં સફળતા મળશે જ, એ વિશ્વાસ સાથે ત્રણે આગળ વધ્યા.

હા, એ મુખ્ય દિવાલ ચીરાઈ રહી હતી. ધીમે ધીમે ફાટ મોટી થઈ રહી હતી. પોતાની મુક્તિની ચાડી ખાતો સૂર્યપ્રકાશ પણ આ અંધારિયા ખૂણાઓને પ્રકાશી રહ્યો હતો! ત્રણે જણાં ખૂલ્લી થયેલી ફાટની નજીક પહોંચ્યા. કૂદવાની તૈયારીમાં જ હતાં કે અચાનક એક વિકરાળ પંજાનાં આંગળાઓએ નવી જ ખૂલેલી ફાટને ઢાંકી દીધી!

ત્રણે માત્ર એક નાનકડી તિરાડમાંથી બહાર નજર જ કરી શક્યા. બહાર આજે પણ એક ભક્ત ઊભો હતો, જે આ સાધુએ ચીરેલી છાતીમાં રામ-લક્ષ્મણ-સીતાનાં દર્શન કરવા મથી રહ્યો હતો! પણ આ ભક્તની આંખોમાં તરત કંઈક ચમકારો થયો. કદાચ તેણે છાતીમાં કેદ પ્રભુની આગળ જડાયેલાં સાધુનાં હાથરૂપી જેલનાં સળિયા પણ જોઈ લીધા હતાં! છાતી ફરી બંધ થઈ ગઈ. બાજુનાં ઝાડ પર અધીરું બનેલું એક વાંદરું પણ નિરાશા સાથે બીજી તકની રાહ જોવા લાગ્યું!

# કાફ્કાની ફેબલનો અનુવાદ - આસ્વાદ – મીનાક્ષી વખારિયા, સંકેત વર્મા

## એક નાનકડી ફેબલ ~ ફ્રાંઝ કાફ્કા

"ઓહ..." ઉંદર બોલી ઊઠ્યો, "દિવસે દિવસે દુનિયા નાની થવા લાગી છે. અગાઉ તો એવી વિશાળ હતી કે હું ભયભીત થઈ દોડ્યા કરતો ત્યારે માંડ દૂરથી ડાબે જમણે દીવાલોના દર્શન થતા અને ખુશ થતો, હાશ...

દૂર રહેતી દીવાલો હવે ઝડપથી નજીક આવી ગઈ, રસ્તો સાંકડો થઈ ગયો ને મને થયું કે હવે મારો અંત આવી ગયો છે. એ તરફ દોડતો રહીશ તો છટકામાં ફસાઈ જઈશ.

"તારે દોડવાની દિશા બદલવાની જરૂર છે..." બિલાડી બોલી અને એને ખાઈ ગઈ.

## આસ્વાદ:

"I think we ought to read only the kind of books that wound or stab us. If the book we' re reading doesn't wake us up with a blow to the head, what are we reading for?"
- Kafka

વાર્તાનું નામ છે: એક નાનકડી ફેબલ. ફેબલ એટલે પ્રાણીકથા, બોધકથા. વાર્તા શરૂ થાય છે એક ઉંદરના સંવાદથી. નિરાશાજનક ઉદગાર સાથે ઉંદર કહે છે કે દુનિયા દિવસે ને દિવસે નાની થતી જાય છે. ભૂતકાળને યાદ કરતાં એ કહે છે કે પહેલાં તો દુનિયા ખૂબ વિશાળ હતી; નાની થતી જતી દુનિયામાં, બંને બાજુથી ધસી આવતી દીવાલો વચ્ચે થઈને દોડતો એ છેલ્લા સાંકડા ઓરડામાં આવી પહોંચ્યો છે. એ ઓરડો 'છેલ્લો ઓરડો' એટલે છે કે હવે ઉંદર પાસે દોડવા માટે ખૂણામાં પડેલું છટકું જ બાકી રહ્યું છે અને મોત સામે દેખાઈ રહ્યું છે. આવી પરિસ્થિતિમાં ફસાયેલ ઉંદર જાણે કોઈ વેન્ટજ પોઈન્ટથી પોતાની આખી જિંદગી જોઈ રહ્યો છે.

અહીં આખી વાર્તામાં એક એવો વિચાર ઊભરે છે કે ઉંદર જાણે ખુલ્લી દુનિયાથી સાંકડી થતી જતી, અંધારી દુનિયા તરફ જતો હોય. પ્રકાશથી અંધકાર તરફ, જ્ઞાનથી અજ્ઞાન તરફ જતો હોય. એ ખુલ્લાપણાનો ડર અને બંધ ચોકઠાંની સલામત દુનિયા- એનો કમ્ફર્ટ ઝોન, જેમાં એ રહેવા ટેવાયેલો છે એ એને અંતની અંધારી દુનિયા તરફ લઈ જાય છે.

બીજી રીતે જોઈએ તો દુનિયાની વિશાળતાનો એને ડર લાગે છે. આ ડર કયો છે? જરા વિચારો, તમને જો અગાધ સમુદ્રની વચ્ચોવચ ફેંકી દેવામાં આવે તો? અને ક્યાંયથી કોઈ દિશા ન કળી શકાય ત્યારે? કોઈ છેડો ન મળે, જમીન ન દેખાય ત્યારે? ત્યારે ડર લાગે છે! આપણું દિમાગ આવી અગાધતા, આવી અનંતતા સાથે કામ પાડી શકતું નથી. ઇન્ફિનિટી આપણને અનસેટલ કરી મૂકે છે. એ કલ્પના બુદ્ધિના ચોકઠાની બહાર નીકળી જાય છે કદાચ એ સમજાતી

નથી અથવા સમજવી અઘરી પડે છે. અને જે સમજાય નહીં એનો આપણને ડર લાગે છે. અનિશ્ચિતતાનો, અજાણ્યાનો ડર! મધદરિયે ફસાયેલો આવો માણસ જેમ કિનારો મળવાની આશામાં તરવા માંડે એમ અહીં ઉંદર દોડવા માંડે છે.

એના દોડવા પાછળ એક જ ચીજ કામ કરે છેઃ હોપ, આશા. અને કેટલુંય દોડ્યા પછી, દૂર દૂર પોતાની ડાબે અને જમણે એને દીવાલો દેખાય છે, કિનારો દેખાય છે અને એ ખુશ થઈ જાય છે. એને હાશ થાય છે. પણ પછી? ભૂતકાળને યાદ કરીને પછી ઉંદર વર્તમાનમાં આવીને કહે છે કે એ દીવાલો, જેના વચ્ચે એ દોડી રહ્યો છે, એ તો ખૂબ ઝડપથી એકબીજાની નજીક આવી રહી છે! જે દીવાલો જોઈને એ ખુશ થયો હતો એ દીવાલો જ ક્યાંક હવે એને ભીંસી દેશે! એટલે એ અટક્યા વગર દોડ્યા જ કરે છે. કારણ? એ જ આશા! ઉમ્મીદ પે દુનિયા કાયમ હૈ. દોડીને કદાચ ક્યાંક પહોંચી જવાશે. થોભો તો મોત છે! પણ આમ દોડતા દોડતા એ હવે છેલ્લા ઓરડામાં પહોંચી ગયો છે. દીવાલો હજુ પણ નજીક આવી રહી છે અને નજીક આવતી જતી દીવાલો એને છટકા તરફ દોડાવી રહી છે. કાફકાની ઘણી વાર્તાઓમાં આવી પરિસ્થિતિ જોવા મળે છે, જેમાં પાત્રો આવા જ કોઈ ફોર્સ દ્વારા કચડાતા જતા હોય! પોતે જે પરિસ્થિતિમાં હોય એના પર પાત્રોનું કોઈ નિયંત્રણ ન હોય. અને આ બધું કોઈ અકળ સંજોગોમાં, કોઈ બિહામણા સ્વપ્ન જેવા વાતાવરણમાં ઘટે જતું હોય! આવી બધી પરિસ્થિતિઓ માટે ઇંગ્લીશમાં કાફકાના નામ પરથી એક વિશેષણ પણ બન્યું છેઃ **Kafkaesque**. આવી જ પરિસ્થિતિમાં ફસાયેલો ઉંદર ખૂણામાં પડેલા છટકા તરફ દોડતા વિચારમાં પડી જાય છે. ત્યાં જ પાછળથી બિલાડીનો અવાજ આવે છે કે તારે ફક્ત તારી દોડવાની દિશા જ બદલવાની છે. બિલાડી અહીં જાણે ઉંદરને કહે છે, કે એની પાસે દોડવા માટે બે દિશાઓ છેઃ એક છટકા તરફ અને એક પોતાના (બિલાડી) તરફ. બિલાડીની દિશા તરફ દોડવા પ્રેરાયેલા ઉંદરને બિલાડી ખાઈ જાય છે અને ઉંદર પરિણામ જાણતો હોવા છતાંય કાળનો કોળિયો બની જાય છે. આ વાત દ્વારા વાર્તામાં એક હાસ્યનું તત્વ પણ ઉમેરાય છે. ઉંદરની જિજીવિષા સામે બિલાડીની હાજરી એક સરપ્રાઈઝ છે, અનિશ્ચિતતા છે. ઉંદરનું મૃત્યુ એણે પોતે વિચાર્યું એના કરતાં તદ્દન અલગ રીતે થાય છે, છટકા દ્વારા નહીં પણ બિલાડી દ્વારા! ઉંદર પાસે બે દિશામાંથી કોઈ એક, કૂવો કે ખાઈ, પસંદ કરવાની છૂટ છેઃ ફ્રીડમ ઑફ ચોઈસ. પણ શું એ ફ્રીડમનું કંઈ મહત્વ છે? કારણ કે એને એવી કોઈ પસંદગી કરવા મળે એ પહેલાં તો એ મોતનો કોળિયો બની જાય છે! ઉંદરને એક એવું મોત મળે છે જેના વિશે એણે વિચાર્યું પણ નથી, મોતથી એ ડર્યો નથી! એની જિંદગી પૂર્વનિર્ધારીત છે. મરવું, અરે કઈ રીતે મરવું એ પણ નક્કી છે! ઉંદરનું એના પર કોઈ નિયંત્રણ નથી! શું દરેક જીવની જિંદગી પણ આ ઉંદર જેવી છે? એક પપેટ શૉ જેવી? પોતાને ભાગે આવેલું પાત્ર ભજવી બસ અનિશ્ચિત ભવિષ્યને તાબે થઈ જવાનું? નિયતિની સામે શું માણસ બસ એક પામર જીવ છે? આપણી જિંદગી અને મોતનું ચિત્ર પહેલેથી જ નક્કી છે? શું આપણા નિર્ણય, આપણી પસંદગી બધું વ્યર્થ છે? અને જો બધું જ પૂર્વનિર્ધારીત હોય તો આવા જીવનનો શો અર્થ છે? આપણા અસ્તિત્વનો શું મતલબ છે? આપણે આ પૃથ્વી પર શા માટે છીએ? પૃથ્વી આ બ્રહ્માંડમાં શા માટે છે? બ્રહ્માંડના પેદા થવાનો શો હેતુ છે? બધું અર્થહીન લાગે છે! બધું એક રહસ્ય બનીને રહી જાય છે!

અહમદ મકરાણીનો એક શેર છે,

છે હયાતી ચીજ એવી અજનબી,

ચીંથરામાં હોય જાણે કો’ નવાબ !

શું જિંદગી પણ આવી છે? ફ્રેન્ચ ફિલોસૉફર આલ્બેર કામ્યુ કહે છે કે માણસે પોતાના અસ્તિત્વની અર્થહીનતાનો સ્વીકાર કરીને જીવનના અર્થને શોધવાનું શરૂ રાખવું જોઈએ અને ઓશો કહે છે: જિંદગી એક રહસ્ય છે, એ રહસ્યને ઉકેલવાનું નથી, બસ એને જીવવાનું છે! **Life is mystery to be lived!** શયદાના આ શેર પર જરા ગૌર ફરમાવો. શું તમને ય આવા વિચારો આવે છે?

જિંદગીનો સાર જો પાણી મહીં,

એક પરપોટો થઈ ફૂટી ગયો.

*I have spent all my life resisting the desire to end it.”- Franz Kafka (In a letter to Milena Jesenska)*

## ૬. વિકલાંગ કોણ? – રેખા સોલંકી

હોસ્પિટલનાં કમ્પાઉન્ડમાં જ રહેતી અને સ્ટાફનર્સ તરીકે ફરજ બજાવતી એ માએ પોતાની દીકરીને શીખવેલાં અણગમતાં સ્પર્શની પદ્ધતિ કામ લાગી. ઓરમાન બાપથી ડરતી, કંપતી માની સોડમાં ભરાઈ ગયેલી ભીરું દીકરીની આંખોએ કંઈક અઘટિત ઘટનાની મૌન ચાડી કરી.

બાવીસ બાવીસ વરસ સુધી આકરાં તપ જેમ જેની ચાકરી કરી, ઘરપરિવાર સામે ઝઝૂમીને, જીંદગીની તમામ ખુશી જેના એક સ્મિત પર કુરબાન કરી એ વ્હાલસોયી દીકરીને આજે એણે ગળે લગાડી, કપાળે ચૂમી ભરી હળવેકથી સુવાડી અને દીકરીની લાળથી ખરડાયેલાં હાથ છેલ્લી વાર ધોયાં અને એ સાથે જ હોસ્પિટલની બહાર ઉભેલું કૂતરું જોરથી રડ્યું..

## ૭. હાજીપીરનો હુકમ – શૈલેષ પંડ્યા

“તૈણ તૈણ વરહથી વરસાદનો એક છાંટો નથ પડ્યો, સા’બ,” કડવાશથી બોલાયેલા શબ્દોએ મારી ભીતર પણ કડવાશ ભરી દીધી. મારી આંખોમાં રણની રેતી જેવું કંઈક ખૂંચ્યું. મેં નજર ફેરવી, સામે ઊંટોના બે પગ વચ્ચે દેખાતી ક્ષિતિજમાં સૂરજ ડૂબવાની તૈયારીમાં હતો.

મેં લીમડાના ઝાડ નીચે ઢોલિયો ઢાળ્યો. અફાટ રણ વચ્ચે જાણે કે બે જ લીલા, એક હું ને બીજો લીમડો.

સળગતા સૂર્યનું ચોસલું ધીમે ધીમે બહાર આવી રહ્યું હતું. પાણીના રેલાની જેમ રેતી મારી તરફ એ ધસમસે છે. આંખોમાં રેતી અંજાઈ. મારી ભીતર અફાટ રણ વિસ્તર્યું. યુગોથી તરસ્યું રણ જાગી ગયું છે, મારી પાંગતે આવીને મારી ભીતરી ભીનાશને લાંબી જીભથી ચસચસ ચૂસી રહ્યું છે. સામે લીમડો પણ કાળઝાળ રેતીથી ઢંકાઈ ગયો. મેં હાથ ઉંચો કર્યો, ઓહ..! મારો હાથ રેતીની જેમ ખરી ગયો, પગ.. એ પણ... ઓહ... કેટલાક કાંટાળા થોર.. મારી તરફ...

લીમડાની બધી લીલોતરી ચૂસાઈ ગઈ.. હવે મારો વારો... હું ચીસ પાડવા જાઉં છું... પણ ગળામાં જાણે કે રણનો ટુકડો અટવાયો હોય એમ અવાજ રૂંધાયો... ચારે તરફ નિર્જીવતા, નિસ્તબ્ધતા, ઘેરી ભયાનકતા; અને આ બધાની વચ્ચે પણ ભયાનક હતી અમારી હયાતી, હું અને ખોખા જેવો થયેલો લીમડો, અમે રેતી થઇ ખરવા લાગ્યા.

'પણ મારે.. મારે તો જીવવુ'તું.' મે સામે દેખાતી હાજીપીરની દરગાહ તરફ યાચક દ્રષ્ટિ ફેંકી.

હાજીપીરની દરગાહ તરફ જતા ટોળા વચ્ચે મેં એને જોઈ.. હા.. હા.. એ ... એ જ હતી! ભીની ભીની હેતની હેલી જેવી મારી વર્ષા અને મારામાં ભીનાશ આવી, હું ભીંજાતો રહ્યો.

## ૮. અજ્ઞાત પ્રેમ – મીરા જોશી

પત્ર મનીયાને પોસ્ટમાં નાખવા આપતાં જ ડેલી પર ઉભેલા અજીત સાથે એની નજર મળી.

'હું તમને વાળું દઈ દઉં.' – કમરે બાંધેલા પાલવને છોડતા અનંતાએ કહ્યું.

'હા....'

'રોટલી આપું?'

'ના' – એક શબ્દમાં જવાબ.. ફરી રોજ જેવી વાસી શાંતિ.

પથારીમાં પડ્યા પડ્યા અજીત અનંતાના ચહેરાને જોઈ રહ્યો. એના સાડલાની સુગંધથી ખેંચાઈને નજીક આવવા ગયો. પણ..

ઉભો થયો, ને ગામના રખડું રસ્તાને ચીરતો ટપાલપેટી પર પહોંચ્યો.

**

'અનંત, આપણી સુખદ સ્મૃતિ પર વિરહનો સમય ધૂળની જેમ છવાયો છે. તારા જવાબથી મનને આધાર મળે છે.. પણ આંખોને તારી હજુયે વાટ છે. – તને ઝંખતી અનંતા.'

પત્ર વાંચ્યા બાદ અજીતે જેમ હતો તેમ પેટીમાં નાખી દીધો.

બે દિવસ બાદ અનંતાને એક પત્ર મળ્યો. પત્રનું ઠેકાણું, અક્ષરો બધું જ એને ચોંકાવી ગયું. અનંતના નામથી આવેલા અન્ય પત્રો એણે જોયા ને બધો જ તાગ પામી ગઈ.

અનંતાએ પત્ર પતિને આપ્યો.

ફાટી આંખે અજીત પત્ર વાંચતો રહ્યો..

‘અનુ, શું લખું તને, આટલા વર્ષ બાદ.. એક ક્ષણ તને ભૂલ્યો નથી. તારો જ અનંત.’

અનંતાની વહેતી આંખોમાં પોતાની ચાલાકીનું રહસ્ય પીગળી ગયું હતું. સાત વર્ષથી પોતે જ અનંતના નામથી એ પત્રોનો જવાબ આપતો હતો. કારણ, જેને એની પત્ની ચાહતી હતી એ અનંત ક્યાં હતો.. એ કોઈને નહોતી ખબર. ને આજે અચાનક અનંતનો પત્ર..

એકાએક અનંતાએ અજીતના હાથમાંથી પત્ર લઈ ફાડી નાખ્યો. ને એને વળગી પડી.

## ૯. માણહ જાત! – સ્વાતિ શાહ

ધીરેથી હોસ્પીટલની બહાર કચરાપેટીમાં એ ફેંકાયુ ને એ જોઈ પાસે ઊભેલું કૂતરું જોરથી રડ્યું. તેને જોઈ ભૂરી પૂંછડી પટપટાવતી બોલી, “કાળીયા, આમાં પોક હું મૂકસ.. આ માણહ જાતના કરમ ભૂંડા, ને પાસા આપણને લાકડીયે લેય સે. મુઆવનું નખોદ જાય! છોડી જનમતાવેંત એને હડકવા થાય સે. મારે ચાર ધાવેસ તી આ  પાંચમી, આનેય ધવડાવીશ. લાય એને કચરામાંથી બા’રો કાઢ.”

“કપડાય નથ ને ભૂખની રોવે સે. આ આંસળ દઉં એના મોઢામાં, એલી બસ કર હવે રડવાનું, તમારી માણહ જાતના કરમ પર આટલા જોરથી રોઈશ તો આખો જન્મારો રોતી જ રૈ’શ.” ને એણે પોતાનું આંચળ એના મોંમા મૂકી દીધું.

## ૧૦. જીવતેજીવ – વિભાવન મહેતા

સ્કૂલમાં પણ બધા રમેશને તાબોટા પાડીપાડીને ચીડવતા. રમેશ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ એની લઘુતાગ્રંથિ પણ વધતી ચાલી. રમેશની મા એનાં લગ્ન ગરીબ કુટુંબની મંજુલા સાથે કરાવી સ્વર્ગે સિધાવી. રમેશના મોટાભાઈ વિધુર હતા. ઘરમાં મંજુલાના આવ્યા પછી એમની આંખોની ચમક છાની ન રહી. જતાં આવતાં એ મંજુલાને અડપલાં કર્યા કરતા. રમેશ ઓસરીમાં બેઠો બેઠો જોયા કરતો.

એ મોડી રાતે પોલીસની જીપ આવી અને ઇન્સ્પેક્ટર ઓસરીમાં એની પાસે આવી ઉભો રહ્યો ત્યારે રમેશ દિવસભરની ઘટના મનમાં વાગોળ્યા કરતો હતો. બપોરે મંજુલા મેડા પરથી ઉતરી ત્યારે રમેશે એની સફેદ સાડી પર લાલ છાંટા જોયા.. ને પોતાની જાત પર હસ્યો. એણે રાહ જોઈ પણ દરવખતની જેમ મોટાભાઈ નીચે નહોતા ઉતર્યા. રાતે જમવાટાણે પણ નહીં.. એ સૂવાટાણે મેડા પર ગયો ત્યારે એણે મોટાભાઈને લોહીથી લથપથ પથારીમાં ચત્તાપાટ પડેલા જોયા હતા, છાતીની વચ્ચોવચ્ચ ખંજર ખૂંપેલું હતું. પાછળ પાછળ મંજુલા પણ ઉપર આવી હતી ને કેવી સિફતથી એણે ખંજરનો હાથો પોતાની સફેદ સાડીના પાલવથી લૂછી નાંખ્યો હતો અને પછી રમેશના જમણા હાથમાં પકડાવી દીધો હતો. પછી એ સડસડાટ રમેશનો હાથ પકડી મેડા પરથી નીચે ઉતરી ગઈ હતી, ઉપર જવાનું બારણું બંધ કરી, કપડાં બદલી એણે ફોન કર્યો હતો.

ઈન્સ્પેક્ટર આવ્યો ત્યારે રમેશ વિચારતો હતો કે મંજુલાએ એના જીવતેજીવત સફેદ સાડી કેમ પહેરી હતી?

## માઇક્રોફિક્શન અને શોર્ટફિલ્મ વચ્ચેનો સેતુ – શ્રી અભિષેક જૈન સાથે ગોષ્ઠી

(જીજ્ઞેશ અધ્યારૂ અને ગોપાલ ખેતાણી સાથે અભિષેકભાઈ જૈનની ટેલિફોન ગોષ્ઠીને આધારે)

શ્રી અભિષેક જૈન, 'કેવી રીતે જઈશ' અને 'બે યાર' જેવી સુંદર ગુજરાતી ફિલ્મોના દિગ્દર્શક, રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ગુજરાતી ફિલ્મ 'રોંગ સાઈડ રાજુ'ના પ્રોડ્યૂસર, 'સાંવરિયા', ''યુવરાજ' અને 'ગુઝારીશ' જેવી ફિલ્મોમાં તેમણે સહાયક દિગ્દર્શક તરીકે કામ કર્યું છે, ગુજરાતી ફિલ્મજગતને તેમણે એક નવી ઓળખ અને ઉંચાઈ આપી છે અને ગુણવત્તાસભર ગુજરાતી ફિલ્મ જોવા અને માણવાનો પ્રેક્ષકોને આગવો અવસર આપ્યો છે. માઇક્રોફિક્શન અને શોર્ટફિલ્મ તથા ફીચર ફિલ્મો વિશેની ચર્ચા અભિષેકભાઈ સાથે આ ગોષ્ઠીમાં કરી છે. સમય ફાળવીને અમારી સાથે આ ચર્ચામાં ભાગ લેવા બદલ અને તેમના વિચારો વહેંચવા બદલ સર્જન ગ્રૂપ તરફથી તેમનો ખૂબ આભાર.

**માઇક્રોફિક્શન વાર્તા પ્રકાર તમને કઈ રીતે આકર્ષે છે?**

પૂર્ણપણે ફિલ્મના પરિપ્રેક્ષ્યમાં વાત કરીશ. બે કે ત્રણ કલાકની ફિલ્મમાં વાર્તાના ક્રાફ્ટનું ઘણું મહત્વ છે. તમારે પ્રેક્ષકોને સતત વાર્તા સાથે જોડાયેલા રાખવાના છે. આ મુદ્દાને ધ્યાનમાં રાખીએ તો માઇક્રોફિક્શન એ પ્રેરણાત્મક છે. માઇક્રોફિક્શનમાં પાત્ર કેવું છે એ પહેલા વાક્યથી જ ખબર પડવાનું શરૂ થાય છે, અને વાર્તામાં સંઘર્ષ પણ તરત જ ઊભો થાય. અંત વાચકને આંચકો આપીને પસાર થાય એ માઇક્રોફિક્શનની ખૂબી છે. માઇક્રોફિક્શન વાર્તા ટૂંકી હોવા છતાં તેની અસર સર્જક અને વાચકના મન પર લાંબા ગાળા સુધી રહે છે. તે એક મિનિટથી માંડીને એક વર્ષ સુધીની હોઈ શકે. જેટલા ઓછા શબ્દોમાં તમે વાચકને ગહન વિચારોમાં લઈ જાવ એટલું તમારું લખાણ સુંદર.



**એક ફિલ્મમેકર તરીકે કોઈ ફિલ્મ માટે તમે વાર્તા પસંદ કરો ત્યારે એ વાર્તામાં ક્યા તત્વો શોધો છો?**

મૂળભૂત રીતે વાર્તા વાંચતા, એ દિલમાં ઘર કરી જાય અને તમે પ્રસ્તુત કરવા માંગો ત્યારે બીજાના દિલને પણ સ્પર્શે એ તત્વ વાર્તામાં હોવું જોઈએ. રોમાન્સ, થ્રિલર કે અન્ય કોઈ પણ પ્રકારની હોય પણ વાર્તા દિલમાંથી નીકળતી ન હોય તો તેને કહેવાનો કે પ્રસ્તુત કરવાનો કોઈ મતલબ નથી. વાર્તા જ્યારે એક વાચક તરીકે વાંચુ અને જો મને એ સ્પર્શી જાય, અને મને લાગે કે પ્રેક્ષકોના દિલને પણ એ સ્પર્શી જશે તો મારા મતે એ ફિલ્મ માટે યોગ્ય છે.

**માઇક્રોફિક્શનના આધારે શોર્ટફિલ્મ બનાવીએ તો તેમાં પાત્ર અને પાર્શ્વભૂમિકાને કેટલી હદ સુધી વિકસાવવા જોઈએ?**

માઇક્રોફિક્શન એ 'ટિપ ઓફ ધી આઇસબર્ગ' છે. ઉપરથી દેખાય તેના કરતાં તેનું ઊંડાણ ઘણું છે. વાર્તા જેના પર આધારિત છે એ તત્વ બહુ જ વિશાળ છે. વાર્તા લખાય એ પહેલા પાત્ર કે ઘટના વિષે ઘણું સંશોધન કરવામાં આવે, પરંતુ લોકો સુધી એટલું જ જાય જેટલી તેની જરૂરિયાત હોય અને જેટલું પ્રતિબિંબિત કરવાની વાર્તાની માંગ હોય, હું પણ જ્યારે ફિલ્મ બનાવું ત્યારે ખ્યાલ રાખું કે દરેક પાત્રની એક બેકસ્ટોરી, તેની ઉમર, તેનું જન્મસ્થળ, તેની કારકિર્દી, તેનો સ્વભાવ, તેના ગમા-અણગમા અને તેના પરિવાર વિશે મને ખબર હોવી જોઈએ. એ જાણકારીની એક ફિલ્મકાર તરીકે મારે જરૂર છે. એ ફિલ્મમાં આવે કે ન આવે, પણ મને એ ખબર તો હોવી જ જોઈએ. પાત્રને હું જાણતો હોઉં તો જ એ શું કરશે અને કેમ કરશે એ હું જસ્ટિફાય કરી શકું.

**એટલે કે એ પાત્રની ઉંમર, તેનો સ્વભાવ, તેના રિફ્લેક્ટ એક્શન, તે કઈ પરિસ્થિતિમાં કેવું વર્તન કરશે તે વિગત સુધી જવાની જરૂર પડે, ખરું ને?**

બિલકુલ જરૂર પડે અને તો જ તમે એ વસ્તુ પડદા પર ધાર્યા મુજબ ઉપસાવી શકો. ભલે તમે એ વિગતો કહેતા નથી કરતા પણ તમારા મનમાં એ વસ્તુ સ્પષ્ટ છે કે આ પાત્ર આવી રીતે જ વર્તન કરશે અને એ જ ખરેખર અભ્યાસ છે. માઇક્રોફિક્શન પરથી શૉર્ટ ફિલ્મ બનાવતી વખતે સ્ક્રિપ્ટ લખીએ ત્યારે એ ધ્યાનમાં રાખવું જોઈએ કે પાત્ર કે પાર્શ્વભૂમિકા, કે જે ખૂબ જ જરૂરી છે, તે પ્રેક્ષકને ખપ પૂરતાં પણ બતાવવા તો જોઈશે જ, તેના વગર વાર્તા અધૂરી રહેશે.

**અધ્યાહાર રાખીને કેટલું દેખાડવું અને કેટલું ન દેખાડવું એ કઈ રીતે ખ્યાલ આવે?**

મારી અંગત કાર્યપદ્ધતિમાં હું એક વખત બધું જ વિગતે લખી લેતો હોઉં છું. પછી કાપકૂપ શરૂ થાય. એ બહુ કૉન્શ્યસ કાપકૂપ હોય, સાહિત્ય માત્ર કલા નથી, કસબ પણ છે. પહેલી વખત લખાય ત્યારે કલાત્મક લખાય છે. પછી કસબનો વારો શરૂ થાય  અને તે સજાગ રહીને કરવું પડે, નકશીકામ હંમેશા બારીકાઇથી થાય. એટલું જ એમ્બોસ કરીને દેખાડવું, જે તેની સુંદરતા માટે જરૂરી છે. વધારે પડતું બતાવવા જતા સુંદરતા મરી પણ શકે. મારી વ્યક્તિગત કાર્ય પદ્ધતિમાં પડદા પર દેખાડવામાં આવતી માહિતી કેટલી જરૂરી છે અને નાટકીય વિષય વસ્તુ, સ્થિતિ કે પાત્રના સાપેક્ષમાં કેટલું જરૂરી છે એ જોઉ છું, એ શું બોલશે કે કરશે અને શા માટે, તથા એ માઈક્રો લેવલે ફિલ્મને કેટલું ઉપયોગી છે એ ખાસ જોઉ છું. ઉદાહરણ તરીકે ફિલ્મમાંનું પાત્ર ગાડીમાંથી ઉતરી પાણીનું પાઉચ લઈ, પાણી પી, પાઉચ રસ્તા પર ફેંકી, ગાડીમાં બેસી ખૂન કરવા જાય. તો આ દરેક સીન ડ્રામા તરીકે કેટલા મહત્વના છે એનું નિરીક્ષણ અને પૃથક્કરણ કરું. જો એ મહત્વનું લાગે તો રાખું, નહીં તો કાપકૂપ કરું. નાટ્યાત્મકતાનો ઉદ્દેશ ફિલ્ટર તરીકે કામ કરે છે.

**આ કાર્ય સ્ક્રિપ્ટ લેખકનું કે વાર્તાકારનું?**

આ કાર્ય હું કરું છું એટલે ખબર છે, લેખક સ્ક્રિનપ્લેના સ્વરૂપે લખીને આપી દે, પછી તમારે જ ચકાસવું પડે. ટેકનિકલ રીતે જુઓ તો એ ડાયરેક્ટરનું કામ છે, વાર્તાકારની જવાબદારી નથી.

**વાર્તાકાર જ્યારે વાર્તા લખે ત્યારે તેના ભાવકો માટે લખે છે. જ્યારે ડાયરેક્ટર ફિલ્મ બનાવતા હોય ત્યારે કોઈ વર્ગવિશેષને ધ્યાનમાં રાખીને ક્રાફ્ટ કરે કારણકે અલગ અલગ કૃતિઓને અલગ અલગ સ્તરની પરિપક્વતા ધરાવતા લોકો માણતા હોય છે. તમે આ બાબત ધ્યાનમાં રાખો છો ખરા?**

મારી પ્રાથમિક પ્રક્રિયા આંતરીકથી બ્રાહ્ય અભિવ્યક્તિની છે, નહીં કે આઉટસાઈડ ઈન. પહેલાં હું અંદરથી જેટલું બહાર નીકળે તેને એક સ્વરૂપ આપું. જ્યારે એ તૈયાર થાય પછી નક્કી થાય કે એ કોના સુધી પહોંચશે કે કોને સ્પર્શશે. કોઈને ખુશ કરવા માટે લખવું જોઈએ નહીં.

માઇક્રોફિક્શનના કિસ્સામાં ઘણી વાર એવું બને છે કે કેટલાકને એ અઘરી લાગે છે, સમજાતી નથી. માઇક્રોફિક્શનની મર્યાદા એ છે કે તેમાં તમે બધું જ ખુલીને ન લખી શકો. તેમાં છેડા હોય, પણ વાચકે થોડું સમજવું જરૂરી બને. વાર્તા વાંચ્યા પછી પ્રતિભાવોમાં અંતના વિકલ્પ નીકળે એ સારી વાર્તાની નિશાની ગણાય કે નબળી વાર્તાની?

ચોક્કસ સારી વાર્તા કહેવાય, એક જ અર્થ નીકળે  એના કરતાં વૈકલ્પિક અંત વાળી વાર્તા સારી ગણાય. હું જ્યારે કંઈક કહું એ ફક્ત મારો મત હોય છે. તમે તેનાથી આગળ વિચારો, સહમત થાવ કે અસહમત થાવ અને એથી પણ આગળ જઈને કંઈક અલગ વિચારો એ વધુ સારી બાબત છે. દરેકની પોતાની સમજણશક્તિની મર્યાદા હોય, એટલે દરેકની મર્યાદાને ધ્યાનમાં રાખીને સર્જન કરવું શક્ય નથી અને ન થવું જોઈએ. જો થાય તો એ આર્ટની વ્યાખ્યામાં શત પ્રતિશત ન પણ બેસે. કાં તો લેખક માત્ર એક અહેવાલ આપે જે બહુ સરળ હોઈ શકે. કાં તો એક સર્જન કરે જેમાં એકથી વધુ વૈકલ્પિક સ્તર સમાવિષ્ટ હોય. હું બીજો વિકલ્પ પસંદ કરું. માત્ર એક વ્યક્તિ લખે છે, ચિત્રો બનાવે છે,

ફિલ્મો બનાવે છે, શિલ્પ બનાવે છે કે નૃત્ય કરે છે એ જ આર્ટિસ્ટ નથી; આપણે બધા આર્ટિસ્ટ છીએ. કોઈ પ્રોફેશનલ રીતે કે ઍકડેમિક રીતે આર્ટિસ્ટ છે એટલે આપણે તેમને આર્ટિસ્ટ કહીએ છીએ. બાકીના લોકો જે આ સર્જનને માણે છે તેમને અપ્રત્યક્ષ આર્ટિસ્ટ કહી શકીએ. જે કોઈ આર્ટ પ્રસ્તુત કરે છે તેને માણનાર પણ આર્ટિસ્ટ જ છે. ફક્ત બગલથેલો લટકાવીને, લાંબી દાઢી સજાવીને ફરતો માણસ જ આર્ટિસ્ટ નથી, આપણે સૌ પણ છીએ. આપણે આપણી જાતને એક કલાકાર તરીકે સ્વીકારી નથી શકતા એ પણ એક દુર્દશા જ છે. જ્યારે નાનપણથી જેનામાં આર્ટ ઉછેરવામાં આવી હોય, તેની જાગૃતિ અલગ હોય, તેની સંવેદનશીલતા અલગ હોય, સમાજ પ્રત્યેની સંવેદના અલગ હોય. એ પૂર્ણપણે એ એક સારો માણસ બને છે. બંગાળમાં ઘણી શાળાઓમાં આર્ટના અનેકવિધ સ્વરૂપ શીખવવામાં આવે છે. એટલા માટે નહીં કે તમે કલાકાર બનો, પણ એટલા માટે કે તમે સંવેદનશીલ બનો. માણસ સંવેદનશીલ ત્યારે જ બનશે જ્યારે તે કંઈક વિચારશે, મનોમંથન કરશે. આપણા માટે આવા કારણોથી વિચારપ્રેરક માઇક્રોફિક્શન જરૂરી છે જેમાં વાચકે મનોમંથન કરવું પડે.

**શોર્ટ ફિલ્મ અને પૂર્ણ લંબાઈની ફિલ્મ વચ્ચે લંબાઈ સિવાય બીજો મોટો ફરક ક્યો?**

એવો કોઈ નોંધપાત્ર ફરક નથી, પણ બંને સ્વરૂપ બહુ અલગ છે. શોર્ટ ફિલ્મનો આશય એ છે કે ખૂબ ઓછા સમયમાં તમે વાર્તાના ક્લાઇમૅક્સ તરફ આવો અને પ્રેક્ષક આશ્ચર્ય કે આઘાતથી ચકિત થઈ જાય. સર્પ્રાઇઝ જાળવવા માટે ઘણાં કૉન્શ્યસ પ્રયાસો કરતાં હોય છે. શોર્ટ ફિલ્મ અને પૂર્ણ લંબાઈની ફિલ્મ બનાવવાના હેતુમાં બહુ ફરક છે. શોર્ટ ફિલ્મ બનાવવાનું એક તદ્દન મૂર્ખામી ભર્યું કારણ છે ઝડપથી પ્રખ્યાત થવાનું, હિરોઇઝમ મેળવવાનું પણ છે. ફિલ્મ બનાવવી એટલે વિષયવસ્તુની વાત તો પછી આવે, પહેલી વાત છે તેની પાછળના હેતુની. ફિલ્મ બનાવતા પહેલા તમારે છ આઠ મહીના તૈયારી કરવી પડે. પછી ત્રીસ ચાલીસ દિવસ શૂટ કરવું પડે, ત્યાં સુધીમાં તમારી ધીરજની કસોટી થઈ જાય. નબળા હ્રદય કે ઉપરછલ્લા હેતુવાળો માણસ ટકી ન શકે માટે ફિલ્મ બનાવવાનું સૌથી મોટું ફિલ્ટર સર્જકનો એની પાછળનો હેતુ અને લગન છે.

**'ગૂંગા પહેલવાન' જેવી ફિલ્મ બનાવવી એ એક પરિપક્વ વિચાર હતો. તો માઇક્રોફિક્શન પરથી આ પ્રકારે ફિલ્મ બનાવી શકાય?**

હા જરૂરથી. ગૂંગા પહેલવાન માટે તેમનો હેતુ હતો કે એ પહેલવાનને પ્રસિદ્ધિ નહોતી મળી. એ વિચાર એવો નહોતો કે ચાલો એક ફિલ્મ બનાવીએ અને તેમાં પહેલવાનને લાચાર બતાવીએ કે એ ગૂંગો છે અને આમ લોકોની લાગણી સાથે રમીએ, મેલોડ્રામા કરીએ. આવા હેતુ સાથે ફિલ્મ ન બનાવો. પરિપક્વ હેતુ અને પૂરેપૂરી લગનથી સારી વાર્તાને ધ્યાનમાં રાખીને ફિલ્મ બનાવીએ તો એ સારો પ્રયાસ કહી શકાય. શોર્ટ ફિલ્મ હોય કે પૂર્ણ લંબાઈની ફિલ્મ, જો આત્મા જ ન હોય તો કોઈ પ્રકારનો કોઈ મતલબ નથી. ખૂબ મજબૂત ઈચ્છા, આકર્ષક વિષયવસ્તુ અને એથીય મજબૂત ઉદ્દેશ હોવો જોઈએ.

**છેલ્લા દોઢ વર્ષથી 'સર્જન' ગ્રૂપ માઇક્રોફિક્શન વાર્તા સ્વરૂપ માટે કાર્યરત છે એના સિવાય પણ ઘણાં લોકો માઇક્રોફિક્શન લખી રહ્યાં છે. તમને માઇક્રોફિક્શનનું ભવિષ્ય કેવું દેખાય છે?**

માઇક્રોફિક્શનનું ભવિષ્ય કહેવા માટે હું કદાચ અધિકૃત નથી પણ હાલ જે રીતે અનધિકૃત સંદેશાઓ અને અન્ય વસ્તુઓ સોશિયલ મિડીયામાં ફરે છે તેના કરતાં માઇક્રોફિક્શન સોશિયલ મિડીયામાં હજુ પણ વધુ જાય, સર્વસ્વીકૃત થાય ત્યારે એ મહત્વપૂર્ણ સાબિત થશે. સસ્તી અને અફવા ફેલાવનારી ખોટી માહિતીથી લોકો જ્યારે ત્રસ્ત થશે ત્યારે તેમને આધારભૂત વિષયવસ્તુ જોઇશે અને એવા સમયે માઇક્રોફિક્શન એક મહત્વપૂર્ણ ભાગ ભજવશે એવું મને લાગે છે. જીવનને વધુ રસપ્રદ બનાવવામાં માઇક્રોફિક્શન મહત્વનો ભાગ ભજવશે. અત્યારે સોશિયલ મિડીયામાં માઇક્રોફિક્શન જે રીતે વંચાય અને વખણાય છે તે જોતાં તેનું ભવિષ્ય સરસ જ હશે. વ્હોટ્સએપ પર ઘણી વાર એવું થાય કે કોઈ વ્યક્તિ તરફથી કાયમ સુપ્રભાતનો સંદેશ ફોટો સાથે મળે અને તેની સાથે એક સુભાષિત પણ હોય. તમે તેનાથી કંટાળતા હોવ પણ ક્યારેક અચાનક તમારું ધ્યાન એ સુભાષિત પર જાય અને તમને એ સ્પર્શી જાય, તમારી ઓછામાં ઓછી એ દિવસ પૂરતી જિંદગી બદલાઈ જાય તેવું જ માઇક્રોફિક્શન વાચકો સાથે પણ થશે એમ મારું માનવું છે.

## ૧૧. એક્ટિવામાં ટ્રેક્ટરનું ટાયર – ધર્મેશ ગાંધી

"તદ્દન બબુચક છે. આમ એક્ટિવામાં તે વળી કંઈ ટ્રેક્ટરનું ટાયર ફિટ થતું હશે? બેમાંથી એકેય ગાડી સીધી નહિ ચાલે." દીકરાનો પ્રયોગ જોઈ પિતાએ પિત્તો ગુમાવ્યો, "ભણ્યો પણ ગણ્યો નહિ, તે આનું નામ.. જરાયે ગતાગમ કે અનુભવ નથી. કોથળા ભરીને રૂપિયા ખર્ચ્યા, તને મિકેનીકલ એન્જિનિયર બનાવવા, ને તું?"

"ડેડ, તો પેલી બુલડોઝરને મારા ગળે શું કામ બાંધો છો? માત્ર ઑડીની અપેક્ષાથી?"

"તમને તો ડેડ, ગતાગમ અને અનુભવ બંને છે, હેં ને?"

## ૧૨. ગરમાળો – નીવારોઝીન રાજકુમાર

“શું યાર, રોજ આ થપેડા કરવાનાં! કંટાળો નથી આવતો?”

તેલ રગડી રગડી સફેદ ચુના જેવા મેકઅપનો થર અને નાકનું લાલ ટેચકું સાફ રહેલા જનકને જોઈ રઘુ બોલી ઉઠ્યો. લાલ વાળની વિગ, આખી બાંય પર લાલ આડા લીટાવાળો પીળોપચ ડ્રેસ એને કાયમ થોડો અડવો લાગતો.

જવાબમાં હાથમાં રહેલા રૂનો એના પર ઘા કરતા જનક બોલી ઉઠ્યો, “મારી જિંદગીનો એક દિવસ જીવી જો.. મજા આવશે....”

“મને તો એક જગ્યાએ રહેવાનો કંટાળો આવે.”

“મારી આજુબાજુ તો રોજેરોજ આખી દુનિયા આવી જાય છે. નવી નોકરીઓ શોધીને તું થાકી નથી જતો? જ્યારે મારે તો ભરપેટ ખાવા માટે ભરપેટ ખાવા આવતા લોકો સાથે ફોટો જ પડાવવાનો હોય છે. લોકોને હસાવવા, મસ્તી કરવી એ પુણ્યનું કામ છે. અડધી રાતે ઘરે જઈ ઊંઘતા બાળકોને જોઉં છું ત્યારે એ આનંદ બેવડાઈ જાય છે. બોલ, કાલે પહેરવો છે આ મારો ગરમાળો?”

“તું તો આનંદી કાગડો છે.” રઘુના અવાજમાં પ્રશંસા હતી. અને જનકે હળવેથી ડ્રેસ પર રહેલા m પર હાથ પ્રસરાવી લીધો.

## ૧૩. બહારવટું – હેતલ પરમાર

ગાયોનું ધણ વાળવા આવેલ ખીમજીના વાવડ મળ્યાં ને એભલભાએ બત્રીસ પૂતળીનો ખેલ અધૂરો છોડી; પોતાની મૂંછો પર તાવ દેતા દોટ્ય મેલી.

"નાલાયક, અંધારી રાતમાં મારી રૈયતને લૂંટવા આયવો સ, હરામી."

એ અંધકારનો ફાયદો ઉઠાવી ખીમજીએ ભાના વાંહામાં ખંજર હૂલાવવાનો પ્રયાસ કર્યો, પણ ત્યાં જ એની પીઠ પર સરસરતું ખંજર ભોંકાયું. ખંજર જોઈને ભા સમજી ગયા, "જોરાવરસિંહ..?"

"ભા, તમ હાલો; હું ગા' લઈને આવું સું." ને પાણીના રેલાની જેમ જોરાવરસિંહ ફતેહ કરી; મોઢે બુકાની બાંધી પરત ફર્યા ને બોલ્યા, "ભા, તમારી રૈયત પર આંખ ઊંસી કરનારની આંખ્યું કાઢી લઈશ." ને એભલભાને વરસો પહેલાંના પોતાનાં વચન યાદ આવ્યા, 'રૈયતનાં રખોપાની તન હુ ખબર બહારવટીયા, તું જા તારા રસ્તે.'

"જોરાવરસિંહ, આજે હમજાયું, આપણ બેય રૈયતના રખેવાળ; વરહોનાં વ્હાણા વાયા ભાઈબંધ, હવે તો ભેટી જા."

## ૧૪. પ્રકરણ – સંજય ગુંદલાવકર

યેનકેણ પ્રકારેણ ધાડસ કરીને અભયે ત્રણ મેજિકલ શબ્દો કહી દીધા. દિલના ધબકારા વધ્યા. પસીનો છૂટવા લાગ્યો. એ શું બોલતી હતી એ પણ માથા ઉપરથી જાતું હતું. છેલ્લે એટલું જ સાંભળી શક્યો. "તું મળવા આવ તો ખરો.." ને ફોન કપાઈ ગયો. હવે..

યેનકેણ પ્રકારેણ નીતાએ પોતાને જાળવી. રસોઈ પતાવીને પતિને રવાના કર્યો. અભય ફોન કરી આવો કંઈ બકવાસ કરશે, એવી કલ્પના ય કરી ન શકાય. એના મનમાં આવો વિચાર આવ્યો ક્યાંથી? એ પણ મારા વિશે? શું હું..? ના.. ના.. એ શાક લેવાને બહાને ઘર બહાર નીકળી.

યેનકેણ પ્રકારેણ અભયે પોતાને સાચવ્યો. 'મળવા આવ તો ખરો..' આને ધમકી સમજવું કે આમંત્રણ? ગડમથલમાં એટલું સમજ્યો કે તીર કમાનથી નીકળી ગયું. હવે કમાન અને જબાન બેય સાચવવા પડશે.

યેનકેણ પ્રકારેણ બેયને સામસામે ગોઠવીને નીતાનો પતિ બેઠો. કેમિકલ લોચાવાળા અભયની મેજિકલ પત્નીની રાહ જોવાઈ રહી છે. ચાય ઠરી ગઈ. ધબકારા સતત વધી રહ્યા.

## ૧૫. કમનસીબ ક્ષણ – સરલા સુતરિયા

ભીતર તડાક દઈને કશુંક તૂટ્યું હતું. લીલાછમ સપનાની ડાળીએ ઝૂલતી સીમા અચાનક જ વાસ્તવિકતાની કઠોર ભૂમિ પર આવી પડી હતી. એની બહાવરી આંખો ચારે બાજુ ફરી વળી. બધુંય જેમનું તેમ હતું, વ્યવસ્થિત ગોઠવાયેલું. ક્યાંય કશુંય બદલાયું ન હતું. બસ એના નસીબ અને ચાદરની સળ સિવાય!

તકિયાને ટેકે પીઠ ટેકવી બંધ આંખે એ થોડીક મિનિટો પહેલાં વીતી ગયેલી ક્ષણોને ફરી જીવી રહી.

"આજ મારી સાથે લોંગ ડ્રાઈવ પર આવીશ?" સમીરનો અવાજ એના કાનમાં પડઘાયો ને એણે બંને હથેળીથી કાન દાબી દીધાં. એ ક્ષણની લાલસાને એણે ફગાવી દીધી હોત તો!

લોંગ ડ્રાઈવની ઉત્તેજના એના એકાંત રૂમમાં આવી પડઘાઈ હતી. ઈજન આપતી નજરમાં એને સ્વર્ગનું સુખ લાગ્યું હતું. એકમેકમાં ઓગળતા બે શરીરો મર્યાદાની અંતિમ સીમા લાંઘે એ પહેલા એનું સત્વ જાગી ઊઠ્યું ને એણે સમીરને ધક્કો મારી દીધો. ઉત્તેજનાથી હાંફતો સમીર એને પકડવા ધસ્યો પણ સીમાએ પોતાને બાથરૂમમાં કેદ કરી બચાવી લીધી. નાકામ કોશિશોથી થાકી આખરે સમીર ખાસ ગોઠવેલા પોતાના મોબાઈલને લઈ ચાલ્યો ગયો.

સમીરના જવાની ખાત્રી થતાં તેણે બાથરૂમમાં શાવર ચાલુ કર્યો. શાવર નીચે ઊભેલી સીમા પોતાના અંગે અંગ પર ઉપસી આવેલા ચકામાને નફરતથી તાકી રહી, ત્યાં જ એના મોબાઈલમાં સમીર માટે ખાસ ગોઠવેલી રિંગ વાગી.

# એન્ની મેકમોહનની માઇક્રોફિક્શનનો અનુવાદ - આસ્વાદ - ધર્મેશ ગાંધી, સોનિયા ઠક્કર

## Spiritual Thunderstorm

I stepped outside into a gorgeous summer day. The sun made everything look bright and cheerful. It would have been an ideal day for a picnic—if I still had a special someone to picnic with.

Nobody would have suspected the thunderstorm going on inside my heart. Lightnings illuminated hidden emotions briefly, followed by a clasp of crushed hopes. Droplets of internal tears poured down, washing off what remained of my romantic dreams.

I sat at the bus stop with a book, reading the same paragraph for the fifth time and trying to look indifferent to my internal weather patterns. Sunglasses masked my puffy eyes and returned the reflection of a nearby flower. I will never love again. Love is just an illusion leading nowhere.

I was so absorbed in my thoughts, I didn't notice the man taking a seat beside me.

"Excuse me, Miss, but I couldn't help noticing that you're reading O. Henry. He's my favorite author."

His deep voice startled me. His friendly smile warmed up my damp heart and blew away some of the storm clouds.

"He's my favorite as well." I tried to return his smile.

We spent the next fifteen minutes talking about literature and its influence in today's culture. The bus came and went. We pretended not to notice.

"By the way, my name is Mark." As his warm hand shook mine, an electric current coursed through me.

"Do you care to join me for lunch?" he added, ignoring my blushing cheeks. "Let's start all over again, shall we? I'm sorry about this morning."

A rainbow appeared, leading the way to a heart of gold. I followed it.

- Annie McMahon (275 words)

**ઝંઝાવાત**

ઉનાળાના એક ખૂબસૂરત દિવસમાં મેં બહાર પગ માંડ્યાં. તેજસ્વી અને ખુશખુશાલ લાગવા માટે સૂર્ય પણ બધું જ કરી છૂટ્યો હતો. પિકનિક માટે એ એક આદર્શ દિવસ બની રહ્યો હોત – જો હજુયે મારી પાસે કોઈક 'ખાસ' હોત કે જેની સાથે ઉજાણી કરી શકાય...

મારા હૃદયની અંદર ઊઠી રહેલા ઝંઝાવાતનો કોઈને સંશય પણ નહીં થયો હોય. થોડાં સમય માટે છુપાઈ રહેલી લાગણીઓને વીજળીઓએ પ્રકાશિત કરી કચડાયેલી આશાઓને એક આલિંગન આપ્યું. બાકી રહેલાં મારાં પ્રણયરંગી સ્વપ્નોને ધોઈ નાખતાં હોય એમ આંતરિક અશ્રુઓના સૂક્ષ્મ બિંદુઓ ટપક્યાં.

મેં બસ-સ્ટોપ પર બેઠક લીધી; એક પુસ્તક ઉઘાડીને વાંચવાનો દેખાવ કર્યો; એક જ ફકરો પાંચમી વખત વાંચતા મેં જાણે કે મારાં આંતરિક સંજોગોની રચનાને ઉદાસીન દેખાવાની કોશિશ કરી. સનગ્લાસે મારી સૂજેલી આંખોને મુખવટામાં કેદ કરી અને નજીકમાં રહેલાં ફૂલોનું પ્રતિબિંબ ફેંક્યું. 'હું ફરી ક્યારેય પ્રેમ નહીં કરું. પ્રેમ એ ફક્ત એક છેતરામણો આભાસ છે કે જે ક્યાંયે દોરી નથી જતો.'

હું મારા વિચારોમાં એકદમ લીન, મેં એ પણ ધ્યાન નહીં આપ્યું કે એક પુરુષ મારી બાજુમાં બેસી રહ્યો છે.

"માફ કરશો, મિસ, પરંતુ હું એ બાબત લક્ષમાં લેતાં રોકી નહીં શક્યો કે આપ ઓ. હેનરી વાંચી રહ્યાં છો. તે મારા પ્રિય લેખક છે."

તેના ગહન અવાજે મને અશ્ચર્યચકિત કરી. તેના મૈત્રીપૂર્ણ સ્મિતે મારાં નિરાશ હૃદયને હૂંફ આપી અને વંટોળિયાના થોડાં વાદળોને દૂર ઉડાવી દીધાં.

"તે મારાં પણ પ્રિય છે." મેં એના સ્મિતને પરત કરવાનો પ્રયત્ન કર્યો.

ત્યાર પછીની પંદર મિનિટ અમે સાહિત્ય અને આજની સંસ્કૃતિ પર એની અસર વિષેની ચર્ચા કરવામાં ગાળી. બસ આવી અને જતી રહી. અમે ધ્યાન પર નહીં લીધાનો ડોળ કર્યો.

"અરે હા... મારું નામ માર્ક છે." જેવો એના હૂંફાળા હાથે મારાં હાથને હલાવ્યો, મારાંમાંથી એક વીજપ્રવાહ પસાર થઈ ગયો.

"આપને મારી સાથે લંચમાં જોડાવવામાં રસ છે?" મારાં શરમાળ ગાલને અવગણતા એણે ઉમેર્યું, "ચાલો ફરી બધું શરૂથી શરૂ કરીએ, કરી શકીએ? આજની સવાર માટે હું દિલગીર છું..."

સોનેરી હૃદય તરફ દોરી જતું એક મેઘધનુષ્ય દેખાયું. હું એને અનુસરી.. (શબ્દો: ૩૦૩)

પ્રથમ પુરુષ એકવચનની શૈલીમાં લખાયેલી ને દિલને સ્પર્શી જાય તેવી એન્ની મેકમોહનની સુંદર માઇક્રોફિક્શન એટલે Spiritual Thunderstorm. હૃદયનો આ એક એવો ઝંઝાવાત છે કે જે પ્રણય અને પ્રકૃતિનો સમન્વય સાધી વાચકના દિલમાં ઊંડી છાપ છોડી જાય છે. ઉનાળાના એક દિવસની અહીં વાત છે. પાત્ર આપણને વાત કરતાં કરતાં તેની સાથે એક નવી દુનિયામાં લઈ જાય છે. સૂર્યની ખુશખુશાલ લાગવાની નહીં પણ નાયિકાની મથામણ છે. કોઈક 'ખાસ' સાથે ઉજાણી ન કરી શક્યાનો કેટલો બધો વસવસો! વાચક વિચારતો થાય કે એ ખાસ છે કોણ?

બીજા જ ફકરામાં હૃદયના ઝંઝાવાતની વાત સરળ શબ્દોમાં મૂકી દીધી છે. આવી તો કેટલીય વ્યક્તિઓ આ દુનિયામાં હશે કે જેના દિલમાં અનેક તોફાનો ને મુખ પર છલોછલ સ્મિત હશે! કચડાયેલી આશાને આલિંગન આપતો સુંદર રીતે શૃંગાર આલેખાયેલો જોઈ શકાય છે. આંતરિક અશ્રુઓમાં વાચક ભીંજાયા વગર રહી જ ન શકે. પછી તરત જ વાર્તા વર્તમાનમાં આવે છે, નાયિકા બસ સ્ટોપ પર બેસી પુસ્તક વાંચે છે. એકનો એક ફકરો પાંચમી વખત વાંચી જાણે કે પોતાના હૃદયની વાતને વધુ દ્રઢ કરે છે. એ ફકરો એના હૃદયનું પ્રતિબિંબ બને છે. Love is just an illusion leading nowhere. 'પ્રેમ એ ફક્ત એક છેતરામણો આભાસ છે કે જે ક્યાંયે દોરી નથી જતો.' આ આખું વાક્ય એક નવી જ ક્ષિતિજ ખોલી આપે છે, એની ઉદાસીનું કારણ વાચકો હવે જાણી લે છે. સૂજેલી આંખો અનંત શક્યતાઓનું આકાશ અહીં ખડું કરે છે.

હવે વાર્તામાં એક પુરુષ પાત્ર પ્રવેશે છે. નાયિકાની બાજુમાં આવીને બેસી જાય છે ને કોઈ પણ જાતની પૂર્વભૂમિકા વગર સીધી જ વાત આરંભે છે. ઓ. હેનરીને વાંચી રહેલી નાયિકા સાથે વાતોએ વળગે છે. હવે પેલો વંટોળ ધીમો પડે છે, વાદળો દૂર ધકેલાય છે... સ્મિતની આપલે પણ થાય છે ને સાહિત્ય અને સંસ્કૃતિની વાતોનો દોર ચાલે છે. બંનેની વિચારધારા ને પસંદગી ઘણી મળતી આવે છે એવું લેખિકા સ્પષ્ટપણે બતાવે છે. વાતચીત દરમિયાન બસ આવે છે ને

જતી રહે છે એ વાત બંને નોંધે છે છતાં અવગણે છે! બંનેને એકબીજાની કંપની ફાવી ગઈ છે. પોતાનો પરિચય આપી નાયક જ્યારે હાથ મિલાવે છે ત્યારે પ્રથમ સ્પર્શનો રોમાંચ અનુભવાય છે. શરમાળ ગાલને લંચનું આમંત્રણ મળે છે ને અહીં વાર્તાપ્રવાહ મોટો પલટો લે છે. માર્ક બોલે છે, "Let's start all over again, shall we? I'm sorry about this morning." અત્યાર સુધી જેને અજાણ્યો સમજતા હતા તે તો નાયિકાનો પોતાનો જ નીકળ્યો! તેની ઉદાસીનું કારણ પણ આવ્યું. અંતમાં સોનેરી હૃદય તરફ દોરી જતું મેઘધનુષ દેખાયું, જ્યાં અત્યાર સુધી એક વાવાઝોડું હતું ત્યાં હવે વરસાદ પછી આકાશમાં રચાતી રંગોળી પથરાઈ ગઈ છે.

A rainbow appeared, leading the way to a heart of gold. આ વાક્ય મૂકીને લેખિકાએ વાર્તા સમેટી લીધી.

સબળા પાસાંઓ :

- માઇક્રોફિક્શનના લગભગ બધા જ નિયમો અહીં સાર્થક થતાં જોવા મળે છે.
- ખૂબ જ સુંદર ઉપાડ સાથે લેખિકાએ વાત આરંભી છે, ને એટલી જ સારી રીતે વાતને વળાંક આપી અંત આણ્યો છે.
- માત્ર બે જ, પણ સબળ પાત્ર ઉપસાવ્યાં છે. નાયિકાનું નામાભિધાન ન કરીને એને આ જગતની બીજી સ્ત્રીઓ સાથે બખૂબીથી જોડી દીધી છે.
- બાહ્ય વાતાવરણનો ભીતરી સંચલનો માટે ઉપયોગ કર્યો છે. પ્રકૃતિના વિવિધ તત્વો આલેખી નાયિકાની મન:સ્થિતિ ઓછા શબ્દોમાં બતાવી છે.
- ઓછામાં ઓછા સંવાદો લઈને વાતને વધુ બોલકી બનાવી છે.
- દરેક નવા ફકરાએ એક નવી વાત ઉઘડીને આવે છે. નવા આકાશની બારી શબ્દો થકી ખૂલે છે.
- આ બંને પ્રેમીયુગલ છે કે પતિ-પત્ની? ક્યા કારણે નાયિકા ઉદાસ છે? સવારે એવું તો શું થયું કે માર્કે માફી માંગી? નાયિકા એની સાથે જવા તૈયાર તો થઈ પણ સબંધ પહેલા જેવો થશે? - આવા અનેક સવાલો છે જેના જવાબો વાચકો જાતે શોધે છે. ઘણું બધું કહ્યા પછી પણ ઘણું કહેવાનું બાકી રાખ્યું છે એ એક મોટી વિશેષતા છે.

નબળાં પાસાંઓ :

- આ એક એવો વિષય છે કે જેના પર વધુ પ્રમાણમાં લખાયું છે. બે પ્રેમીઓનું કોઇક કારણસર ઝઘડવું અને રિસાવું તથા મનાવવું. વિષય પરત્વે અહીં નવીનતા જણાતી નથી.
- અહીં એક સવાલ ઉદ્ભવ્યા વગર નથી રહેતો કે નાયિકા જ્યારે માર્કથી ઉદાસ થઈને ચાલી આવી છે ને એ જ પુરુષ એની બાજુમાં આવીને બેસે છે ત્યારે તે સાવ અજાણી વ્યક્તિ હોય તેમ કેવી રીતે વર્તી શકી? થોડી વાર પહેલાં જ પાંચ પાંચ વાર વાંચીને દ્રઢ કરેલા ફકરાને અવગણીને નાયિકા કઈ રીતે સ્મિત પરત કરી શકે? આખી રચના વાંચ્યા બાદ વિચાર કરીએ તો આ બાબતને જરા પણ અવગણી ન શકાય.

વિષયની નવીનતા નથી પણ રજૂઆતની તાજગી હોવાથી આ રચના અનુવાદ અને આસ્વાદ માટે પસંદ કરી છે. ને કહેવાય છે ને કે, 'બ્રહ્માની સૃષ્ટિ કરતાં કવિની સૃષ્ટિ ન્યારી હોય છે.' એ વિચારને ધ્યાનમાં લઈએ તો ઉદાસ નાયિકા અલગ જ રીતે વર્તે તેમાં નવાઈ નહીં.. બે નબળા પાસાં સામે અનેક સબળ દલીલો દેખાય છે. વાવાઝોડું અનેક હૃદયને સ્પર્શી જતી રચના બને છે.

## ૧૬. બળાપો – જાહ્નવી અંતાણી

'તું મારી સાથે આવું કેમ કરે છે? સમજતો કેમ નથી? હું સહેજ આગળ વધું, તું નીચે ઉતારી પાડે; હું જરાક ખુશ થાઉં, તેમાં તું ખૂંચ કાઢે.. મારે શું કરવું? તને મારી જરાય દયા નથી આવતી?' સ્વગત બબડતો સુદેશ હાથમાં ટુવાલ લઈ ન્હાવા ચાલ્યો. નહાતા નહાતા ફરી દિમાગ ચકરાવે ચઢી ગયું, 'હમણાંની જ વાત છે, મોટું ઘર લેવા માટે લોન પેપર ફાઇનલ કર્યા તેમાં દીકરાએ પરદેશ ભણવા જવાની ફરમાઇશ કરી; દીકરી યુવાનીના ઉંબરે ઉભી જ છે અને એ.. હું એકલો કેટલે ઠેકાણે પહોંચું? તું કાયમ કેમ આવું કરે છે?'

એ બળાપા કાઢતો હતો ત્યાં જ એક અવાજ પડઘાયો, 'કારણ કે હું સમય છું.' અને સુદેશ ગીઝરના ગરમ પાણીના ફુવારાથી દાઝી ગયો.

દીકરી બારણું ધડધડાવતી કહી રહી હતી, "પપ્પા, તમારા માટે અર્જન્ટ ફોન છે, જલ્દી બહાર આવો."

## ૧૭. કળિયુગ – હિરલ કોટડીયા

"અરે! નિરવ તું?"

મને અચાનક વહેલો આવેલો જોઈને મારો ભોળો મિત્ર ઝંખવાઈ ગયો. અને પેલી રસોડાના પાછળના બારણેથી બહાર નીકળી ગઈ અને મારા પલંગ પર પડેલી સળો જાણે મેં હમણાં જ કવિસંમેલનમાં ગાયેલો ગની દહીવાલાનો શેર મને જ સંભળાવતી હતી..

"તમે રાજરાણીના ચીર સમ અમે રંક નારની ચૂંદડી,

તમે બેઘડી રહો અંગ પર, અમે સાથ દઈએ કફન સુધી"

ગુલાબનું ફૂલ અને છરી મારા ખિસ્સામાં જ રહી ગયા. પલંગની એ ભોળી સળો સામે જોઇને મેં કાતિલ સ્મિત કર્યું.

## ૧૮. સણકો – નિમિષ વોરા

સેના નિવૃત યશપાલ છેલ્લા ત્રણ વર્ષથી હરરોજ આંખોમાં આશા લઈ હોસ્પિટલના પગથિયાં ચડે અને સાંજે નિરાશ થઈ પાછા વળે.

રોજ પત્નીની આંખોમાં રહેલા ભાવ તેને જાણીને જ વાંચવા નહોતા, દીકરાએ મા ની સામું જોઈ નિર્ણય લેવાની કેટલીય આજીજીઓ કરી છતાં માન્યા નહિ.

એક દિવસ વહેલી સવારે હોસ્પિટલ પહોંચતા જ પત્નીની ઈચ્છા મૃત્યુના ફોર્મ પર લાઈફ સપોર્ટ સિસ્ટમ હટાવી લેવા સહી કરી પત્નીને માથે હાથ ફેરવતા તેની બાજુમાં બેસી રહ્યા. કાલ રાતથી શરૂ થયેલો દાઢનો દુખાવો વધુ એક સણકો આપતો ગયો.

## ૧૯. પ્રત્યાઘાત – પ્રીતિ ભટ્ટ

"રિતેશ, તમે અત્યારે ફ્રી છો?" કાવ્યાએ પ્રેમથી પૂછ્યું.

રિતેશ ચિડાઈને બોલ્યો, "કેમ શું છે?"

"એક વાર્તા લખી છે, તમને સંભળાવવા માંગુ છું; કોઈ ભૂલ હોય તો સુધારી આપજો."

"ઓહો વાર્તા! તો હવે તું વાર્તા લખવાની?"

"ના બસ, એમ જ વિચાર આવતા લખી."

"રે'વા દે! આ બધું તને નથી શોભતું સમજી! જેવી તું તેવી તારી વાર્તા – તદ્દન બકવાસ."

કાવ્યા મનોમન જ સમસમીને બેસી રહી. બીજે દિવસે રિતેશ અગાશીમાં ફોન ઉપર કોઈક સાથે પ્રેમથી વાત કરી રહ્યો હતો, "ડિયર, તારી કવિતા વાંચી. સાચ્ચે, સીધી હ્રદયને સ્પર્શી ગઈ! તું જેટલી સુંદર છે એટલી જ તારી રચના પણ.. "

કાવ્યા આયના સામે ખુદને નિહાળતાં બોલી, "હા રિતેશ! સાચ્ચે જ, હું બકવાસ દેખાઉ છું એટલે મારી વાર્તા પણ.. હું હાર નહીં માનું."

રિતેશ છાપું વાંચવા બેઠો; છાપાની પૂર્તિમાં 'એક પ્રત્યાઘાત - કાવ્યા મજમુદાર' વાંચતા જ એની આંખો ચોંકી ગઈ.

કાવ્યાનો મોબાઈલ રણક્યો, સ્ક્રિન પર ફ્લેશ થતા નામને જોઈ રિતેશની આંખ ચમકી, કાવ્યાના હોઠ મલકયા.

## ૨૦. બદલો – સમીક્ષા કુંમ્મર

"અંધારી રાત, બિહામણાં અવાજો, ભયાનક ચીસો... ચિંતા ન કર, એ બધાથી પણ વધારે ભયાનક હતી અમારી હયાતી."

"સાંભળો છો? ચિન્ટુના રીઝલ્ટમાં સહી કરવાની છે, કરી આપોને...!"

"ભાભી! તમે તો આખી વાતની મજા બગાડી નાખી, વાત કરવા દો ને શાંતિથી" પાળી પર બેઠેલો નિલયનો મિત્ર બબડ્યો.

"સોરી બાબા! સહી કરી આપો પછી જે કરવું હોય એ કરો"

"લાવ જલ્દી "

"આપણે ક્યાં હતાં, એ બધાથી પણ વધારે ભયાનક હતી અમારી હયાતી..."

"કદાચ અમારી પણ...!" ક્રિશે દિવ્યા સામે જોઇને એક કપટી સ્મિત ફેંક્યું, ને ચાર કપટી હાથના ધક્કાએ નિલયને હવામાં ફંગોળ્યો. લાશ જમીન પર ને જીવ અધ્ધર...

"શહેરના જાણીતા સી.આઈ.ડી. ઓફીસર નિલયે ચોથા માળેથી ઝંપલાવી આત્મહત્યા કરી! તેમણે પોતાની બધી મિલકત અનાથાશ્રમનાં મેનજર અને તેમનાં મિત્ર ક્રિશના નામે કરી છે." પેપર નીચે મૂકતા દિવ્યાને સંતોષ થયો.

"દિવ્યા, એક વાત ખબર ન પડી, તારે મિલકત નહોતી જોઇતી, તો પછી નિલયને મારવાનું કારણ?"

દિવ્યાની આંખો ભૂતકાળની કોઈ ઘટના સામે જાણે અંગારા વરસાવતી હતી, ને તેને બુજાવા જ ફરી આંસુ બની ને સરતી હતી..

## સોશિયલ મિડીયામાં સર્જન

**વ્હોટ્સએપ – ૯૯૭૪૪ ૧૦૮૬૮**

**ફેસબુક** - https://www.facebook.com/microsarjan

**ટ્વિટર** - https://twitter.com/sarjan_mfc

**વેબસાઈટ** - http://microsarjan.in/

## માઇક્રોફિક્શન અને લઘુકથા : ભેદ અને સમાનતા – નીલમ દોશી, જીજ્ઞેશ અધ્યારૂ

લઘુકથા અને માઇક્રોફિક્શન વચ્ચે સમાનતા અને ભેદ રેખા અંગેના કેટલાક મુદ્દા અત્રે પ્રસ્તુત કરવાનો ઉદ્દેશ છે. લઘુકથા વિશે શ્રી મોહનભાઈ પટેલે તેમના પુસ્તક ગુજરાતી લઘુકથા સંચય (સંપાદક મોહનલાલ પટેલ, પ્રફુલ્લ રાવલ, ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ અમદાવાદ)ના આમુખમાં વિગતે વાત મૂકી છે. તેના આધારે અને માઇક્રોફિક્શન અંગેની ઉપલબ્ધ સામગ્રીના અવલોકનને આધારે પ્રસ્તુત લેખના મુદ્દા લીધા છે. આ મુદ્દા અંગે વધુ વિગતે ચર્ચા થશે તો તે બંને સ્વરૂપને ઉપકૃત થશે એમ અમારું માનવું છે.

લઘુકથા એટલે નામ પ્રમાણે લઘુ, નાની હોય જ એ સહેજે સમજી શકાય છે, પરંતુ લઘુકથાને ફક્ત શબ્દ સંખ્યા સાથે જ સાંકળીને એવી કોઈ વ્યાખ્યામાં કેદ ન કરી શકાય. અલબત્ત લઘુકથામાં લાઘવ તો અપેક્ષિત હોય જ. ૩૦૦ શબ્દોથી માંડીને ૧૦૦૦ શબ્દો સુધી પણ એ વિસ્તરી શકે. લાઘવ માત્રથી વાર્તા લઘુકથા ન બની શકે. રાવજીભાઈ લઘુકથાને ઉર્મિકથા પણ કહે છે, ભગવદ્ગોમંડળ 'કથા'નો અર્થ આપે છે 'નવલકથા; વાર્તા; સંસારચિત્ર.'

શોર્ટ-શોર્ટ ફિક્શન, ફ્લેશ ફિક્શન અથવા પ્રચલિત રીતે માઇક્રોફિક્શન તરીકે ઓળખાતો વાર્તાપ્રકાર પૂર્વના સર્જકોને મતે એક હાઈબ્રીડ પ્રકાર છે જેમાં કાવ્યાત્મક પ્રસ્તુતિ અને સંક્ષેપ વૃત્તાંતનો પ્રમાણસર સંગમ હોય છે. પૂર્વના સર્જકોએ આ પ્રકારના વર્ગીકરણ અને શાબ્દિક મર્યાદાઓ સિવાય તેમની સર્જનાત્મક ભિન્નતા વિશે કેટલી સ્પષ્ટતા કરી છે? અથવા આ બે અથવા એ સિવાયના પણ કથાના અન્ય પ્રકારો વચ્ચેની ભેદરેખા તેમણે કેટલી સ્પષ્ટ કરી છે એ શોધવાનો અમારો યત્ન છે. ૩૦૦ શબ્દો અને કેટલાક લેખકોને મતે ૫૦૦ શબ્દો સુધીની મર્યાદામાં માઇક્રોફિક્શન લખાય છે. મેન બુકર વિજેતા લિડીયા ડેવિસ અને અન્ય ઘણાં જાણીતા અંગ્રેજી લેખકો માઇક્રોફિક્શનના મુખ્ય ગુણધર્મ તરીકે 'એક્સ્ટ્રીમ બ્રેવિટિ', અતિશય સંક્ષેપ એવો શબ્દ વાપરે છે. લઘુકથા અને માઇક્રોફિક્શન વચ્ચેનો આ મુખ્ય અને ઊડીને આંખે વળગતો ભેદ છે.

સ્પેનિશ અને પોર્ટુગીઝ ભાષા અને સાહિત્યના પ્રોફેસર મેરી લુઈસ પ્રેટ તેમના લેખ 'ધ શોર્ટ સ્ટોરી - ધ લોંગ એન્ડ શોર્ટ ઑફ ઈટ'માં લખે છે, 'વાર્તાના પ્રકારો વચ્ચેના સંબંધો, તેમની વચ્ચેની સમાનતાઓ કે ભિન્નતાઓ સપ્રમાણ હોવી જરૂરી નથી.' પ્રેટ વાર્તાપ્રકારોના વર્ગીકરણને ફક્ત તેમના ખૂબ અગત્યના લક્ષણોને આધારે નહીં પરંતુ તેમના મરજિયાત અને ક્યારેક જ સ્પષ્ટ થતા પણ પ્રકારની અનોખી આભા ઉપસાવતા લક્ષણો, જે બીજા પ્રકાર સાથે તેમની ભિન્નતા માટે ખૂબ જરૂરી ન પણ હોય - તેમને પણ ધ્યાનમાં રાખવામાં આવે એ મતનાં છે.

લઘુકથામાં સ્વાભાવિક રીતે જ વર્ણન કે પાત્રના વિગતવાર વિસ્તારને, પરિચયને બહુ અવકાશ નથી. લઘુકથાનું સૌથી મુખ્ય અને અનિવાર્ય પરિબળ છે.. સંવેદન. કોઈ વિશિષ્ટ પરિસ્થિતીથી પાત્ર ક્ષુબ્ધ બને, ખળભળાટ અનુભવે કે મનમાં કોઈ આંદોલન જાગે ત્યારે લઘુકથાનું બીજ ઉદભવે. અને એ સહજ સંવેદન જ્યારે ઓછા શબ્દોમાં વાચકને સ્પર્શી જાય એ રીતે કાગળ પર અવતરી શકે ત્યારે લઘુકથા જન્મે. તો માઇક્રોફિક્શન પણ આ જ બંધારણ સાથે, ફક્ત જરૂર

પૂરતી મોકળાશમાં જ પાત્ર કે વાતાવરણને અગત્ય આપ્યા વગર ફક્ત કથાનકને જ મુખ્ય ગણીને વિકસે છે. અહીં પાત્ર પરિચયને સહેજ પણ અવકાશ નથી, ક્યારેક સંવેદન પણ એનો મુખ્ય હિસ્સો નથી હોતો. લઘુકથાનું બીજ કોઈક ખળભળાટ કે ક્ષુબ્ધતા લાવતો પ્રસંગ હોઈ શકે જ્યારે માઇક્રોફિક્શનનું પરિણામ વાચકના મનમાં ક્ષુબ્ધતા, વિચારમાળા કે ખળભળાટ મચાવી જતું હોય એવું અનુભવાયું છે.

લઘુકથાની જનક ઘટના આકિસ્મક અને ક્ષુદ્ર હોવી જરૂરી છે. ક્ષુદ્ર અર્થાત્ નગણ્ય એવો અર્થ નહીં, પણ હળવું કે અલ્પ ફલકવાળું, જેની કોઈ બહુ મોટી દૂરગામી અસર ન હોય. આકસ્મિક અર્થાત લઘુકથાનું જનક કોઈ પૂર્વધારણા નહીં, પણ ચિત્તમાં વીજળીના ઝબકારની જેમ સાવ અણધારી જ ઝબકી ઊઠે અને મનને ઝંકૃત કરી, થોડી વાર ખળભળાવી, ઉદાસી જે પ્રસન્નતા કે કોઈ પણ સંવેદનાનો ચમકારો માત્ર બતાવી અદ્રશ્ય થઈ જાય. ક્ષુદ્ર, અર્થાત્ સાવ નાનકડી ઘટના, સીચ્યુએશનથી ચિત્ત ક્ષુબ્ધ થાય અને અતીતની કોઇ સ્મૃતિ ઝંકૃત બનીને ચિત્તનો વિસ્તાર કરવા લાગે એ લઘુકથાનું પ્રમુખ લક્ષણ છે. સામાન્ય રીતે લઘુકથા વર્તમાન અને અતીતના સંધિકાળે ઊભેલી હોય છે. જીવનની કોઈ ક્ષણે જયાં થોડી વાર પૂરતો વર્તમાન, અતીતમાં સરકી પડતો હોય છે. એ ક્ષણ લઘુકથાની જનક બની રહે.

માઇક્રોફિક્શન અહીં તદ્દન સમાનતા સાથે ઊભી રહે છે, તેમાં પણ તદ્દન નાનકડો પ્રસંગ, ઘટના કે અવલોકન જ વાર્તાતત્વને સ્થાપિત કરવા પૂરતું છે. અહીં મને લિડીયા ડેવિસે કહેલો મુખ્ય ભેદ યાદ આવે, લઘુકથા કે એથી આગળ વધીને ટૂંકી વાર્તામાં માઇક્રોફિક્શન કરતા અભિવ્યક્તિ માટે જગ્યા વધારે હોવાને લીધે વાચક કથાનકની સાથે જોડાય છે, એને અનુભવી શકે છે અને લાગણીનો તંતુ પ્રસ્થાપિત થાય છે, જ્યારે માઇક્રોફિક્શનનું અતિશય ટૂંકુ સ્વરૂપ વાચકને ત્રીજા પુરુષ તરીકે ઘટનાને જોવાની, કથાનકને અપ્રત્યક્ષ રીતે જોવાનો અવસર આપે છે. સંક્ષેપને લીધે વાચક કથાનકમાં લાગણીનો તંતુ પ્રસ્થાપિત કરી શકે એ પહેલા જ વાર્તા પૂર્ણ થઈ જાય છે, એટલે એના પરિણામ કે પછી થનારી અધ્યાહાર રહેલી ઘટનાઓ વિશે એ વૈચારિક ક્ષમતાથી જોડાય છે.

લઘુકથા જીવનના કોઈ એકાદ સંદર્ભને સ્પર્શે છે, સમસ્ત જીવનને નહીં, અને વ્યક્તિને કોઈ વિશિષ્ટ પરિસ્થિતીની અનુભૂતિ કરાવી રહે છે. કોઈ ચોક્કસ ક્ષણે ઊઠતી કોઈ ચોક્કસ સંવેદના લઘુકથાની વાહક બને છે. માઇક્રોફિક્શન પણ એમ જ કોઈ એક સંવેદનને સજ્જડ રીતે વાચક સુધી પહોંચાડે છે, તેની વાચકના મનોજગતને સ્પર્શી શકવાની ક્ષમતા ઓછી થતી નથી કારણકે તેનું કથાનક સંક્ષિપ્ત પરંતુ અતિશય કેન્દ્રિત છે.

નવમાંથી કોઈ પણ રસની એ વાહક બની શકે, શરત એટલી જ કે એ સંવેદન પ્રબળ હોવું જોઈએ. લઘુકથામાં લાગણીનું પાસું અતિ પ્રબળ હોવું જોઈએ અને એ લાગણી ફક્ત પ્રસંગ કે ઘટના ન બની રહેતા એકરસ બનીને ભાવકના ચિત્તને સ્પર્શી શકવા સક્ષમ હોવું જોઈએ. પોતીકા અનુભવનું સાધારણીકરણ ન થઈ શકે તો એ વાર્તાને બદલે ફક્ત પ્રસંગ કથા કે નરી ઘટના બની રહે અને આ વાત માઇક્રોફિક્શનને પણ શબ્દશઃ લાગુ પડે છે.

લઘુકથા અંતમાં ખાધું, પીધું ને રાજ કર્યું જેવી ન હોય. જ્યાં વાર્તા પૂરી થાય ત્યાંથી આગળ વાચકના મનમાં એ ચાલુ થતી હોય છે. એને અધૂરો અંત હરગિઝ ન કહી શકાય. લઘુકથાની શરૂઆત આદિ, મધ્ય કે અંત ગમે ત્યાંથી થઈ

શકે. જેવી વાર્તાની જરૂરિયાત. દરેક સર્જકની એક પોતીકી આગવી અભિવ્યક્તિ, આગવી શૈલી હોવી સ્વાભાવિક છે પરંતુ લઘુકથામાં પણ દરેક વાર્તા પ્રકારની જેમ આદિ, મધ્ય અને અંત તો હોય જ છે, એનો વિસ્તાર નથી હોતો. એક પણ નકામા શબ્દનો ભાર લઘુકથા વહન ન કરી શકે. વાર્તાને અંતે ચોટ હોવી એ લઘુકથાનું એક અગત્યનું લક્ષણ જરૂર છે. પણ એ ચોટ યુક્તિપૂર્વક ઘૂસાડેલી ન હોવી જોઈએ. ચમકારો સહજ રીતે આવે તો જ રસભંગ ન થાય અને એની અસર ભાવકને પહોંચે. ચોટ કે ચમત્કૃતિ ન હોય તો પણ સારી લઘુકથા જરૂર બની શકે.

તો માઇક્રોફિક્શન પ્રકાર એથીય વધુ સ્પષ્ટ રીતે જે કહેવું છે એ અતિશય ઓછા શબ્દોમાં કહેવાનો યત્ન કરતો હોવાને લીધે આદિ, મધ્ય અને અંત હોય એવા પૂર્ણ સ્વરૂપમાં નથી બેસતો. અહીં શરૂઆત જ એક્શનથી છે, કહો કે મધ્યથી છે અને કદાચ અંત પણ પૂર્ણપણે કહેવાતો નથી. વાચક જો હોડીમાં બેસીને દરિયો પસાર કરતો યાત્રી હોય તો વાર્તાનો અંત તેની મંઝિલ નથી પણ તેના હાથમાંનું હોકાયંત્ર અને તેને ક્યાં જવાનું છે એ સ્થળની ઓળખ માત્ર છે, એ યાત્રા વાચકે પોતે પૂર્ણ કરવાની છે, અને સાથે સાથે વાચક એ પ્રવાસમાં ભટકી ન જાય એ પણ ધ્યાન રાખવું એ સર્જકનું કર્તવ્ય છે. ઘણી વખત માઇક્રોફિક્શન પાત્ર પરિચય કે પાર્શ્વભૂમિકા વિના સીધું જ કથાનકથી શરૂ થાય છે, એક્શનથી શરૂ થાય છે, અને એ પૂર્ણ થાય ત્યાં સુધી વાચક તેની સાથે જેટલો સંકળાયો હોય, એથી વધુ એ પૂર્ણ થાય પછી વધુ સંકળાય છે. એક માઇક્રોફિક્શનના અંતે એકથી વધુ શક્યતાઓ તેને વાચક માટે સર્જક બનવાનું એક આહવાન બની રહે છે.

આ વિષયે હજુ ઘણું વાંચવાનું, સમજવાનું અને ચર્ચાની એરણે ચડાવવાનું છે, અનેક વાર્તાકાર મિત્રોએ આ બાબતમાં માર્ગદર્શન, સલાહ અને દિશાચિહ્નો આપ્યા છે, એ સૌની સાથે આ જ વિષયે વધુ વિગતે ચર્ચાઓ કરી, સ્પષ્ટતા લાવી શકીએ એવા પ્રયત્નો વધુ થાય અને સોશિયલ મિડીયામાં માઇક્રોફિક્શન એટલે કંઈ પણ ટૂંકુ એવી ખોટી માન્યતા દૂર થાય એ સાથે તેના વિશેની સાચી પ્રસ્થાપિત અને બંધારણીય સમજ સ્પષ્ટ થાય એ ઇચ્છનીય છે. વાર્તાના આ બે સંક્ષિપ્ત પ્રકાર વચ્ચેની ખૂબ ઉપરછલ્લી ભેદરેખા અને સમાનતા દર્શાવવાનો આ એક યત્ન માત્ર છે જેનો વિસ્તાર આવનારા દિવસોમાં કરીશું.

## ૨૧. ઈશ્વર કૃપા – પાર્મી દેસાઈ

આજે નારી સંરક્ષણ ગૃહમાં એકસાથે બે સામાજિક સંસ્થાના સફળ સંચાલન બદલ પુરુષોત્તમભાઈનું બહુમાન કરાયું.

"ફૂલ નહીં ને ફૂલની પાંખંડી... એમ કહી તેમણે બે-ચાર શબ્દો ઉચ્ચાર્યા, એમની આંખોમાં રંગીન ફૂલોની રંગત દેખાઈ આવી.

"મારું મુખ્ય કામ તો નારી સંરક્ષણ ગૃહને વ્યવસ્થિત રીતે સંભાળી આપ સૌની સંભાળ લેવાનું જ છે... પણ ઈશ્વરકૃપાથી અનાથઆશ્રમના સંચાલનની પણ શક્તિ મળી રહે છે."

## ૨૨. નો છાપુ, નો ટી.વી. – નીલમ દોશી

સમાચાર પર નજર પડતા જ રાધિકાએ છાપાનો ડૂચો વાળી માળિયા પર ઘા કર્યો. રહીમ બ્રશ કરીને આવ્યો, રોજની જેમ બંને સાથે ચા પીવા બેઠા. ચાનો કપ લેતા રહીમે પૂછ્યું, "છાપું ક્યાં?"

"ખબર નહીં... આજે છાપાવાળો દેખાયો જ નથી." "રવિવારે છાપું ન આવે એ કેમ ચાલે? એની વે, હું નાકા પર જઇને લેતો આવું." "રહેવા દે.. આવી જશે... એક દિવસ ન વાંચે તો નહીં ચાલે? આજે કોઈ રૂટિન કામ નહીં.. નો છાપું.. નથિંગ." રાધિકાએ કહ્યું. "ઓ.કે.. ચાલ.. જરા ટી.વી જોઇએ બસ?" રહીમ ટી.વી. ચાલુ કરવા ઊભો થયો, "રિમોટ ક્યાં?"

"ખબર નહીં.. ક્યાંક આડુંઅવળું મૂકાઈ ગયું હશે. પણ જવા દે.. આજે નો ટી.વી., નો રૂટિન.. બસ તું અને હું."

"ઓ.કે. મેડમ, એઝ યૂ પ્લીઝ.."

ફોન રણક્યો, રહીમે ઉપાડ્યો, "ના.. છાપું નથી જોયું, કંઇ ખાસ?" સામે છેડેથી શહેરમાં ફાટી નીકળેલા હિંદુ મુસ્લીમ રમખાણના સમાચાર સાંભળતા રહીમ સ્તબ્ધ... નિ:શ્વાસ સાથે એણે ફોન મૂક્યો. પાછળ ફર્યો, રાધિકાની ભીની આંખની લિપિ ઉકેલી રહ્યો. રાધિકાએ તેને ખભે માથું ઢાળી દીધું. રહીમનો હાથ હેતથી પસવારતો રહ્યો. બંને એકમેકના ધબકારા સાંભળી રહ્યા, "તારી વાત સાચી છે રાધિ.. આજે નો છાપું... નો ટી.વી..."

અને ત્યાં ફોન ફરી રણક્યો, અમંગળની આશંકાએ ભીતરમાં ખળભળાટ... ધ્રૂજતા હાથે રહીમે ફોન ઉપાડયો.

## ૨૩. પિરિયડ એટલે? – સંકેત વર્મા

'રીનાને થયું હતું એવું જ બધું થાય છે,' બે પગ વચ્ચે કાપડનો ડૂચો ખોસતાં કાવ્યા મનોમન બોલી, 'પણ મેં તો એની જેમ કોઈ ખરાબ મૅગેઝિન ય જોયું નહોતું, ન તો ત્યાં અડી! તોય? આ લોહી...' એણે પેડુ પર જોરથી દબાવી રાખેલો હાથ ઊઠાવીને બે પગ વચ્ચે ઉભરાયેલા લોહીને જોયા કર્યું.

'મમ્મીને કહું? ના... એને થશે કે મેં ય રીના જેવું કંઈક કર્યું હશે! ગયા મહિને તો બંધ થઈ ગયેલું! પણ આ પાછું? હવે બંધ નહીં થાય તો? કેટલા ડૂચા ભરાવું! પપ્પાને ખબર પડશે તો? સ્કૂલમાં? ના ના, રીનાની જેમ મનેય... મન તો થાય છે રીનાની જેમ હું ય... એણે ઉપર પંખા સામે જોયું અને આંખમાંથી દડદડ આંસુ પડવા માંડ્યા.'

ધડ ધડ ધડ. દરવાજો ઠોકાયો. "કાવ્યા...", મમ્મી આવી ગઈ હતી.

એણે તરત આંસુ લૂછ્યાં.

"કાવ્યા, શું કરે છે? બહાર આવ, તારો બ્લૅક દુપટ્ટો આવી ગયો છે..."

એણે ધીરેથી દરવાજો ખોલ્યો.

મમ્મીની થેલીમાં રહેલા - બ્લૅક દુપટ્ટો અને છાપામાં વીંટાળેલું સેનિટરી પૅડનું પૅકેટ – એકબીજાની સામે જોઈ રહ્યા.

## ૨૪. પોતપોતાનું સત્ય – જીજ્ઞેશ અધ્યારૂ

"રિડિક્યૂલસ, આ બકવાસ તારું સત્ય હશે, પણ મારા મતે તું તકવાદી છે, બીજાની લાગણીને અંગત સ્વાર્થ માટે વસ્તુની જેમ વાપરી જાણે છે."

"મિ. શાહ, હું વિધવા થઈ પછી તેને ચાહતી થઈ તેવું નથી. વર્ષોથી ચાહું છું."

"પણ લકવાગ્રસ્ત સાથે, સ્વાર્થ વગર! પ્રેમ શક્ય નહોતો તો પછી આ સંબંધ કોની જરૂરત હતી.."

"ઈનફ... એવું હોત તો તમારા જેવા વકીલોમાં અને મારા હેતુમાં કોઈ ફરક ન હોત."

કોલાહલ સાથે "ઓર્ડર ઓર્ડર.."નો પડઘો પડ્યો,

"તમારા જેવી સ્ત્રીને સમાજ કયું વિશેષણ આપે ખબર છે?"

"એ સમાજનું સત્ય છે, લકવાગ્રસ્ત હતા ત્યારે તેમની સાથે મારા પતિના કહેવાથી લગ્ન કરેલા, એમાં કોનો સ્વાર્થ હતો? છવ્વીસ વર્ષની છોકરી અને સાઠીંઠ વર્ષનો ઉદ્યોગપતિ.. હું ફક્ત નર્સ હતી. આજે એ નથી અને વિલમાં મારું નામ છે; ફક્ત એટલે હું કોઈકનો સહારો ન બની શકું? એ પણ જીવનના અંતિમ તબક્કામાં છે! અને માઈન્ડ યૂ વકીલ સાહેબ, હજી હું વિધવા નથી, આ અમારું સહિયારું સત્ય છે જેને સમાજની કોઈ મહોરની જરૂર નથી. સ્ત્રીના પ્રેમને તમે શરીરની આગળ જોઈ નથી શકતા એ તમારું નગ્ન સત્ય છે, એ તમને જ મુબારક, ગેટ વેલ સૂન સાહેબ."

સફેદ સાડીના છેડાથી એણે પરસેવાને લીધે રેલાઈ રહેલા લાલ ચાંદલાને સંકોર્યો, ને ફરી તારીખ પડી.

## ૨૫. દિવાળી – ડૉ. હાર્દિક યાજ્ઞિક

સવારથી અમરતલાલ દરેક ક્ષણ અકળાતા હતા. બે દિકરા, વહુઓ, અને એમના દીકરા દીકરીઓ, બધાંને માંડ માંડ એક સાથે ભેગા રહેવા દિવાળીએ બોલાવ્યા તો ખરા પણ...

પૌત્ર પૌત્રીઓને ખોળામાં બેસાડીને વાર્તા કહેવાની ઇચ્છા છોકરાઓના હાથમાં રહેલ સ્માર્ટફોને લઇ લીધી. દાદાની સામે જોવાનો પણ સમય તેમની પાસે નહોતો. મોટો દીકરો આવ્યો ત્યારથી રૂમમાં ભાન ભૂલીને ઉંધેકાંધ પડ્યો હતો, એના માટે દિવાળી એટલે શરાબ. નાના દીકરા અને વહુના પડી ગયેલા ચહેરા પર આ ફેમિલી ગેટટુગેધરને લીધે છોડવી પડેલ દુબઈની ટૂરનો વસવસો આવ્યા ત્યારથી દેખાતો હતો. આવતાંની સાથે બંને વહુઓએ સાસુની સાથે કાળો કકળાટ કર્યો..

અંતે દિવાળીની રાત્રે ગેલેરીમાં, ઘરની વ્યક્તિઓ સાથેના સંબંધો જેવી જ તકલાદી ચાયનીઝ એલ.ઈ.ડીના અજવાળામાં અમરતલાલ ઉભા હતા. રસ્તાની પેલે પાર રહેતા જગુ મોચીના ઝૂંપડે તેમની નજર પડી. જગુનો દીકરો–વહુ માટીના કોડીયામાં તેલ પૂરતા હતા. નાનકડો પૌત્ર જગુ મોચીના ખોળામાં બેઠો હતો. ત્યાં પોતાના ઘરની જેમ ચાયનીઝ એલ.ઈ.ડીથી થયેલું અજવાળું નહોતું પણ ભારતીય સ્ટ્રીટ લાઇટનો ઝગમગાટ હતો.

આ જોઈ મનોમન કશુંક નક્કી કરી અમરતલાલ ઘરમાં પથરાયેલા પોકળ પ્રકાશને બંધ કરવા આગળ વધ્યા.

## મારા મતે માઇક્રોફિક્શન.. – સંકેત વર્મા

ગુજરાતીમાં ગદ્યનું અત્યારે ખૂબ જ ઝડપથી પ્રચલિત થતું જતું નવું સ્વરૂપ એ માઇક્રોફિક્શન છે. માઇક્રોફિક્શનને ફ્લેશફિક્શનનો જ એક પ્રકાર ગણવામાં આવે છે. અત્યારે પ્રચલિત એવી શોર્ટફિક્શનની અલગ અલગ ટર્મિનોલોજીમાં ફ્લેશફિક્શન એ સૌથી જૂની ટર્મિનોલોજી છે. ફ્લેશફિક્શન પણ પહેલા શોર્ટ-શોર્ટ સ્ટોરીના નામે ઓળખાતું. ફ્લેશફિક્શન બાદ શોર્ટફિક્શનની શબ્દસંખ્યા ક્રમશઃ ઘટાડીને વાર્તા લખવાના પ્રયત્નો થયા અને અમુક નવા પ્રકારો જેવા કે માઇક્રોફિક્શન, સડનફિક્શન, નેનોફિક્શન, ડ્રેબલ, ડ્રિબલ, ક્વિટરેચર વગેરે પ્રચલિત થવા લાગ્યા. આ બધાં જ શોર્ટફિક્શન પ્રકારોને આમ તો કોઈ ચોક્કસ શબ્દમર્યાદામાં બાંધી શકાય નહીં પણ છતાંય અમુક શબ્દમર્યાદાઓ હવે રૂઢ થઈ ચૂકી છે ને લગભગ સ્વીકાર્ય છે. ૧૦૦૦ શબ્દોથી નીચેની વાર્તાને ફ્લેશફિક્શન કહેવામાં આવે છે. માઇક્રોફિક્શન માટે આ મર્યાદા ૩૦૦ શબ્દો સ્વીકારાઈ છે. નેનોફિક્શન અને ક્વિટરેચર એટલે કે ક્વિટર પર લખાતું ફિક્શન, ક્વિટરની અગાઉની શબ્દ મર્યાદા, ૧૪૦ શબ્દોમાં લખાય છે. ડ્રેબલ મોટેભાગે ૧૦૦ શબ્દો આસપાસ અને ડ્રિબલ ૫૦ શબ્દોમાં લખાય છે. આ ઉપરાંત બીજા અમુક નામ જેમકે, મિનિએચર ફિક્શન, પામસાઈઝ, સ્મોક-

લોંગ, સડનફિક્શન, પોસ્ટકાર્ડ ફિક્શન વગેરે પણ વપરાતા રહે છે. આપણે ત્યાં આ માટે અતિલઘુકથા અને ચૂસકીકથા (સૌજન્યઃ રાજુલ ભાનુશાલી) જેવા નામ પણ જોવા મળ્યા છે. ઘણીવાર આ બધાં નામ એકબીજા માટે વપરાતા રહે છે. કોઈવાર માઇક્રોફિક્શનને પણ ફ્લેશફિક્શન કહેવામાં આવે છે.

આ બધાં જ પ્રકારોમાં આપણે અહીં મુખ્યત્વે માઇક્રોફિક્શનની વાત કરીશું, જે ૩૦૦ કે તેથી ઓછા શબ્દોમાં લખાય છે.

**નવલકથા, નવલિકા, લઘુકથા અને માઇક્રોફિક્શન**

કથાસ્વરૂપની વાત કરીએ તો મુખત્વે એને નવલકથા, નવલિકા અને લઘુકથા એવા ત્રણ પ્રકારોમાં વહેંચી શકાય. આ બધાં જ પ્રકારો વાર્તાના અમુક ચોક્કસ ઘટકોને આવરે છે. આપણી ચર્ચા માટે આપણે એમાંના નીચેના મુખ્ય ઘટકો વિશે વાત કરીશું.

1) સેટિંગ – સ્થળ-કાળ ઘટકઃ વાર્તા ક્યાં, ક્યારે આકાર લે છે

2) પ્લોટ – વસ્તુ સંકલનાઃ ઘટનાઓની ગૂંથણી

3) પાત્રાલેખન

નવલકથાઓમાં મુખ્ય પાત્રના જીવનની ઘટનાઓને આલેખવા માટે વિશાળ ફલક મળે છે. મુખ્ય પાત્ર અથવા મુખ્ય ઘટનાને ગૂંથવા માટે જોઈએ એવા બીજા કેટલાય પાત્રો, ઘટનાઓ, વાતાવરણ, સ્થિતિ અને સંજોગોના સર્જન માટે પૂરતી જગ્યા મળે છે. મુખ્ય પાત્ર સાથે જોડાયેલા બીજા પાત્રોને વિકસાવવા માટે પણ પહોળો પટ છે. કથાના મુખ્ય વિચાર(થીમ)ને વાચક સુધી પહોંચાડવા માટે લેખક પાસે અનેક વિકલ્પો હોય છે. પ્લોટ અને સબપ્લોટ્સની ગૂંથણીથી લેખક કથાને અંત સુધી પહોંચાડે છે. નવલકથામાં લેખક વાર્તાના મુખ્ય વિચાર સાથે કેટલાય બીજા વિચારો પણ વાચક સુધી પહોંચાડી શકે છે. નવલકથા બાદ કથાસ્વરુપનો એક બીજો પ્રકાર, નવલિકા પ્રચલનમાં આવ્યો. નવલિકાના મુખ્ય ઘટકો નવલકથા જેવા જ છે. પણ એમાં ફલક નાનું છે. શબ્દોની મર્યાદા છે. શબ્દોની મર્યાદા સાથે એમાં કહેવામાં આવતી કથાનું સ્વરૂપ પણ થોડું બદલાય છે. ટૂંકી વાર્તાની કલામાં બિનજરૂરી પાત્રોનો લોપ અને જરૂરી પાત્રોને વિકસાવવા માટે ઓછા શબ્દોમાં શું કરી શકાય એ વિષે મંથન થાય છે. ટૂંકી વાર્તા બાદ બદલાતા સમય સાથે વાર્તાનું નવલિકાથી પણ નાનું સ્વરૂપ, લઘુકથા આવ્યું. એના પણ મુખ્ય ઘટકો તો એ જ છે પણ કથનની ચુસ્તતા અને લાઘવ એ લઘુકથાની માંગ છે. લઘુકથામાં ઘટનાઓના નિરૂપણ, પાત્રોના વિકાસ, વાર્તાનું વાતાવરણ ઊભું કરવા વગેરે માટે ખૂબ ઓછી જગ્યા હોવાથી આ સ્વરૂપ માટે પણ લેખક અલગ ટેક્નિક અપનાવે છે. આમ અહીં જેમ જેમ કથા આલેખવા માટે ફલક નાનું થયું, શબ્દો ઘટ્યા એમ કથાઓનું સ્વરૂપ અને એને આલેખવાની પદ્ધતિ બદલાઈ. લઘુકથામાં ખૂબ ઓછા શબ્દોને લીધે પાત્રાલેખન, ઘટનાઓની ગૂંથણી, વાચકને વાર્તાના વાતાવરણમાં ખેંચી જવાની ક્ષમતા વગેરે

પાસાઓના આકર્ષણો ઓછા થયા. આથી આવી વાર્તાઓનું મુખ્ય આકર્ષણ એમાં રહેલી ઘટના અને એનો અંત બની ગયું. લઘુકથાઓમાં લગભગ (ફરજીયાત નહિ) એવો આગ્રહ રાખવામાં આવ્યો કે અંત ચોટદાર હોય.

અહીં, નવલકથા, નવલિકા અને લઘુકથા ત્રણેય પ્રકારો વાર્તાકથનના તમામ અંગોને આવરે છે પણ વાર્તાકથન માટે મળતી જગ્યાની અલગતાને કારણે એ તમામ અંગોનું નિરૂપણ દરેક વાર્તાપ્રકારમાં અલગ અલગ કળા માંગે છે.

માઇક્રોફિક્શન એ આ ત્રણેય સાહિત્યપ્રકારો કરતા ઓછા શબ્દોમાં લખાય છે; લગભગ 300 કે તેથી ઓછા શબ્દોમાં.

તો માઇક્રોફિક્શન આ ત્રણેય વાર્તાપ્રકારો કરતા કઈ રીતે અલગ પડે છે એ આપણે વાર્તાના ઉપર જણાવ્યા એ ઘટક તત્વોને આધારે જોઈશું.

૧) સેટિંગ: સ્થળ-કાળ

સેટિંગ એટલે વાર્તા ક્યાં અને ક્યારે આકાર લે છે એ બતાવતું ઘટક. જેમકે,

ધૂમકેતુની "પૃથ્વી અને સ્વર્ગ"ની શરૂઆત કંઈક આવી છે:

> *"જ્યાં સતલજનાં ઉતાવળાં વેગભર્યાં પાણી હિમાલયની તળેટીનો ભાગ છોડીને પંજાબના મેદાનમાં પ્રવેશ કરે છે, ત્યાં ગગનચુંબી ડુંગરાઓના પરંપરા અને નાંખી નજર ન પહોંચે તેવાં લાંબાલાંબા મેદાનો, એકબીજાં સાથે હાથમાં હાથ મિલાવી આજે સૈકાઓ થયાં ઘાટી મૈત્રી સાધી રહ્યાં છે. જ્યારે જગત બાલ્યાવસ્થામાં હતું ત્યારે..."*

અહીં સ્પષ્ટ છે કે વાર્તામાં ખૂબ પહેલાંના સમયની વાત છે ("જગત બાલ્યાવસ્થામાં હતું...") અને વાર્તા પંજાબના મેદાનોની છે. સ્થળ-કાળનું ઘટક શરૂઆતમાં જ વાર્તા વિશે એક ભૂમિકા બાંધી આપે છે. નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓમાં એ વિગતે આલેખાય છે. લઘુકથામાં ઓછા શબ્દો સાથે એનું નિરૂપણ થાય છે.

હવે માઇક્રોફિક્શનની વાત કરીએ તો શબ્દમર્યાદાને લીધે એમાં સ્થળ-કાળનો ઉલ્લેખ હોય પણ અને ન પણ હોય અથવા ખૂબ આછો હોય. શબ્દમર્યાદાને લીધે વાર્તાનું આ ઘટક અહીં અલગ રીતે આલેખાય છે.

ઉદાહરણ માટે નિમિષ વોરાની માઇક્રોફિક્શન "ભાર" જોઈએ.

> *બા-બાપુ પર ગુસ્સે ભરાયો હતો. આટલી નાની ખોલીમાં પાંચ માંડ માંડ સમાઈએ છીએ, ત્યાં એક વધુ?*
>
> *કાલથી એક કલાક ઈંટોનો ભાર વધુ વેઠવો પડશે એ કલ્પના જ તેને ડરાવતી... હવે બહુ જલ્દી એક વડાપાઉંના ચાર ભાગ થશે? કે ફરી કશું વેચવું પડશે? આ બધા પ્રશ્નો તેને મૂંઝવતા હતા...*
>
> *ઝૂંપડીમાંથી રડવાનો અવાજ આવ્યો...*
>
> *તેનો ડર વધ્યો... એ રુદન બાળકનું નહીં તેની બાનું હતું...*

*ઝટપટ અંદર દોડ્યો... ચહેરા પર એક નાનું હાસ્ય ઊપસી ગયું.*

આ વાર્તા ક્યાં અને ક્યારે આકાર લે છે એનો ઉલ્લેખ અહીં માત્ર એક જ શબ્દ "ઝૂંપડી" પૂરતો જ છે. પણ છતાં અહીં ઘટના ક્યાં, કેવા વિસ્તારમાં આકાર લેતી હશે એ ખૂબ સરળતાથી નજર સમક્ષ આવી જાય છે. માઇક્રોફિક્શનમાં ઘણીવાર સ્થળ-કાળની કલ્પના વાચક પર પણ છોડી દેવામાં આવે છે. ઉપરની વાર્તામાં જે ઘટના આકાર લે છે એને તમારી કલ્પના કયા સમયમાં મૂકે છે? વહેલી સવાર, દિવસ, બપોર, સાંજ, રાત, મોડી રાત? એનાથી વાર્તાનું દ્રશ્ય કેવું બદલાય છે એ અનુભવો.

૨) પ્લોટ/ વસ્તુ સંકલના: ઘટનાઓની ગૂંથણી

કોઈપણ કથાસ્વરૂપમાં પ્લોટ હોય. પ્લોટ એટલે વાર્તાની ઘટનાઓની ગૂંથણી. નવલકથા, નવલિકા, લઘુકથા અને માઇક્રોફિક્શનમાં પ્લોટનું કદ બદલાય છે. નવલકથામાં જેમ એક પ્લોટ અને ઘણા સબ-પ્લોટ્સ (પેટા-પ્લોટ્સ) હોય એવું શબ્દમર્યાદાને લીધે નવલિકામાં લગભગ બનતું નથી અથવા નવલિકામાં સબપ્લોટ્સની સંખ્યા ખૂબ ઓછી હોય છે. પ્લોટને જો અલગ અલગ scenes માં વહેંચી દઈએ તો નવલકથા કરતાં ટૂંકી વાર્તામાં એ scenes ની સંખ્યા ખૂબ ઓછી જોવા મળે છે. લઘુકથા અને માઇક્રોફિક્શન આ બાબતે નવલિકા કરતા પણ આગળ જાય છે. લઘુકથા અને માઇક્રોફિક્શનમાં સબ-પ્લોટસની જગ્યા હોતી નથી. અને સબ-પ્લોટ્સ હોય તો ય એનું આલેખન માત્ર એક છાંટ સ્વરૂપે હોય છે. Scenes ની સંખ્યા પણ એ રીતે ઘટતી જાય છે. માઇક્રોફિક્શન તો લગભગ એક જ scene અથવા વધીને ત્રણેક scenes માં પૂરી થઈ જાય છે.

આવું જ વાર્તાના સમયગાળા / duration માટે છે. નવલકથામાં ખૂબ લાંબો સમય આલેખી શકાય છે. ટૂંકી વાર્તામાં એનાથી પણ ઓછો અને લઘુકથા અને માઇક્રોફિક્શનમાં તો થોડા કલાકો કે એકાદ દિવસ સુધીનો જ સમય આલેખાય છે. માઇક્રોફિક્શનમાં તો ઘણીવાર વાર્તામાં બનતી ઘટના અમુક મિનિટો સુધીની જ હોય છે. હા, અમુક વાર્તાઓમાં પાત્રોના મનમાં ચાલતા વિચાર સ્વરૂપે ઘટનાઓ લાંબા સમયના સંક્ષેપ તરીકે રજૂ થઈ હોય છે જે મોટાભાગે ફ્લેશબેક સ્વરૂપે હોય છે પણ વાર્તાનો મૂળ સમયગાળો અત્યંત ઓછો હોય છે.

વાર્તાના પ્લોટને શરૂઆત, મધ્ય અને અંત એમ ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે. વાર્તામાં એવું જરૂરી નથી કે પ્લોટની શરૂઆત એ જ વાર્તાની શરૂઆત હોય. ઘણીવાર પ્લોટના મધ્યભાગથી વાર્તાની શરૂઆત થાય અથવા જે છેલ્લે બન્યું હોય એ (પ્લોટનો અંત) વાર્તાની શરૂઆતમાં બતાવવામાં આવે અને કથન ફ્લેશબેક તરીકે રજુ થાય.

હવે પ્લોટનું એક પેટા-ઘટક છે conflict / સંઘર્ષ. વાર્તામાં સંઘર્ષ નહિ હોય તો વાર્તાનું વસ્તુ જ નહિ હોય. સંઘર્ષ હંમેશાં વાર્તાના protagonist / નાયક અને antagonist / પ્રતિનાયક વચ્ચે હોય છે. હવે આ નાયક અને પ્રતિનાયક કોઈપણ હોઈ શકે છે. ઉદાહરણ તરીકે: માણસ વિરુદ્ધ માણસ, માણસ વિરુદ્ધ સમાજ, માણસ વિરુદ્ધ સૃષ્ટિ અથવા માણસનો પોતાની જાત સાથેનો સંઘર્ષ. અહીં નાયક કે પ્રતિનાયક માણસો જ હોય એવું પણ જરૂરી નથી. એવી કોઈ વાર્તા હોય જેમાં કોઈ એક જૂનો ટેલિફોન, સેલફોનથી ઊભરાતી દુનિયામાં પોતાના અસ્તિત્વ માટે ચિંતિત હોય તો




અહીં ટેલિફોન એ નાયક છે. પ્રતિનાયક કોઈપણ હોઈ શકે; સેલફોન, સેલફોનનો સમાજ અથવા અહીં સંઘર્ષ ટેલિફોનનો પોતાની જાત, પોતાના વિચારો અને માન્યતાઓ સાથે પણ હોઈ શકે.

વાર્તામાં સંઘર્ષ કઈ રીતે ઘડાય છે? વાર્તાના પ્લોટની શરૂઆતમાં વાર્તાના પાત્રોનો પરિચય, સ્થળ-કાળ વગેરે સાથે સંઘર્ષના પણ બીજ રોપવામાં આવે છે. પ્લોટની શરૂઆતના આ ગાળાને expositon કહેવામાં આવે છે. ત્યારબાદ ઘટનાઓ જેમ જેમ ઘટતી જાય એમ એમ સંઘર્ષ વધુ ને વધુ તીવ્ર બનતો જાય છે. સંઘર્ષની વધતી તીવ્રતાના આ ગાળાને rising action કહેવામાં આવે છે. વાર્તામાં એક એવો સમય આવે છે જયારે સંઘર્ષ એની ચરમ સીમા પર હોય છે જેને climax કહેવામાં આવે છે. Climax બાદ સંઘર્ષનું નિવારણ કે ઉકેલ આવે છે. આ ગાળાને resolution કહેવામાં આવે છે. વાર્તામાં એક કરતા વધુ સંઘર્ષ પણ હોઈ શકે છે. વાર્તામાં Exposition અને Rising action ખૂબ મોટો ભાગ રોકે છે. એની સરખામણીએ Climax, Falling action અને Resolution ખૂબ ઓછી જગ્યા રોકે છે. ઘણીવાર એવું પણ બને છે કે પ્લોટનો અંત આવી જાય પણ સંઘર્ષનો અંત ન આવે. આવા પ્લોટને Open ended/ ખુલ્લા અંતવાળો પ્લોટ કહેવામાં આવે છે.

પ્લોટ અને સંઘર્ષની વાત કરીએ તો નવલકથા, નવલિકા, લઘુકથા અને માઇક્રોફિક્શનને નીચે બતાવેલી આકૃતિમાંથી સમજી શકાય.

અહીં સંઘર્ષની તીવ્રતા વિરુદ્ધ શબ્દસંખ્યાના ગ્રાફમાં સંઘર્ષના ઉપર ચર્ચ્યા એ બધાં જ સ્ટેપ્સ દરેક વાર્તાપ્રકાર માટે આલેખ્યાં છે. અહીં શબ્દસંખ્યા જેમ જેમ ઓછી થતી જાય છે એમ એમ expositionથી સંઘર્ષના ક્લાઈમેક્સ સુધી પહોંચવાનો ઢાળ વધુ ને વધુ સીધો થતો જાય છે. એટલે કે નવલકથાથી નવલિકા અને નવલિકાથી લઘુકથા તરફ જતાં, જેમ જેમ શબ્દોની સંખ્યા ઘટતી જાય એમ ક્લાઈમેક્સ સુધી પહોંચવાના સ્ટેપ્સ, exposition અને rising actionને ફાળે આવતા શબ્દો ઘટતા જાય છે. એ જ રીતે ક્લાઈમેક્સ બાદ falling action અને resolution માટે પણ ઢાળ સીધો થતો જાય છે. એટલે કે નવલકથાથી લઘુકથા તરફ જતાં શબ્દો ઘટતા જાય એમ વાર્તા expositionથી climax સુધી અને climaxથી resolution તરફ ઝડપથી ગતિ કરે છે. બીજું, ઉપર નોંધ્યું એમ climax પછીના સ્ટેપ્સ તો આમેય વાર્તાનો ખૂબ નાનો ભાગ રોકે છે. એટલે નવલકથાથી લઘુકથા તરફ જતાં વાર્તા એવી બનતી જાય છે જેમાં પ્લોટનો અંત વાર્તાની છેક છેલ્લે અને એ પણ છેલ્લાં ત્રણ ચાર વાક્યોમાં જ જોવા મળે છે, એટલા વાક્યોમાં જ સંઘર્ષના falling action અને resolution આવી જાય છે.

હવે માઇક્રોફિક્શનની વાત કરીએ. માઇક્રોફિક્શનમાં શબ્દમર્યાદાને લીધે વાર્તા મોટેભાગે સંઘર્ષના ક્લાઈમેક્સથી ખૂબ નજીક એટલે કે સીધી rising actionથી જ શરૂ થાય છે. અહીં Exposition નો લોપ થઈ જાય છે. વાર્તાની ઘટના પણ બાકી બધા સ્વરૂપો કરતાં વધુ ઘાટી અને બોલકી હોય છે. વાર્તા સડસડાટ ક્લાઈમેક્સ સુધી પહોંચે છે. અને પછી? ફૉલિંગ એક્શન શરૂ થતાં જ વાર્તા પૂરી થઈ જાય છે! વાર્તાના સંઘર્ષનું રિઝોલ્યુશન માઇક્રોફિક્શનમાં આવતું નથી! અથવા એમ કહો કે અંતમાં રિઝોલ્યુશનની એકથી વધુ શક્યતાઓ છુપાયેલી હોય છે. લઘુકથા અને માઇક્રોફિક્શનમાં ઘણી સામ્યતા છે. લઘુકથામાં અંત ચોટદાર હોય છે એમ માઇક્રોફિક્શનમાં પણ અંત ચોટદાર તો હોય છે પણ સાથે ખુલ્લો હોય છે. લઘુકથામાં મોટેભાગે સંઘર્ષનું રિઝોલ્યુશન થઈ જાય છે, લેખક જ એ કરે છે. જ્યારે માઇક્રોફિક્શનમાં લેખક એ રિઝોલ્યુશન માટે સૂચક ખાલીજગ્યાઓ એ રીતે મૂકતો જાય છે કે રિઝોલ્યુશન માટે એકથી વધુ વિકલ્પો મળે છે. અને આથી માઇક્રોફિક્શનનો અંત લેખક નહીં વાચક કરે છે. લઘુકથા અને માઇક્રોફિક્શન વચ્ચે આ પાયાનો તફાવત છે. માઇક્રોફિક્શનનો મુખ્ય હેતુ વાચકને વિચારતા કરી મૂકવાનો છે. કાગળ પર ઓછી જગ્યા રોકતી માઇક્રોફિક્શન વાચકના મનમાં બાકીની જગ્યા રોકી લે છે.

ઉદાહરણ માટે જીગ્નેશ અધ્યારૂની એક માઇક્રોફિક્શન જોઈએ.

> *"બે-ત્રણ મિનિટ, નહીંતર ટ્રેન તો દર દસ મિનિટે આવે જ છે. બોલ, શું પ્રોબ્લેમ છે?"*
>
> *"નોકરી નથી, પૈસા નથી, પરિવારની હાલત જોવાતી નથી. રોજ રોજ મરવા કરતા તો.."*
>
> *"અનુભવે કહું છું, કોઈ ફાયદો નથી. મારી પાસે બધુંય હતું, પણ પરિવાર.. ખેર એક કામ કર.. આ સરનામે જજે.."*
>
> *ટ્રેનની સીટી વાગી, એ તંદ્રામાંથી જાગ્યો, સામે ટ્રેક પર પડેલું વિઝિટિંગ કાર્ડ ને પાછળ ટ્રેન..*

અહીં વાર્તા કોઈ રેલવે સ્ટેશન પર આકાર લે છે એ સ્પષ્ટ છે. પાત્રના સંવાદ પરથી સમજાય છે કે એક પાત્ર આત્મહત્યા કરવાનું વિચારે છે અને બીજું પાત્ર એને સમજાવી રહ્યું છે. વાર્તા ઓલરેડી કોઈ મોટા પ્લોટની વચ્ચેથી શરૂ થઈ હોય એમ બંને પાત્રો ઘટનામાં જ ઊભા છે. વાર્તા સીધી જ rising actionના ગાળામાં છે અને ઝડપથી ક્લાઈમેક્સ તરફ આગળ વધી રહી છે. જ્યારે ટ્રેનની સીટી વાગે છે, પાત્ર તંદ્રામાંથી જાગે છે અને ટ્રેક પર પડેલું વિઝિટિંગ કાર્ડ જુએ છે એ છેલ્લા વાક્યમાં જ પ્લોટનો ક્લાઈમેક્સ અને ફૉલિંગ એક્શન છે. ભરપૂર એક્શનમાં વાર્તા પૂરી થાય છે (અથવા કહો કે પૂરી થતી નથી). હવે અહીં વાર્તામાં જે સંઘર્ષ છે એનો ઉકેલ વાર્તાના અંત સુધી આવ્યો નથી. રિઝોલ્યુશન આવ્યું નથી. વાર્તા પૂરી થયા બાદ, હવે આગળ શું થશે? ટ્રેન કેટલી દૂર છે? શું એ પાત્રને પેલું વિઝિટિંગ કાર્ડ લઈને જોવાનો સમય મળશે? જોવાનો સમય મળશે તો એ આત્મહત્યાનો નિર્ણય પડતો મૂકશે? અને આત્મહત્યાનો વિચાર પડતો મૂકશે તો એ પાછળથી ધસી આવતી ટ્રેનથી બચી શકશે? અને જો બચી ગયો તો એ કાર્ડ પર કોનું એડ્રેસ હશે? ત્યાં એવું શું હશે? કશોક આર્થિક લાભ? નોકરી? આધ્યાત્મિક લાભ? ડૉક્ટર? શું એ એડ્રેસ

ખરેખર આ માણસની જિંદગી બદલી નાખશે? કે એ માણસ ફરી આત્મહત્યાનો પ્રયાસ કરશે? આ વાર્તાનો અંત આપણને કેટલાય રિઝોલ્યુશન તરફ લઈ જાય છે.

પણ માઇક્રોફિક્શનનો મુખ્ય હેતુ જો વાચકને વિચારતા કરી મૂકવાનો જ હોય તો શું "વૈકલ્પિક અંત આપવા" એ એક જ ટેક્નિક દ્વારા એ કરી શકાય? એ વિશે આપણે આગળ ચર્ચા કરીશું.

૩) પાત્રાલેખન

પાત્રાલેખન માટે પણ નવલકથામાં ખૂબ જગ્યા મળે છે. લેખક પાત્રાલેખન સીધેસીધું પાત્ર વિશે કહીને (દા.ત. દેવેશ ૨૪ વર્ષનો ફૂટડો યુવાન હતો. મૃદુભાષી અને વિવેકી. પણ અપમાન એનાથી સહેજે ય સહન ન થતું.) અથવા સંવાદો, ઘટનાઓમાં એ પાત્રની પ્રતિક્રિયા, પાત્રનો ભૂતકાળ, વર્તન, દેખાવ વગેરે દ્વારા કરે છે. નવલિકા અને લઘુકથામાં દેખીતી રીતે ક્રમશઃ ઓછી ઘટનાઓ અને શબ્દો લેવાના હોવાથી પાત્રોને વિકસવા માટે જગ્યા મળતી નથી. એમાં લેખક ઓછાંમાં ઓછાં વાક્યોમાં પાત્રને ઉપસાવવાનો પ્રયત્ન કરે છે.

માઇક્રોફિક્શનમાં તો આ બાબતે લઘુકથા કરતાં પણ ઓછો અવકાશ છે. એટલે માઇક્રોફિક્શનમાં પાત્રને ઉપાસવવાની કળા ખૂબ અગત્યની બની જાય છે. વળી ઘણીવાર ઘટના પોતે જ વધુ મહત્વની હોય છે એટલે પાત્રોને ઉપસાવવા માટે ઘટના કે સંવાદોનો એ રીતે ઉપયોગ કરવામાં આવે છે જેથી પાત્ર પણ ઉપસે અને વાર્તા પણ આગળ વધે. માઇક્રોફિક્શનમાં ઘણીવાર પાત્રોના નામનો પણ ઉલ્લેખ હોતો નથી.

ઉપર જોઈ એ જીગ્નેશ અધ્યારૂની માઇક્રોફિક્શનમાં ક્યાંય પાત્રોના નામ નથી. પાત્રોનું કોઈ સીધું ઇન્ટ્રોડક્શન નથી. પણ ઘટનાઓથી પાત્રો ઉપસી આવે છે. એક પાત્ર જે આત્મહત્યા કરવા જઈ રહ્યું છે એની રોજેરોજની મનોસ્થિતિ અને પરિસ્થિતિ શું હશે એ કળી શકાય છે. બીજું પાત્ર જે એને સલાહ આપે છે એ કહે છે "અનુભવે કહું છું". આ વાક્ય આ પાત્રના ભૂતકાળ પર આછો પ્રકાશ પાડે છે. એ પાત્રના સંવાદો પણ એને ઉપસાવવામાં મોટો ભાગ ભજવે છે. અહીં સંવાદોથી પાત્રો ઠીક ઠીક ખૂલે છે. અને જે ભાગ નથી ખૂલતો એ ભાગ માટે વાચકની "આ પાત્ર કેવું હશે?" વિશેની કલ્પનાને પાંખ મળે છે.

**<u>માઇક્રોફિક્શન અને વાચક:</u>**

આપણે કંઈપણ વાંચીએ ત્યારે આપણું દિમાગ એ વાંચેલા શબ્દો સમજવા માટે એકધારું પ્રોસેસિંગ કરતું રહે છે. તમે આ વાંચો છો એને દિમાગ કઈ રીતે ઉકેલે છે? શબ્દો, વ્યાકરણ અને વાક્યરચનાની તમે સ્મૃતિમાં સંગ્રહી રાખેલી માહિતીને આધારે એ આ બધાનો અર્થ કાઢતું જાય છે. આમ, કોઈપણ કાવ્ય, નવલકથા, નવલિકા, ગઝલ વંચાય ત્યારે પણ એ લખનારની વાત સમજવા માટે વાચક એમાં લખેલા શબ્દોને આધારે પોતાની કલ્પના દોડાવે છે. એની આ કલ્પનાઓ મોટેભાગે એણે પહેલાં જોયેલાં, અનુભવેલાં કે કલ્પેલાં દ્રશ્યો હોય છે.

ધૂમકેતુની "પૃથ્વી અને સ્વર્ગ"ની શરૂઆતમાં આવતું ઉપર મૂકેલું વર્ણન વાંચતા જ આખું દ્રશ્ય નજર સમક્ષ ખડું થઈ જાય છે. અહીં ક્યારેય સતલજ કે હિમાલય કે પંજાબ ન ગયેલો વાચક પણ પોતાની સ્મૃતિ, અનુભવ અને કલ્પનાને આધારે આ આખું દ્રશ્ય પોતાના મનમાં ઊભું કરે છે.

હવે મનહર મોદીનો એક શેર જુઓ:

> *બને તો એમને કહેજો ખુશ્બૂ મ્યાનમાં રાખે,*
>
> *બગીચામાં હમણાં બધા ફૂલોની ઘાત ચાલે છે.*

આ શેર વાંચતા જ ખુશ્બુને મ્યાનમાં રાખવાની વાતથી જ "આહ અને વાહ"ના ઉદ્દ્ગારો નીકળી જાય છે. આખો શેર વાંચીને ફૂલોને જાણે આપણે માણસોની જેમ વિચારી શકીએ છીએ. હવે અહીં આપણાં વિચારો બે તબક્કામાં કામ કરે છે: પહેલાં, શેર વાંચીને તરતની જ ક્ષણોમાં આપણે બધા દ્રશ્યો; ખુશ્બુ, મ્યાન, બગીચો, ફૂલો વગેરેની કલ્પના કરીએ છીએ અને પછી એના અલગ અલગ અર્થો શોધવામાં આપણું મન પ્રવૃત્ત થઈ જાય છે.

આમ કોઈપણ કૃતિ વાંચતી વખતે વાચકનું એ કૃતિમાં પાર્ટીસિપેશન હોય છે. અમુકમાં ઓછું, અમુકમાં વધુ. ઉપર "પૃથ્વી અને સ્વર્ગ"નું જે વર્ણન છે એમાં વાચક ફક્ત એ દશ્યની કલ્પના કરે છે પણ એ આખી વાર્તા વાંચ્યા બાદ એ એને કેટલીય પરિસ્થિતિઓ સાથે રિલેટ કરી શકે છે. હિમાંશી શેલતની "અંધારી ગલીમાં સફેદ ટપકાં" કે સુંદરમની "માજા વેલાનું મૃત્યુ" વાંચીએ ત્યારે માત્ર દ્રશ્યની કલ્પના જ નહીં એના કરતાં ક્યાંય વધારે આગળ વિચારો દોડે છે. ઘણીવાર લેખક એને જે કહેવું છે એ સીધે સીધું કહેવાને બદલે એવી પરિસ્થિતિઓ ઊભી કરે છે જે વાચકને વિચારતો કરે છે. લેખકની કલમમાંથી નીકળેલી વાર્તા વાચકના મનમાં જઈને આમ પૂરી થાય છે. ફિલ્મોમાં પડદા પર આપણે એ જ જોઈએ છીએ જે આપણને બતાવવામાં આવે છે. એ રીતે ફિલ્મ કરતાં વાંચન એ કલ્પનાને વધુ વિકલ્પો આપે છે. વંચાતી વાર્તા વાચકની પોતાની બની રહે છે, વાચક પણ એ વાર્તાની દુનિયા પોતાના વિચારોમાં સર્જે છે.

હવે માઇક્રોફિક્શનની વાત કરીએ તો ઊપર આપણે જોયું એમ, અહીં શબ્દો ઓછા છે. પાત્રોનો પરિચય માત્ર છાંટમા છે, સ્થળ-કાળનું ઘટક ક્યારેક જ આલેખાય છે અથવા નથી હોતું, પ્લોટ એક પાતળી સ્લાઈસ જેવડો હોય છે, સંવાદો નાના હોય છે. ઉપરાંત માઇક્રોફિક્શનનો લેખકે પોતે વાર્તામાં સૂચનો અને શક્યતાઓ રાખતો જાય છે. આ બધી લાક્ષણિકતાઓને લીધે વાચક અહીં સરખા ભાગે સર્જક બની જાય છે.

માઇક્રોફિક્શનનો વાચક એ કલ્પક છે, વિચારક છે. લેખકે પેન્સિલથી દોરી આપેલા ચિત્રમાં પોતાના મનગમતા રંગો ભરી શકે એવો ચિત્રકાર હોય છે. માઇક્રોફિક્શનના લાઘવને કારણે બીજા તમામ સાહિત્યપ્રકારો કરતા અહીં વાચકનું પાર્ટીસિપેશન વધુ હોય છે, હોવું જોઈએ. લેખકે વાર્તામાં છોડલી ખાલીજગ્યાઓ વાચક ભરતો જાય છે, આછા આછા ચિત્રોમાંથી પોતાની કલ્પના દોડાવીને પાત્રોનો સ્કેચ તૈયાર કરતો જાય છે, લેખકે મૂકેલા સૂચનમાંથી કેટલાંય અંત, કેટલાય પ્લોટ સર્જતો જાય છે. અહીં લેખકની પણ જવાબદારી વધી જાય છે. એણે વાચકને વાર્તાના જંગલમાં છુટ્ટો

મૂકી દેવાનો નથી. એણે વાચકને વાર્તાના જંગલમાં લઈ જઈને, એના વિસ્મયને જગાડીને એને એવા પોઈન્ટ પર લાવી મૂકવાનો છે જ્યાંથી એ વિસ્મયને પામવાના એકથી વધુ રસ્તાઓ હોય.

આ પણ માઇક્રોફિક્શન!

ઉપર આપણે જોયું એમ માઇક્રોફિક્શનનો મૂળ હેતુ વાચકને વિચારતો કરી મૂકી એને સર્જક બનાવવાનો છે. આ માટે લેખક પ્લોટમાં, સ્થળ-કાળમાં, સંવાદોમાં અને પાત્રાલેખનમાં અમુક ખાલી જગ્યાઓ છોડતો જાય છે જેને વાચક પોતાની રીતે ભરીને વાર્તાનો ઓડકાર ખાય છે.

વાચકને વિચારતો કરી મૂકવા માટે મોટેભાગે અત્યારે માઇક્રોફિક્શનમાં અંત સાથે પ્રયોગ કરવામાં આવે છે. માઇક્રોફિક્શનનો અંત એવો બનાવવામાં આવે છે કે જેથી ઊભા થયેલા સંઘર્ષનું રિઝોલ્યુશન ન આવી જાય અને એ અંતમાંથી રિઝોલ્યુશન માટે એકથી વધુ શક્યતાઓ નીકળે.

હવે માની લો કે માઇક્રોફિક્શનમાં પણ લઘુકથાની જેમ વાર્તાનો અંત આવી જાય તો? તો શું એ વાર્તા માઇક્રોફિક્શન રહે? એનો જવાબ છે હા અને ના. હા એટલે કે વાર્તાને અંતે ભલે ઉભા કરાયેલા સંઘર્ષનું રિઝોલ્યુશન થઈ જાય પણ વાર્તામાં લેખકે છોડલી ખાલીજગ્યાઓ દ્વારા એ વાર્તા વાચકને એમાં પોતાના રંગો પૂરવાની તક આપતી હોય તો એ માઇક્રોફિક્શન જ છે.

કેથી મેટોસની એક વાર્તા “મોન્સ્ટર” જોઈએ.

> *Every night Annie's mom tucked her into bed and said goodnight. Annie was 8 years old. She would try to keep her eyes open because she knew the monster would come. In the mornings she didn't feel good but she couldn't explain what it was. Annie looked under her bed and saw the friendly dead man, it wasn't him. She checked her closet and said goodnight to the ghost inside. She waved to the clown in her mirror, he was harmless. Annie felt tired and went to sleep. Then the real monster creeped into her room. Daddy was his name.*

અહીં આ વાર્તામાં અંતમાં શક્યતાઓ ઊભી થઈ નથી. અંતમાં રિયલ મોન્સ્ટર કોણ છે એ કહી દેવાયું છે. પણ વાર્તાનું છેલ્લું વાક્ય આખી વાર્તાને ફરી વખત વાંચવા મજબૂર કરી દે છે, પડઘા જેવી અસર આપે છે. આપણને વિચારવા મજબૂર કરી દે છે કે Annieનો બાપ Annie સાથે અથવા Annieની મમ્મી સાથે એવું શું કરતો હશે? સવારે ઊઠીને એ આઠ વર્ષની બાળકીને ગમતું નથી પણ એ એ મનોસ્થિતિને વર્ણવી શકતી નથી. આખી વાર્તામાં એની સાથે અથવા એની મા સાથે શું થતું હશે, એનો બાપ કેવો હશે? કેમ આવું કરતો હશે? એનું પાત્ર કેવું હશે? એ વિશે કેટલાય વિચારો આવી જાય છે. ઉપરાંત આ વાર્તામાં હવે આગળ શું થશે એ વિશે પણ ઘણી શક્યતાઓ વિચારી શકાય છે.

પણ જો વાર્તામાં અંત પણ આવી જતો હોય અને વાર્તામાં અહીં ચર્ચા કરી એવી ખાલીજગ્યાઓ કે સૂચનો કે પડઘા જેવી અસર ન હોય તો એ વાર્તાને માઇક્રોફિક્શન ન કહી શકાય.

હવે જ્યારે વાર્તાના શબ્દોને ૧૦ની અંદર હોય ત્યારે? દિવ્યેશ સોડવડીયાની નીચેની વાર્તા જુઓ:

*આજુબાજુ, આગળપાછળ...*

*બધે જ છોકરી.*

*....પેપર કેમ લખવું?*

માત્ર આઠ શબ્દોની આ વાર્તામાં આમ જોવા જઈએ તો કાગળ પર કોઈ પ્લોટ નથી. પણ આ આઠ શબ્દોમાં લેખકે મૂકેલી માહિતી વાચકના દિમાગમાં વાર્તાનો આખેઆખો પ્લોટ તૈયાર કરી આપે છે. વાચક આ વાર્તાને આગળ અને પાછળ આસાનીથી વિસ્તારી શકે છે. વાર્તામાં ક્યાંય પાત્રનું નામ કે પરિચય નથી પણ એ વિચારી શકાય છે કે વાર્તાનું મુખ્ય પાત્ર છોકરો હશે અને એ છોકરીઓથી શરમાતો હશે. ભણવામાં એ એવો કંઈ ખાસ નહીં હોય અથવા તો મહેનત નહીં કરતો હોય. કદાચ પહેલાની પરીક્ષાઓમાં એણે છોકરાઓને પૂછીને ચોરી કરીને પેપર લખ્યા હશે, અત્યારે પેપર જોઈને એ છોકરાને પરસેવો નહીં વળી ગયો હોય? હવે એ છોકરો શું કરશે? આ નાનકડી વાર્તા પણ આપણને આટલું બધું વિચારવા પ્રેરે છે. આથી ઊપર પ્લોટના મુદ્દામાં ચર્ચા કરી એવી ઘાટી ઘટના અહીં ન હોવા છતાં ખાલીજગ્યાઓ અને વાર્તાની ટેક્નિકથી આ વાર્તા માઇક્રોફિક્શન બને છે.

લિડિયા ડેવિસની એક માઇક્રોફિક્શન The Dog Hair જોઈએ.

*The dog is gone. We miss him. When the door bell rings, no one barks. When we come home late, there is no one waiting for us. We still find his white hairs here and there around the house and on our clothes. We pick them up. We should throw them away. But they are all we left of him. We don't throw them away. We have a wild hope- if only we collect enough of them, we will be able to put the dog back again.*

આ વાંચતા જ પહેલાં તો વિચાર આવે કે ઉપરનું લખાણ વાર્તા છે? કે માત્ર વિચાર? કે આછી ઘટના ફક્ત? કે ગદ્ય કવિતા? મેન બુકર પ્રાઈઝ વિનર લિડિયા ડેવિસની આ 'વાર્તા'માં મરી ચૂકેલા કૂતરાની યાદની પીડા આપણને આપણે ખોઈ ચૂકેલા વ્યક્તિઓ, ગુમાવી ચૂકેલી અતિપ્રિય ચીજોની પીડાનો અનુભવ કરાવે છે. અહીં જેમ ઘરના લોકો અવાસ્તવિક એવી, કુતરાના વાળને ભેગા કરીને એને ફરી મેળવી લેવાની આશા સેવે છે એવી જ અવાસ્તવિક આશાઓ-- એ જાણતા હોવા છતાં કે આપણે ગુમાવી દીધેલું કંઈપણ આ રીતે પાછું નહીં આવે-- આપણે પણ આવી પીડામાં નથી સેવતા? શું આ વાર્તા આપણી આવી કેટલીય લાગણીઓને ઝંકૃત નથી કરી દેતી? આપણને વિચારવા મજબૂર નથી કરી દેતી?

તો શું આ માઇક્રોફિક્શન છે?

લિડિયા ડેવિસ કહે છે કે એ પોતે નાના એવા પણ કથનાત્મક માળખા/ narrative structure ને વાર્તા કહે છે. એમનો મત છે કે આપણે વાર્તાની વ્યાખ્યા વિસ્તારવી જોઈએ.

હાલ, માઈક્રોફિક્શન તરીકે ઉપર વર્ણવ્યું એવી વૈકલ્પિક અંત વાળી વાર્તાઓ પ્રચલિત છે. ઉપરાંત મોન્સ્ટર જેવી વૈકલ્પિક અંત ન હોય છતાં પણ પડઘા જેવી અસર આપતી વાર્તાઓ પણ લખાય છે. માઇક્રોફિક્શનના સ્વરૂપ વિશે ગુજરાતીમાં હજુ પણ ઘણી ગેરમાન્યતાઓ પ્રવર્તે છે. ડેવિડ ગેફ્ની અને સુઝેન મેકક્રિરી જેવા માઇક્રોફિક્શન લેખકોએ આપેલી ટિપ્સ પણ ઈન્ટરનેટ પર ઉપલબ્ધ છે.

માઇક્રોફિક્શન વિશે આટલું લખ્યા પછી ઝવેરચંદ મેઘાણીએ ટૂંકી વાર્તા માટે કહેલા શબ્દો યાદ આવ્યા વગર રહેતા નથી: “રમતના નિયમો તો અરધા કલાકમાં જ શીખાય છે, પણ એ નિયમોને લાગુ પાડીને રમતાં શીખવામાં જિંદગી ખરચાય છે. એ જ સાચું છે વાર્તાલેખન વિશે.” અને એ જ સાચું છે માઇક્રોફિક્શન વિશે પણ.

## ૨૬. પતંગિયું - સોનિયા ઠક્કર

“તમારી હિંમત કેવી રીતે થઈ, મારા પૌત્ર પર હાથ ઉપાડવાની?” શાળાનું વાતાવરણ ઉગ્ર હતું. બગીચામાં એક ખૂણે પતંગિયું બહાર આવવા મથતું હતું.

“પણ સર, મેં હાથ ઉપાડ્યો જ નથી. હું એના ઉપર સ્હેજ ગુસ્સે થયો અને હાથ હવામાં જ ઉગામ્યો હતો, ને એ પાછળ હટ્યો ને માથું બેંચ સાથે અથડાયું.” મથામણ ચાલુ જ હતી.

“અમારે કોઈ દલીલો સાંભળવી નથી, તમે અત્યારે જ માફીપત્ર લખો.” પ્રિન્સિપલે નિર્ણય જણાવ્યો.

“સાંભળ, સર માફીપત્ર લખવાનું કહે તો ચૂપચાપ લખી આપજે. અહીં ટકવું હોય તો એ લોકો કહે એમ કરવાનું.” પતંગિયાની નજર બાજુમાં નિર્જીવ બની પડેલા જીવ તરફ હતી.

“મારો કોઈ વાંક નથી. મેં તો એને હાથ અડાડ્યો પણ નથી. ગમે તે થાય હું માફી તો નહીં જ માગું. ટ્રસ્ટી છે તો શું થયું!” સત્ય બહાર આવવા મથતું હતું.

“ભૂલેચૂકેય જોજો એવું કરતો! એ છે તો આપણે છીએ. એના વગર શું સક્કરવાર વળવાનો? મારી વાત સમજ.”

“મિ. વિશ્વાસ! ક્યાં ખોવાઈ ગયા?” પ્રિન્સિપલે તંદ્રા તોડી. બહારથી બોલ આવી અથડાયો અને અવરોધતું પળ તૂટી ગયું.

વિશ્વાસનો પત્ર પ્રિન્સિપલના હાથમાં મૂકાયો. તે બહાર આવ્યો, ઉડતું પતંગિયું નજરે ચડ્યું.

## ૨૭. સંસાર – દિવ્યેશ વિ. સોડવડિયા

“જુવાનજોધ દીકરો ખોયો એનું દુ:ખ થાય પણ આજે મોકાણ ન હોય બહેનો!” કહી ભગવાનભાઈએ આગળ ઉમેર્યું, “મારો તો પેઢીઉપાડ થઈ ગયો.”

સાચાખોટા ડૂસકાં હૈયામાં ધરબી સહુએ ફળિયામાં જોયું. ઝૂલથી સંપૂર્ણ ઢાંકીને લવાયેલા વાછરડો - વાછરડી ’અધીરાં’ થતાં’તાં. શોક પર અમસ્તા સ્મિતનો ઢોળ ચઢાવેલ ચહેરાઓએ લીલ પરણાવવાની વિધિ પતાવી.

સઘળું સંકેલી; કબાટમાંથી દીકરાની ડાયરી કાઢતા ભગવાનભાઈને જોઈ હંસાબેને હીબકાં ભર્યાં, “રજતને લગ્ન કરવા જ નહોતા. તમે માની ગયા હોત તો.. એ નદીમાં ન પડત. મેં મરતા દીકરાનું મોંય ન ભાળ્યું.”

ડાયરી સળગાવી ભગવાનભાઈએ ફોન જોડ્યો, “લીલ પરણાવવામાં ’બેઉ વાછરડા’ હતા, એ કોઈને કહેતા નહીં!”

તરત સંબંધ છેકતો મેસેજ ઝબક્યો, ‘હું મારા ’સંસાર’માં પહોંચી ગયો.’

## ૨૮. ચહેરો – નિમિષ વોરા

“બટ, હાઉ કેન હી ડુ ધીસ? આટલા દિવસોમાં જ..? હજુ તો મમ્મીને ગયે...”

“રડ નહીં પ્લીઝ..”

“શું પપ્પાને મમ્મી પ્રત્યે કોઈ લાગણી જ નહોતી? અત્યારનો એમનો ચહેરો તો કદાચ એ જ કહી રહ્યો છે.”

“કોઈને ચહેરો નથી કુંતલ, મહોરાં પાછળ પણ ક્યારેક બીજું મહોરું નીકળે તેવું બને.”

“તમે પપ્પાને કશું નહીં કહો? ભલે એમના ભાઈ રહ્યા પણ મને હંમેશ પપ્પાની હૂંફ તમે આપી છે અંકલ..” આટલું બોલી કુંતલ વિશ્વેશને વળગી પડી. વિશ્વેશે તેને રડવા દીધી, વાળ પર હાથ ફરતો રહ્યો.

“અંકલ, આઇ થિંક મમ્મીનું મૃત્યુ પણ કુદરતી નહોતું...”

એક ઝાટકા સાથે વિશ્વેશના હાથ થંભી ગયા અને કુંતલની રડતી આંખો ખુલી ગઈ.

## ૨૯. મૌન સંવાદ – ઝીલ ગઢવી

મૌન સંવાદ પણ હું મારા હ્રદયના ખૂણામાં સજાવી એને વિચારોમાં વાગોળતી બેઠી. એક ડૂસકું બહાર આવવા ક્યારનું મથામણ કરતું હતું. મારા મોં પાસે એક હાથ આવ્યો. ડૂસકું ઝીલવા જ તો!

“મેં ના પાડી હતી.. આંસુ નબળા માણસોની નિશાની.. અને તું તો મારી ઝાંસી..”

મારા મુખ પર હાસ્યની રેખા આવી ગઈ. મેં આંસુ લૂછ્યા.. અને સાહજિક બોલી, “હવે તો ક્યાંય નહીં જાય ને!”

વાત હવામાં જ રહી ગઈ. ફરી ખાલીપો મને ઘેરી વળ્યો.

## ૩૦. ગંજીપો – સંજય થોરાત

“પ્રવિણ, ગંજીપો ચીપવાનું કામ તારું, મારું નહીં..”

સત્યેને મિત્ર પ્રવિણને પ્રેમથી ના પાડી દીધી.

“અરે, રમે નહી તો કાંઈ નહી, બાજુમાં બેસ તો ખરો.”, પ્રવિણની ગંજીપો ચીપવાની સ્ટાઈલ અને હાથચાલાકી એ ધ્યાન મગ્ન થઈ જોયા કરતો. નેપાળ ફરવા ગયેલા સત્યેનની બેગ ચોરાઈ ગઈ. ખિસ્સામાં માત્ર હજાર રૂપિયા... એને પ્રવિણના શબ્દો યાદ આવ્યા, ’નેપાળ જાય છે તો કસીનોમાં મારા નામે હજારનો ગંજીપો ચીપતો આવજે...’

અને એ ઉપડ્યો...

કસીનોમાં બધાની નજર સત્યેન પર હતી, એણે એવો તે ગંજીપો ચીપ્યો કે જોતજોતામાં લાખ રૂપિયા જીતીને ઉભો થયો.

એ બંધ આંખે પ્રવિણને નિહાળી રહ્યો હતો. "લાખ રૂપિયા પગાર, ખાવા-પીવા-રહેવાનું મફત... બોલ, કામ કરવું છે?" કસીનોનો માલિક સત્યેનના ખભે હાથ મૂકી ઉભો હતો.

"શેઠ, મજબૂરી હતી... બાકી ગંજીપો ચીપવાનું કામ...’

## માઇક્રોફિક્શન અને અછાંદસ વચ્ચેનો સેતુબંધ – હેમલ દવે

શબ્દોની બારાખડીમાં ભાષાનું દૈવત અને કૌવત સમાયેલું હોય છે. ભાષાનાં મૂળાક્ષરો દ્વારા શબ્દવિશ્વ સર્જાતું હોય છે અને આ જ વિશ્વ તમને ભાષાનાં માધુર્ય થકી જીવનના ખૂણે ખૂણાનો પરિચય કરાવવા સક્ષમ છે. બસ શબ્દોના સંયોજનના પ્રકારો જુદા છે. શબ્દ-સાહિત્ય સાથે જોડાયેલા લોકોના રસ, રુચિ અને સમજના આધારે એ કોઈ પણ પ્રકારમાં શબ્દની આરાધના કરી શકે છે. ક્યારેક જે વાત કહેવામા હજારો શબ્દ જોઇએ, એ જ વાત શબ્દદેવતાની કૃપાથી ફક્ત બે ત્રણ શબ્દોમાં સમજાવી શકાય છે. કોઈ પણ પ્રકાર હોય પરંતુ વાત ભાવક કે વાચક સુધી પહોંચવી જોઈયે એ જ કોઈ પણ લેખકનો મૂળ મંત્ર હોય છે. સાહિત્યના ઢાંચામાં ગદ્ય અને પદ્ય આવી બે મુખ્યધારાઓમાં લેખકો પોતાનું ભાવવિશ્વ ખડું કરી શકતા હોય છે. પદ્યમાં સર્જાતી પ્રવાહિતા અને ગદ્યમાં સર્જાતો લય અને લચક શબ્દોની આરાધનામાં ઘી હોમીને ભાવકો સાથે શબ્દતેજથી જોડાઈને રહે છે. ગદ્યમાં થતી રચનાઓ મધુરા શબ્દોના સંગાથે દિપી ઊઠે છે. એ પછી ગઝલ હોય, ગીત હોય, સોનેટ હોય કે પછી અછાંદસ.

છંદોબદ્ધ રચનાઓ છંદજ્ઞાનના આધારે સુંદર રીતે લખી શકાય છે, જ્યારે ગીતમાં લય આવશ્યક બને છે; તો જે છંદજ્ઞાનના માહેર હોય એ અછાંદસને રૂપાળો શબ્દદેહ આપી શકે છે. વાત કરીએ અછાંદસની, તો કહેવાય છે કે છંદ ન આવડે એ રચનાકાર અછાંદસ તરફ વળી જાય છે. પણ ઉત્તમ ગઝલકારોએ ઉત્તમ અછાંદસ આપ્યાના પુરાવાઓ સાહિત્ય જગતનાં ઇતિહાસના પાને સચવાઈને પડ્યા છે. અછાંદસની ખાસિયત જોઈએ તો તેમાં ચોટદાર અર્થાનુભૂતિ હોય છે. લાઘવમાં રાઘવ અને ભાષા બને એટલી સરળ હોય છે. ક્યારેક બહુ ટૂંકા અછાંદસ ભાવકને ભીજવી શકવા સક્ષમ હોય છે તો દીર્ઘ અછાંદસ પણ લખાયા છે.

અછાંદસ કવિતાનો એક એવો પ્રકાર કે જ્યાં તમારી લાગણીઓને શબ્દદેહ આપી શકો છો. જેમાં પોતાના આંતરિક જગતને શબ્દના વાઘા પહેરાવીને સરસ શણગારી શકાય છે. છંદના બંધારણની બહાર પ્રવાહિતા જાળવી શકાય છે. ક્યારેક ચમત્કૃતિ સર્જાય છે, વિચારોના વમળ ઊઠે છે, કોઈ ઘટનાને સાક્ષી રાખીને અછાંદસમાં અનુભૂતિ પ્રગટ થાય છે તો ક્યારેક વળી આખી વાતનો સાર મળી આવે છે, ને ક્યારેક આખી વાતને અધ્યાહાર રાખીને ભાવક વિચારતો રહી જાય છે. અછાંદસમાં પંક્તિઓ નિકટનો સંબંધ ધરાવતી હોય શકે તો ક્યારેક સમાંતર કે વિરોધાભાસી પણ હોઇ શકે. અછાંદસ લખવું કદાચ સૌથી અઘરું બની રહે છે કારણ કે તેના અર્થાવકાશને ખાસ વફાદાર રહેવું જરૂરી છે. વાચકનાં માનસપટ પર અર્થવિન્યાસની ચોક્કસ છાયા ઉપજાવામાં અછાંદસ મહદ અંશે સફળ રહે છે. સમર્થ ભાવક ક્યારેક કવિ કરતા આગળનું વિચારીને પોતાની રીતે અર્થ નીપજાવી શકે છે. અછાંદસના રંગે રંગાયા પછી અન્ય કાવ્ય પ્રકારો ભાવકની અભિરૂચીમાં અંશતઃ ઘટાડો નોંધાઇ શકે છે કારણ કે સફળ અછાંદસ વાચકનાં સ્મૃતિપટમાં અણધાર્યું ઘટનાચિત્ર પણ દોરી આપે છે. મજાની વાત તો એ છે કે કેટલાક લઘુ અછાંદસ લોકહૈયે લોકગીતની કક્ષાએ વસી ગયા છે. સાહિત્યનો આવો જ એક પ્રકાર જલ્દીથી લોકભોગ્ય બની રહ્યો છે અને એ છે માઈક્રોફિક્શન વાર્તાઓ. આજકાલ બધુ જ ફાસ્ટ થતું જાય છે. સમય ૨૪ કલાકનો છે પરંતુ ૪૮ કલાકની જેમ જીવવામાં આવે છે. દુનિયા એક મુઠ્ઠીમાં

સમાઇ રહી છે અથવા એમ કહીએ કે ટેક્નૉલોજીના આ યુગમાં માણસો થોડામાં ઘણું કેવી રીતે મળે? એની શોધમાં હરહંમેશ રહે છે. કદાચ એટલે જ ઓછા શબ્દોમાં વાચકોને વિચારતી કરી મૂકતી માઇક્રોફિક્શન વાર્તાઓ પ્રચલિત થઈ રહી છે.

અંગ્રેજી સાહિત્યમાં ખૂબ પ્રભાવશાળી સ્થાન ભોગવતો આ પ્રકાર આપણાં સાહિત્યજગતમાં પણ ખૂબ મક્કમ પગલાં ભરી રહ્યો છે ત્યારે આ નોખા અનોખા સ્વરૂપ વિષે થોડી વાત. આ પ્રકારની લંબાઈ વિષે કોઈ સ્પષ્ટતા જોવા નથી મળતી પરંતુ આ પ્રકારના સર્જનને ગુજરાતી ભાષામાં પ્રચલિત કરવામાં પૂર્ણ પ્રયત્નો કરના જીજ્ઞેશ અધ્યારૂના લેખ મુજબ "મહદંશે ૩૦૦ અને ઘણી વખત ૫૦૦ શબ્દો સુધીની મર્યાદા ધરાવતી વાર્તાઓને અંગ્રેજી સાહિત્યમાં માઈક્રોફિક્શન ગણવામાં આવે છે, ચીનમાં તેને 'સ્મોકીંગ લોંગ' કહે છે, મતલબ કે સિગારેટ પૂરી થાય એ પહેલા વાર્તા વંચાઈ જવી જોઈએ, વળી તેને 'પામ સાઈઝ' પણ કહેવાય છે. તેના અન્ય નામમાં પોસ્ટકાર્ડ, ક્વિક, ફ્યૂરીયસ, પોકેટસાઈઝ કે મિનિટ લોંગ ફિક્શન પણ કહેવાય છે." બને એટલા ઓછા શબ્દોમાં પૂરી વાત સમજાઇ જાય અથવા તો એ વાતના અંતે વાચક ખુદ સર્જનહાર બની શકે એ આ વાર્તાઓનું મુખ્ય હાર્દ કહી શકાય. ગુજરાતી ભાષામાં લખતી માઇક્રોફિક્શન ફક્ત આઠ-દસ શબ્દોથી લઈને વધીને ૩૦૦ શબ્દો સુધી પહોંચે છે પરંતુ તે છતાં તેના ટૂંકા પ્રવાહમાં વાચકને વિચારતો કરી મૂકે એટલી સજ્જડ તાકાત છે.

ઘણાં આ પ્રકારને લઘુકથા સમજવાની ભૂલ કરી બેસે છે કારણ કે એક વાર્તામાં રહેલી બધી જ ખૂબીઓ તેમાં મોજુદ છે છતાં આ પ્રકારની પોતાની આગવી ઓળખ છે. અને ટૂંકી વાર્તા કે લઘુકથા કરતાં આ પ્રકાર લખવામાં અઘરો પણ એટલો જ છે. વાતને કહેવા માટે અધવચ્ચેનો ઉપાડ અને તેમાં પણ ભરપૂર શબ્દસત્વ કે આગલી વાત વાચક પોતે સમજી જાય એ રીતે છેડા મૂકીને કથક આલેખવું જરા પણ સરળ નથી. છતાં માઇક્રોફિક્શન વાર્તાઓ તમને સમજાઇ જાય છે. હા, આ સમજ કેળવવા માટેની એક શરત એ છે કે વાચક ખુદ વિચારતો હોવો જોઇએ એટલે કે વાચકની સમજ વિસ્તરેલી હોવી જરૂરી છે. ઓછા શબ્દોમાં ચોટદાર વાત કહેવા માટે માઇક્રોફિક્શન લખાય છે તેવી જ રીતે અછાંદસમાં કાવ્યત્વના પ્રવાહને જાળવી રાખવો જરૂરી બને છે જેથી અછાંદસ લઘુકથાનું સ્વરૂપ ધારણ ન કરી લે. માઇક્રોફિક્શન વાર્તાઓમાં શબ્દોની ગૂંથણી અને અછાંદસમાં લખાતા શબ્દોમાં ઉડીને આંખે વળગે એવો મુખ્ય ભેદ કદાચ માત્ર કાવ્યત્વનો છે. કેટલાક અછાંદસ એવા રચાયા છે જે ભાવકને વિચારતા કરી મૂકે છે, તેમાં કથાનક છે, એટલે એ વાર્તાના સ્વરૂપને પણ ન્યાય આપે છે, અને એ જ રીતે માઇક્રોફિક્શન વાચકને આશ્ચર્યાનુભૂતિ સાથે વિચારતા કરી મૂકવા માટે જ સર્જાય છે. આ વાર્તાપ્રકારમાં શબ્દમર્યાદાને લીધે તમે જવલ્લે જ પાત્ર પ્રવેશ કરી શકો છો જ્યારે અછાંદસમાં ક્યારેક તમે તમારી જાતનું શબ્દઆલેખન થયું હોય એવું અનુભવી શકો છો. અછાંદસમાં ઉદ્દભવતી ચોટ અહીં કદાચ વધુ સજ્જડ રીતે અનુભવાય છે. ઓછા શબ્દોમાં ઘણું કહેવાય છે, અંત તમારા ભાવવિશ્વમાં વિહરતા કરી મૂકવાની તાકાત ધરાવે છે. કોઈ વાતના મૂળ સુધી પહોંચ્યા ન હોય છતાં એ વાતનું મૂળ વાર્તાની ટોચ પર ઊભા રહીને હાથ લંબાવ્યા વગર સ્પર્શ કરી શકાય છે. જેમ અછાંદસ કાવ્ય લખવું અઘરું છે એવી જ રીતે માઈક્રોફિક્શન લખવી એટલી જ મુશ્કેલ છે. શબ્દવૈભવના માલિક હોવું એ આવશ્યક તત્વ બની રહે છે. મૌન

રહીને તમારી વાત સામેના હ્રદય સુધી પહોંચવાની ક્ષમતા કેળવવા જેવુ આ કામ છે ને છતાં સાહિત્યરસિકોના ભાવવિશ્વમાં આ બંને પ્રકારો પોતાની અલગ છાપ છોડે છે.

## ૩૧. ઑફબીટ – એન્જલ ધોળકિયા

એક ખાબોચિયામાં પથ્થર મારી એમાં ઉઠતા વમળોને રાજે એના નવા ડી.એસ.એલ.આર. કેમેરામાં ઝડપી લીધું... એક આંખ ઝીણી અને એક લેન્સ પાસે ગોઠવાયેલી કીકી અચાનક થોડે દૂર ખૂણામાં એક જગ્યા જોઈ ચમકી ઉઠી! કોઈ નાની ઓરડી કે કોઠી જેવું મકાન હતું... થોડું ઓફબીટ! એ બાર પંદર પગલાં રાજ દોડીને પાર કરી ગયો.

ધૂળિયું મકાન અને દરવાજા પાસે જમણી બાજુ એક લાકડાની તૂટેલી તકતી હતી.. "ફરીદા" એ તકતીને ફોકસ કરી એક ઇમેજ લીધી! દરવાજાને હડસેલો મારી એ અંદર પ્રવેશ્યો.. વર્ષો જૂની કોઠી હતી કદાચ.. લીલા ચૂનામાં ધોળેલી દીવાલો અને તૂટેલાં મોતીનાં તોરણ. કૅમેરાના લેન્સની નજરે રાજ ઘર આખામાં ફરી વળ્યો! બંગડીઓ અને ઝાંઝરનો આછો રણકાર એને અંદરના ઓરડામાં ખેંચી ગયો. ગુલાબી ગાલ, ચમકતી નથ, હીરા જડિત નશીલી આંખો અને એને ફરતે અણીદાર મેષ એ મોટ્ટા તૈલચિત્રની આંખોમાં ભેજ પણ કેદ હતું. રાજ એ મોહક સૌંદર્યને જોઈ આભો બની ગયો. તરત એનો હાથ કેમેરા સાથે ઊંચકાયો પણ કેમેરાની બેટરી ડ્રેઇન થઈ ગઈ હતી!

“શીટ! બટ નો.. અબ તો તેરી તસ્વીર લેકર હી જાઉંગા ફરીદા બેગમ..” એ કારમાંથી બેકઅપ બેટરી લેવા બહાર ગયો. દરવાજા તરફ આગળ વધ્યો જ હતો કે ઝાંઝરની ઝીણી ઠેક સાથે વશીકરણ થાય એવો અવાજ એના કાને અથડાયો અને એના પગ થંભી ગયા, “આજ જાને કી ઝિદ ના કરો... આ.. જ જાને કી ઝિદ ના કરો..”

રાજે પાછળ જોયું અને એના હૃદયના ધબકારા અમુક ક્ષણો માટે વધીને અટકી ગયા હતા.. હંમેશા માટે! લોહીથી ખરડાયેલી - પીંખાયેલી ફરીદાની રૂહ ઓરડીની વચ્ચોવચ બેસી, પીડિત આંખે રાજના નિષ્ચેત શરીરને છોડી રહેલી જ્યોતિ સામે જોઈને ગાઈ રહી હતી, એ જ મોહક અવાજમાં...

"વક્ત કી કૈદ મેં ઝિંદગી હૈ મગર

ચંદ ઘડિયાં યહી હૈ જો આઝાદ હૈ....

## ૩૨. ફોરેન બોડી - હેલી વોરા

ડોશીમાં સીત્યોતેર વર્ષે ગામડેથી પુત્ર પાસે શહેર રહેવા આવ્યા અને તાવ આવ્યો. તેમનો પુત્ર ડોકટરને બતાવી તેમની સલાહ મુજબ બ્લડ ટેસ્ટ માટે લેબોરેટરી લાવ્યો. ગામડે કદી આવું કરાવેલું નહિ એટલે ડોશીમાં થોડી વિમાસણમાં પડ્યા. થોડી વારે લેબોરેટરીમાં કામ કરતો એક યુવક થોડો ફ્રી દેખાયો એટલે ડોશીમાં તેમની નજીક ગયા.

“બેટા આ લોહી તપાસવાની શું જરૂર? કાંઈ ચિંતાજનક છે?”

“ના બા.” તે હસ્યો. “જુઓ કોઈ ફોરેન બોડી એટલેકે વિદેશી કે બહારનું કણ આપણા શરીરમાં પ્રવેશે એને આપણું શરીર સ્વીકારે જ નહિ, એ બહારના કણ સામે સતત પ્રતિકાર કરે અને આ ઉત્પાતને કારણે તાવ આવે...”

“હં.... જેમ કુટુંબમાં વહુઓ આવે એમ.” તે સ્વગત બોલ્યા.

(માઇક્રોફિક્શન સ્પર્ધા ૨૦૧૭ની એન્ટ્રી)

## ૩૩. ઈજ્જત - પંકજ નાદીયા

સવારનાં દસ સુધીમાં બજાર લોકોથી ઉભરાવા લાગ્યું હતું. એટલામાં જ હાથમાં લાકડીઓ લઈને, જીપ અને ટ્રક ભરીને આવેલ ટોળાએ દુકાનો બંધ કરાવવા માંડી. ટોળાના નેતાએ બજારની વચ્ચેના ચોકમાં જઈને લાઉડ સ્પીકરમાં જાહેરાત કરી.

“આજે ફરી ગૌમાતાની હત્યા થઈ છે. આપણે સૌ ગાય માતાનાં સંતાનો દુ:ખ અનુભવીએ છીએ. ગૌમાતાની હત્યાના વિરોધમાં આજે શહેર બંધનું એલાન કરીએ છીએ. ગૌમાતાની કત્લેઆમનો બદલો લેવાશે. ગૌહત્યા એ ગાય માતાની બેઈજ્જતી છે જે અમે ક્યારેય સહન નહીં કરીએ. ગૌમાતાને ઈજ્જત અને સમ્માન અપાવવા અમે મરવા અને મારવા પણ તૈયાર છીએ. બોલો ગૌમાતા કી જય.”

આખો દિવસ ટોળું શહેરમાં ફરતું રહ્યું અને ગૌમાતાની રક્ષા અને સમ્માનના ભાષણો કરતું રહ્યું. રાતના નવ આસપાસ અમી રેલવે સ્ટેશને ઊતરી. શહેર બંધનું એલાન હોવાથી રીક્ષા ન મળતાં તેણે ચાલતા ઘરે જવાનું નક્કી કર્યું. રસ્તામાં કેટલાક નિશાચર નબીરાઓએ અમીને જોઈને લાળ ટપકાવી. શહેર બંધ, રાત, સૂમસામ સડક અને એકલી અમી. તેમણે અમીને પીંખી નાખી. દૂર ક્યાંક લાઉડ સ્પીકરનો અવાજ આવતો હતો. “ગૌમાતાને ઈજ્જત અપાવવા.. સમ્માન.. રક્ષા કાજે..”

બીજા દિવસે શહેરનાં તમામ છાપાં ગૌરક્ષકોની તસ્વીરો અને ભાષણોથી ભરેલા હતાં. મોટા અક્ષરે હેડલાઈન્સ હતી - ‘ગૌમાતાની રક્ષા માટે મરવા-મારવા તૈયાર.’ સૌથી નીચે ખૂણામાં નાના અક્ષરથી છપાયું હતું - ‘ચાર જણે ભેગાં મળી છોકરીની ઇજ્જત લૂંટી.’

(માઇક્રોફિક્શન સ્પર્ધા ૨૦૧૭ની એન્ટ્રી)

## ૩૪. ચોરી બુરી બલા હૈ.. - દર્શન ગાંધી

આજે તો તુષારનું આવી જ બન્યું. પ્રોજેક્ટ રિપોર્ટ તુષારે જાતે ન બનાવતા પોતાના સહાધ્યાયીમાંથી નકલ કરીને બનાવતા પપ્પાનુંતો મગજ છટકી ગયું.

તેમણે જાત મહેનત ઝિંદાબાદ અને બીજાના કામ પર આપણાંથી હક ન ભોગવાય - પર આખેઆખો નિબંધ સુણાવી દીધો.

આવતીકાલે રિપોર્ટ જમા કરાવવા માટેની આખરી તારીખ હોઈ, પપ્પાએ કંપનીનું લેપટોપ કાઢીને પોતાના પડોશીનો વાઇ-ફાઇ પાસવર્ડ નાખી તુષારને ઈન્ટરનેટ ચાલુ કરી દીધું, કહે લે હવે બનાવ રિપોર્ટ.

(માઇક્રોફિક્શન સ્પર્ધા ૨૦૧૭ની એન્ટ્રી)

## ૩૫. યાત્રા - અનુજ સોલંકી

"કેટલા ?"

"પોંચ આલો.." ને વહેલી સવારે મેં લંબાવેલી સોની કડકડતી નોટ જોઈ એના મોં પર સહેજે અંકાઈ ગયેલ તંગ રેખાઓનું ઝૂંડ, જાણે તેની સામે તલવાર ન ખેંચી હોય; તેમ ઉપસી આવી. બે ઘડી થયું કે, મેં ન્યૂઝપેપર માંગી કોઈ અક્ષમ્ય અપરાધ કરી દીધો.

"હું સા’બ, તમેય હવાર હવારમોં! સુટ્ટા આલો નં!" પણ હુંયે સાવ લાચાર; યાત્રામાં નીકળ્યો હતો, પણ વગર પરચુરણે.

"હોત તો આપી દીધા હોતને! આજુબાજું પૂછી જોને.." એ બે ઘડી મને જોઈ રહ્યો ને પછી કહે,

"લાઓ, સુટ્ટા લેતો આઉં.."

મનમાં થયું, અજાણ્યું સ્થળ; ક્યાંક ભાગી ગયો તો? ને મારા અવિશ્વાસની ચાડી ખાતો મારો ચહેરો જોઈ એ બોલ્યો, "રે'વા દો સા'બ, કો'ક ગલુડીયાનં પા'લ્લે ખવડાઈ દેજો!" મારા હાથમાં ન્યૂઝપેપર થમાવી એ ચાલતો થયો ને હું; એ કાયમી યાત્રીને જતા જોઈ રહ્યો.

(માઇક્રોફિક્શન સ્પર્ધા ૨૦૧૭ની એન્ટ્રી)

## મારી દ્રષ્ટિએ માઇક્રોફિક્શન : કાંકરી પરનું શિલ્પકામ - એન્જલ ધોળકિયા

"સૌ પથ્થરોનો બોજ તો ઊંચકી ગયા અમે
અમને નમાવવા હોય તો ફૂલો નો ભાર દે"

મરીઝની આ પંક્તિમાં જેમ એમના જીવનનો ચિતાર છે એમ જ મારી નજરે આ પંક્તિ માઇક્રોફિક્શનની સચોટતા અને વાચક પર એની અસરને પણ પ્રસ્તુત કરે છે. જી! સાહિત્ય જગતમાં વર્ષોથી સ્થાપિત ૧૦૦૦, ૨૦૦૦ કે ૫૦૦૦ શબ્દોની ભવ્ય વાર્તાઓ સામે આ નાનકડી ફૂલની પાંખડી જેવી ટચૂકડીઓ પોતાના પલડાને ધીમી પણ મક્કમ ગતિએ નીચું કરતી આવી છે. દરેક ભાષા અને માધ્યમમાં આ વાર્તાઓ પોતાનું સ્વરૂપ આજકાલ ઉજાળી રહી છે એ ઉડી ને આંખે વળગે તેમ છે. એક કોડિયું જોવામાં કદાચ નાનુસુ લાગે પણ અંધારા ઓરડામાં એને પ્રગટાવીને મૂકવાથી આખા ઓરડાને પ્રકાશિત કરવાનું એનું સામર્થ્ય પ્રતીત થાય છે. માઇક્રોફિક્શન વાર્તાઓનું પણ એવું જ છે. વખતોથી સાહિત્ય જગતનો ભાગ બનેલી આ નાનકડી જ્યોતિ આજે પોતાનું સામર્થ્ય બતાવી રહી છે.

માઇક્રોફિક્શનનો વ્યાપ અને ચલણ કદાચ થોડા સમયથી જ વધ્યાં છે એવું માનવામાં આવે છે, અને એટલેજ લોકોમાં આજકાલ એના સ્વરૂપ, રચના કે પ્રકાર વિશે ખાસ જિજ્ઞાસા જોવા મળે છે જેની ચર્ચા આ આર્ટિકલમાં નહીં કરીએ. કારણ કે એ માટે 'સર્જન' જેવું સમર્થ ગ્રુપ સતત કાર્યરત છે જ. પરંતુ આપણી વચ્ચે વર્ષોથી શ્વસતી આ વાર્તાઓની સાદી સમજ મારે આજે આપવી છે. શા માટે આ કાંકરી મોટા મોટા પર્વત સમાન હૈયાંઓને વલોવી નાખવાનું સામર્થ્ય ધરાવે છે એની થોડી વાત કરીએ!

માઇક્રોફિક્શન વાર્તાઓ આજે દરેક પ્લેટફોર્મ પર "ટ્રેન્ડિંગ" કેટેગરીમાં મૂકાઈ ગઈ છે એનું એકમાત્ર કારણ એ ઓછા સમયમાં વંચાઈ જાય છે એટલું જ માત્ર છે કે એની પાછળ બીજા પરિબળો પણ છે? સરળ રીતે કહીએ તો

માઇક્રોફિક્શન એટલે વાર્તા જે ઓછા શબ્દોમાં ઘણું કહી જાય છે. ૨૦૦, ૧૦૦ કે ૫૫ કે એથીય ઓછા શબ્દોમાં એક નવલકથા કે લઘુકથા જેટલું જ વાર્તા તત્વ અને સત્વ એમાં રહેલા હોય છે.

વર્ષોથી દરેક સંસ્કૃતિ અને ભાષામાં "સુવિચાર" કે "વન લાઈનર્સ" નું આગવું સ્થાન રહ્યું છે. એવું ક્યારે વિચાર્યું કે શા માટે? મને હંમેશા માઇક્રોફિક્શનનું મહત્વ આ સુવિચારો જોડે સંકળાયેલું લાગ્યું છે. સુવિચાર ટૂંકા હોવાથી યાદ રહે અને સાથે અસરકારક પણ રહે. એ જ રીતે કોઈ મેસેજ જ્યારે વાર્તા સ્વરૂપે વાચકના મન સુધી પહોંચાડવો હોય ત્યારે કદાચ લાંબી મોટી વાર્તા કે આર્ટિકલ જે કામ ન કરે એ માઇક્રોફિક્શન કરી જતી હોય છે! કારણકે એ કોન્સન્ટ્રેટેડ એફર્ટ છે. મૂળ વિચાર વર્ણનમાં કદાચ ખોવાઈ કે બટાઈ જવાનો ભય છે જે માઇક્રોફિક્શનમાં નથી હોતો. ડોક્ટરે આપેલી ગોળી જેમજ સ્તો!

દા. ત. ડાયરીમાં વંચાયું, "વરસાદમાં તને યાદ ન કરવાનો નિર્ણય હવાઈ જાય છે હંમેશાં... " (એન્જલ ધોળકિયા)

૧૦ જ શબ્દોમાં પ્રેમ, અતિ પ્રેમ, વિરહ અને વિખુટા પડ્યા પછીની અસરનું વર્ણન વાંચકને સમજાઈ જાય છે. એ સામર્થ્ય આ ટચૂકડી વાર્તાઓ જ આપે છે.

વાચક માટે આગળ એક વાક્યમાં અપાયેલી વ્યાખ્યા પૂરતી છે પરંતુ એને સાર્થક કરવી લેખક માટે એટલીજ અઘરી બને છે. લેખકે વાર્તાના પોત અને મૂળભૂત વિચાર તંતુને નુકસાન પહોંચાડ્યા સિવાય ભાષાકીય સુંદરતા સાથે વાર્તાને વાચક સામે મુકવાની જવાબદારી હોય છે. જે એક ખૂબ મોટી અપેક્ષા છે. લેખક પાસે શબ્દસમુહો, રૂપકો અને ઓછામાં ઘણું કહેવાની કળા હોય તોજ એ સુંદર માઈક્રો નું સર્જન કરી શકે છે. માઇક્રોફિક્શન ઘટના, ટુચકો કે માત્ર વાક્યોનો સમૂહ નથી એ ખાસ ધ્યાનમાં રાખવાની બાબત છે. એ એક સંપૂર્ણ વાર્તા જ છે માટે પાત્ર, વર્ણન અને સ્થાન પણ સચોટ હોવા જરૂરી છે. ઓછા શબ્દો હોવાથી એ નીરસ કે અકાલ્પનિક ન બની જવી જોઈએ.

ચંદ્રકાન્ત બક્ષીએ કહેલું કે ટેબલ ખુરશી પર આરામથી બેઠેલા લેખકો હંમેશા લોકોની ઇર્ષ્યાનું કેન્દ્ર બન્યા છે પણ લેખકો હકીકતમાં કાળી મજૂરી કરતા હોય છે. એ સંદર્ભમાં માઇક્રોફિક્શનનો લેખક મારે મતે સોનાની કણી પર નકશીકામ કરતો કે કાચમાં કાપા પાડી એને હીરામાં પરિવર્તિત કરતો કારીગર છે! જેમાં મહેનત અને કળા બંનેનો સમન્વય હોય તોજ એ સારું કામ આપી શકે. જ્યારે એક વાચક તરીકે આંખના ખૂણા ભીના કરતી કોઈ નાનીસી વાર્તા હાથમાં આવે ત્યારે ભૂલતા નહીં કે એ કોઈ શબ્દોના કારીગરની વિરાટ દેન છે...

તા. ક. આજકાલ વોટ્સએપ કે ફેસબુકના વ્યાપ સાથે માતૃભાષાને એક સરસ ધક્કો મળ્યો છે, પરંતુ એ સાથેજ આવી કપરી મહેનતથી લખાયેલી ટચૂકડીઓ લેખકના નામ વિના બસ અનામી મેસેજ તરીકે એક થી બીજા મોબાઈલમાં આગળ ધપ્યે જાય છે. એક જવાબદાર વાચક તરીકે લેખક અને કૃતિનું માન જાળવવું એ વાંચકનો ધર્મ છે. આશા છે આ લેખ તમારી આંગળીઓને કોઈની મહેનતને દાદ આપવાના કામમાં લગાડશે.

## સર્જન આઠમા અંકનું વિહંગાવલોકન - અજય ઓઝા

એક એકથી ચડિયાતા અંક આપવાની શૃંખલામાં સર્જનનો આઠમો અંક પણ સંપૂર્ણ સફળ રહ્યો.

સંપાદકીય ટચૂકડા તોફાનો માણ્યા બાદ પ્રારંભે જ સ્પર્શી ગયેલી કૃતિ 'ખુલાસો' જેમાં ત્રણ અલગ અલગ ખુલાસા વાતને જબરું વજન પૂરું પાડે છે. 'એક બટકું' અને 'અલાર્મ' માઇક્રોફિક્શન સુંદર રહી. ઓછા શબ્દોમાં મોટી વાત લઈને આવેલી 'યાદ' સરસ ઉપસાવી શકાઈ છે. માઇક્રોફિક્શન 'છાપું' કેટલાક સોંસરવા લસરકાઓને કારણે અદભુત બની છે. 'ઈફ્તારી' અને 'નમાયો' માઇક્રોફિક્શન પણ સુંદર રીતે આલેખાઈ છે.

રામ મોરીએ આપેલા જવાબોથી મનમાં એના માટે ગર્વ અને ખુશી થાય છે.

ભરૂચ અને રાજકોટના મેળાવડાઓના ફોટા જોઈ ભાવનગરના મિત્રો પણ હવે ઉત્સાહ બતાવશે એ નક્કી!

અંગ્રેજી કૃતિઓનો સ્વાદ પણ માણવો ગમ્યો જ.

સુંદર ટીમવર્ક માટે અભિનંદન.

'સર્જન' તરફથી સર્વેને દિપોત્સવીની હાર્દિક શુભકામનાઓ અને નવા વર્ષના સાલ મુબારક.